# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો
## રીંછડી (જિ. બનાસકાંઠા)

અહેવાલ લેખન :
ચંદ્રકાન્ત પટેલ

: સંકલન :
ડૉ. ઠાકોરભાઇ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ–૩૮૦૦૧૪

300

૧૯૯૧

## -:: અનુક્રમણિકા ::-


| | | | |
|---|---|---|---|
| પ્રકરણ- ૧ | : | પ્રાસ્તાવિક અને વિસ્તાર પરિચય | ૧ થી ૧૪ |
| પ્રકરણ-૨ | : | ભૌતિક સંસ્કૃતિ | ૧૫ થી ૨૧ |
| પ્રકરણ-૩ | : | સામાજિક જીવન | ૨૨ થી ૩૬ |
| પ્રકરણ-૪ | : | આર્થિક જીવન | ૩૭ થી ૬૫ |
| પ્રકરણ-૫ | : | ૧૯૮૯માં આદિવાસીઓમાં દેખાતા પરિવર્તનો | ૬૬ થી ૭૬ |
| પ્રકરણ-૬ | : | અભ્યાસ આધારિત પ્રશ્નો તારણો અને સૂચનો | ૭૭ થી ૮૫ |


-૦-૦-૦-

# -:: કોઠા સૂચિ ::-


| કોઠા નં. | વિષય | પા.નં. |
|---|---|---|
| | **પ્રકરણ-૧ :-** | |
| ૧.૧ | ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં અભ્યાસના કુટુંબો | ૦૪ |
| ૧.૨ | વર્ષવાર વરસાદના આંકડા | ૦૯ |
| ૧.૩ | વસતિની માહિતી-૧૯૮૧ (ગુજરાત, બનાસકાંઠા, દાંતા અને રીંછડી) | ૧૨ |
| | **પ્રકરણ-૨ :-** | |
| ૨.૧ | સર્વેક્ષિત કુટુંબોની મિલકત (કિંમત રૂપિયામાં) | ૨૦ |
| | **પ્રકરણ-૩ :-** | |
| ૩.૧ | સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબ સંખ્યા | ૨૨ |
| ૩.૨ | તપાસના કુટુંબોમાં વૈવાહિક દરજ્જો | ૨૩ |
| ૩.૩ | તપાસના કુટુંબોમાં શિક્ષણ | ૩૬ |
| | **પ્રકરણ-૪ :-** | |
| ૪.૧ | કામ કરતી વસતિની ટકાવારી | ૩૮ |
| ૪.૨ | જુદા જુદા વ્યવસાયમાં કામ કરતી વસતિ(૧૯૮૧ ટકામાં) | ૩૯ |
| ૪.૩ | જમીનના કદ પ્રમાણે કુટુંબો અને જમીન વહેંચણી | ૪૩ |
| ૪.૪ | ખેતીના સાધનો | ૫૦ |
| ૪.૫ | જમીનના કદ પ્રમાણે જુદા જુદા પાકોનું એકરદીઠ ઉત્પાદન (રૂપિયામાં) | ૫૧ |
| ૪.૬ | જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ ખેતીખર્ચ (રૂપિયામાં) | ૫૩ |
| ૪.૭ | જમીનના કદ પ્રમાણે ધંધાવાર કુલ કુટુંબદીઠ વાર્ષિક અને માથાદીઠ આવક | ૫૬ |
| ૪.૮ | જમીનના કદ પ્રમાણે પશુઓની સંખ્યા | ૬૦ |
| ૪.૯ | કુટુંબદીઠ વાર્ષિક નિર્વાહ ખર્ચ | ૬૨ |
| ૪.૧૦ | જમીનના કદ પ્રમાણે નિર્વાહખર્ચ કુટુંબદીઠ (ટકામાં) | ૬૫ |
| ૪.૧૧ | કુટુંબદીઠ આવક, ખર્ચ તથા દેવું | ૬૬ |

| કોઠા નં. | વિષય | પા.નં. |
|---|---|---|
| ૪.૧૨ | દેવાના સાધન પ્રમાણે દેવાનું વર્ગીકરણ | ૬૭ |
| ૪.૧૩ | દેવાના હેતુ પ્રમાણે વર્ગીકરણ | |
| | <u>પ્રકરણ-૫</u> :- | |
| ૫.૧ | પ્રકારની દૃષ્ટિએ કુટુંબોનું વર્ગીકર ણ | ૭૨ |
| ૫.૨ | કદ પ્રમાણે કુટુંબના સભ્યોની સંખ્યા (ટકામાં) | ૭૩ |
| ૫.૩ | વૈવાહિક દરજ્જો (ટકામાં) | ૭૪ |
| ૫.૪ | શિક્ષણ પ્રમાણે વસતિના આંકડા (ટકામાં) | ૭૫ |
| ૫.૫ | તપાસના ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ના કુટુંબોની સંખ્યા | ૭૮ |
| ૫.૬ | જમીન ધારણ પ્રમાણે કુટુંબોની વહેંચણી (ટકામાં) | ૭૯ |
| ૫.૭ | દરેક કુટુંબદીઠ સરેરાશ જમીન | ૮૦ |
| ૫.૮ | જમીનના કદ પ્રમાણે કુટુંબો (ટકામાં) | ૮૧ |
| ૫.૯ | જુદા જુદા કદ ધારણ પ્રમાણે કુટુંબોની દેવા-વિષયક પરિસ્થિતિ | ૮૬ |


-o-o-o

# -:: પ્રકરણ - ૧ ::-

## -:: પ્રાસ્તાવિક અને વિસ્તાર પરિચય ::-

### પ્રાસ્તાવિક :-

૧૯૮૧ પ્રમાણે રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ ૧૪.૨૨ ટકા છે. તેમાં જુદી જુદી ૨૮ અનુસૂચિત જનજાતિઓનો સમાવેશ થાય છે. આ ૨૮ આદિવાસી જાતિમાંથી કેટલાક જૂથોની વસતિ વધુ છે તો કેટલાક જૂથોની વસતિ બહુ જ થોડી છે. ૧૯૬૯માં આદિવાસી કેન્દ્ર તરફથી એવું નકકી કરવામાં આવ્યું કે રાજ્યમાં જે આદિવાસીઓની વસતિ એક લાખ કરતાં વધુ હોય તેના સાંસ્કૃતિક અને સામાજિક-આર્થિક અભ્યાસો કરવાના, એ મુજબ સઘન આદિવાસી વસતિ ધરાવતા વલસાડ, સુરત, ભરુચ, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ જિલ્લામાંથી જે તાલુકામાં વધુ સંખ્યામાં એક લાખ કરતાં વધુ વસતિવાળી જાતિઓ હોય તે તાલુકા પસંદ કરવા. આ રીતે ઉપરોક્ત સાત જિલ્લામાંથી ૧૧ તાલુકા પસંદ કરી ૧૧ ગામોનો અને તેમાં વસતા આદિવાસી કુટુંબોનો સામાજિક-આર્થિક અભ્યાસ કરવાનું નકકી થયું હતું. એ મુજબ બનાસકાંઠા જિલ્લામાંથી (તા. દાંતા) 'રીંછડી' ગામ પસંદ થયું હતું. તપાસમાં ગામમાં વસતા આદિવાસી કુટુંબોને આવરી લેવાયાં હતાં, કેમકે ગામમાં બધાં જ કુટુંબો આદિવાસી હતા. સાથે એક બાબતનો ઉલ્લેખ કરીએ ૧૯૬૦-૬૧માં સેન્સસ તરફથી આ ગામની સામાજિક-આર્થિક તપાસ થઈ હતી તેથી ખાસ કિસ્સા તરીકે આ ગામ લીધું હતું.

આદિવાસી [illegible] અહીં મુખ્યત્વે એક જ જાતિ ડુંગરી (ભીલના) કુટુંબો હતા. આ જે અભ્યાસ થયો હતો તેની વિગતો અને માહિતી ફાઈલ સ્વરૂપે રહ્યા હતા. ૧૯૭૯-૮૦માં કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે સૂચન કર્યું કે ૧૯૬૯-૭૦માં આપણે જે ગામ અને કુટુંબોનો અભ્યાસ કર્યો હતો તેના તેજ કુટુંબોનો ૧૯૭૯-૮૦ના વર્ષમાં અભ્યાસ કરવામાં આવે તો તેમાં વસતા કુટુંબોમાં ક્યાં, કેવું અને કઈ રીતનું પરિવર્તન આવ્યું છે તે જાણી શકાય. આ સૂચનને આધારે ૧૯૭૯-૮૦ના વર્ષમાં માત્ર દાહોદ જિલ્લાના પસંદ કરેલ ગામોમાં વસતા કુટુંબો કે જેનો અભ્યાસ ૧૯૬૯-૭૦માં થયો હતો તેનો અભ્યાસ કરી અહેવાલ સાયક્લો સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યા હતા.

૧૯૮૯-૯૦ના વર્ષની વાર્ષિક બેઠક મળી તેમાં કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે જણાવ્યું કે આજથી ૨૦ વર્ષ પહેલાં જે ગામો પસંદ કરી અભ્યાસ કર્યો હતો અને પુનઃ તપાસ ૧૯૭૯-૮૦ માં કરી હતી એ અભ્યાસો પરથી આદિવાસીઓની બદલાયેલી સ્થિતિ પાયાની સુવિધાઓમાં ફેરફાર વગેરે ઘણું બધું જાણવા મળ્યું હતું. હવે તો પ્રથમ અભ્યાસ અને અત્યારના સમય (૧૯૮૯) વચ્ચે વીસ વર્ષનો સમય વિતી ગયો છે. આ ગાળા દરમિયાન આદિવાસીઓ માટે ''સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના'' આ યોજનાના જ એક ભાગરૂપે ''બીજરૂપ અંદાજપત્ર'' અને એવી જ બીજી ઘણી યોજનાઓથી આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રી તરફથી પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. તો આ બધાની અસર આદિવાસીઓના જીવન,

સંસ્કૃતિ પર અને તેઓના આર્થિક વિક[illegible] થઈ છે અને તેઓમાં ક્યાં ક્યાં નોંધપાત્ર ફેરફાર થયા છે તે ફરી તપાસવું જોઈએ, આ સૂચનને બધાંએ સહર્ષ સ્વીકાર્યું અને તેના ભાગરૂપે ''રીંછડી'' (તા.દાંતા જિ. બનાસકાંઠા) ગામમાં વસતા ડુંગરી (ભીલ) કુટુંબોનો અભ્યાસ કરી તેમાં છેલ્લા બે દાયકામાં કેવું પરિવર્તન આવ્યું છે તે બતાવવાનો પ્રયાસ આ અહેવાલમાં કર્યો છે.

<u>તપાસના ઉદ્દેશો</u> :-

સરકારશ્રી તરફથી આદિવાસીઓ માટે ઘણી યોજનાઓ ચલાવાય છે. આ ઉપરાંત છેલ્લા બે દાયકામાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણ, વાહન-વ્યવહાર અને સંદેશા વ્યવહારમાં થયેલ વધારો, વ્યવસાયોમાં આધુનિકરણ શિક્ષણમાં પ્રગતિ વગેરેને લઈને આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં અને જીવનમાં કેવા પરિવર્તનો આવ્યા છે તેમજ ગામમાં પાયાની સુવિધાઓ અન્ય સગવડોમાં ફેરફાર થયા છે કે કેમ વગેરે જાણવાનો મુખ્ય ઉદ્દેશ આ અભ્યાસ પાછળ રહેલો છે.

<u>તપાસ પ્રવિધિ</u> :-

ગામની તપાસ સર્વે પધ્ધતિથી હાથ ધરવામાં આવી હતી. ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામમાં કુલ ૫૧ કુટુંબો નોંધાયેલા હતા જેમાંથી ૧૯૬૯ની તપાસ વખતે તે બધા આદિવાસી કુટુંબો પસંદ થયા હતા. આજ કુટુંબોનો અભ્યાસ ૧૯૭૯માં કરવામાં આવ્યો હતો. અહીં એક બાબતની સ્પષ્ટતા કરવાની કે આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ જે તે કુટુંબોમાં

આવેલ પરિવર્તન તપાસવાનો હતો, તેથી ૧૯૬૯ની તપાસમાં જે લીધા હતા. તેમાંના કેટલાક કુટુંબોના વડાઓના મૃત્યુ થવાથી ૧૯૭૯માં ૫૧માંથી ૩૮ આદિવાસી કુટુંબોનો સંપર્ક સાધી શકાયો હતો.

જ્યારે આ અભ્યાસ (૧૯૮૯) દરમિયાન અમારા સર્વે મુજબ ૩૮ આદિવાસી કુટુંબોમાંથી ૧૬ કુટુંબના વડાના મૃત્યુ થવાથી ૨૨ કુટુંબના વડાનો સંપર્ક સાધી શકાયો હતો. છેલ્લા બે દાયકા દરમિયાન અભ્યાસમાં કેટલા કુટુંબો ફાંદ થયા હતા તે નીચેના ચિત્રથી વધુ સ્પષ્ટ થશે.

-:: <u>કોઠા નં. ૧.૧</u> ::-

-:: <u>૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં અભ્યાસના કુટુંબો</u> ::-

| ક્રમ | વિગત | ફાંદ થયેલ કુટુંબો | | |
|---|---|---|---|---|
| | વર્ષ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| ૧. | કુટુંબો | ૫૧ | ૩૮ | ૨૨ |

આગળ દર્શાવેલ ચિત્રથી એ જોવા મળે છે કે છેલ્લા બે દાયકામાં તપાસમાં ફાંદ થયેલા કુટુંબોમાંથી બે દાયકા દરમિયાન ૫૬.૮૬ ટકા કુટુંબના વડાઓના મૃત્યુ થયા છે. ફાંદ પામેલ કુટુંબોની વિગત નીચેની સૂચિઓથી મેળવી હતી.

૧. <u>અનુસૂચિ</u> :-

કુટુંબના સભ્યોની સામાન્ય માહિતી, તેઓનું શિક્ષણ, જમીન, ઘર, ઘરવખરી, આવક, ખર્ચ, દેવું, તેઓનું આરોગ્ય અને સરકારશ્રી તરફથી મળેલ સહાય તેમના કુટુંબના વિકાસ અને ઉત્થાન માટે શેની જરૂરિયાત છે વગેરે મુખ્ય મુદ્દાઓનો ધ્યાનમાં રાખી એક અનુસૂચિ બનાવી હતી. જેનો નમૂનો પરિશિષ્ટ-૧માં છે. આ બધી જ વિગતો કુટુંબના વડાનો કે તેમના કોઈ જવાબદાર સભ્યનો વ્યક્તિગત સંપર્ક કરી મેળવી હતી.

૨. <u>મુલાકાત</u> :-

પ્રશાસનમાં કામ કરનાર અધિકારી, ગામના અને સામાજિક આગેવાનો, સામાજિક કાર્યકર, સ્કૂલના શિક્ષકો વગેરેને મળી ગામમાં મળતી પ્રાથમિક સુવિધા, ગામની સુવિધા માટે સરકારશ્રી તરફથી કે સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા તરફથી મળેલ સહાય, ગામના પ્રશ્નો, વિકાસ માટેના આગેવાનોના સૂચનો વગેરે માહિતી મુલાકાતથી લીધી હતી.

૩. <u>નિરીક્ષણ</u> :-

કુટુંબના સભ્યો શું કામ કરે છે. કોણ શું કામ કરે, ખેતીકામ અને તેમના જન્મથી મૃત્યુ સુધીના રિવાજો વગેરે જાણવા માટે સહભાગી અને અસહભાગી નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત રીંછડી ગામની અને ત્યાંની વસતિની કેટલીક વિગતો જોવા માટે ગ્રંથાલયનો પણ ઉપયોગ કર્યો હતો.

## -:: વિસ્તાર પરિચય ::-

### ભૌગોલિક પરિસ્થિતિ :-

### બનાસકાંઠા જિલ્લો :-

બનાસકાંઠા જિલ્લો ગુજરાતની ઉત્તરે આવેલો સરહદી જિલ્લો છે. છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યના અમુક જિલ્લાને પછાત ગણવામાં આવે છે. આમાં બનાસકાંઠાનો સમાવેશ થાય છે. સમગ્ર જિલ્લો કુલ ૧૨૭૦૩ ચો. કિ.મીના વિસ્તારમાં પથરાયેલો છે. જિલ્લાની ઉત્તરે અને પૂર્વમાં રાજસ્થાન, અગ્નિ ખૂણામાં સાબરકાંઠા જિલ્લો, દક્ષિણે મહેસાણા જિલ્લો, પશ્ચિમે અને નૈઋત્ય ખૂણે કચ્છ જિલ્લો આવેલો છે.

જિલ્લાની મોટી નદીઓમાં બનાસ, સરસ્વતી, સિપ્રુ ઉપરાંત બીજી નદીઓમાં જોયણ, અર્જુના, ઉમરદશી, બાલારામ, લડલી, રેલ, લુણી છે.

જિલ્લો કુલ જુદા જુદા ૧૧ તાલુકાનો બનેલો છે. જેમાંનો એક તાલુકો દાંતા છે.

### દાંતા તાલુકો :-

દાંતા તાલુકાની ઈશાન ઉત્તરે રાજસ્થાન, પશ્ચિમે વડગામ અને પાલનપુર તાલુકા છે. અગ્નિપૂર્વમાં સાબરકાંઠા જિલ્લો અને દક્ષિણે મહેસાણા જિલ્લો છે. તાલુકાનો વિસ્તાર ૮૫૭.૨ ચો. કિ.મી. છે. તેની ઉત્તરે-દક્ષિણ લંબાઈ ૩૮ કિ.મી. અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૩૨ કિ.મી.ની છે. જમીન મોટાભાગની ગોરાડુ અને રેતાળ છે. નદીઓના ભાઠામાં કાંપની ફળદ્રુપ જમીન છે. તાલુકામાં સરસ્વતી, અર્જુના, કીડા,

ધાંમણાવ, ખારી, ભમરોજ, અરપવાલ, સાબરમતી, નાગ, નોડવતી નદીઓ છે જ્યારે હડાદ, સાંઢોસી, સોલસંડા, કમલિયું, પીંપોદરા અને વસી તળાવો છે. તાલુકામાં મુખ્યત્વે પાક મકાઈ ઉપરાંત ચણા, ઘઉં, કપાસ, રાઈ છે. તાલુકાનો મોટોભાગ ડુંગરાળ પ્રદેશનો છે જેમાં આરાસુર, ધોડીવાળો, હરીખોજ, મેરાયો, ગબ્બર, માણેકનાથ, ભદ્રમાળ, ભેંસો ડુંગરો છે. તાલુકામાં બસ વ્યવહારની ખૂબ સારી સગવડ છે. રેલ્વે વ્યવહાર નથી. ખાસ જોવાલાયક સ્થળોમાં અંબાજીનું સુપ્રસિધ્ધ મંદિર છે.

તાલુકાની ૧૯૮૧ની ગણતરી પ્રમાણે ૧૦૨૧૦૦ની વસતિ છે. જે પૈકી ૪૬૯૭૯ની આદિવાસી વસતિ એટલે કે ૪૬ ટકા અને ૪૧૪૮ની હરિજન વસતિ એટલે ૪ ટકાની છે. આમ તાલુકાનો મોટાભાગનો વિસ્તાર આદિવાસી છે. ઈતર જાતિઓમાં પટેલ, વાણિયા, બ્રાહ્મણ, કુંભાર, ઠાકરડા, મુસલમાન, સુથાર, રાજપૂત, ગઢવી, દરજી, લુહાર, સોની, લખવારા, રબારી, બજાણીયા, રાવળ વગેરેની વસતિ છૂટી-છવાઈ છે. તાલુકામાં મોટી રોજગારી નથી પરંતુ હડાદ ધાગડીઆ સિમેન્ટ ફેક્ટરી કે જગદંબા, શ્રીરામ, રાધાકિશન સિમેન્ટ છે જેથી આદિવાસીઓને મજૂરી મળી રહે છે. આ સિવાય ૧૫ આરસની ફેક્ટરીઓ, ૩૦ આરસની ખાણો આવેલી છે તેમજ લીઝ હોલ્ડરો ૩૫ જેટલા છે. લાઈમ સ્ટોનના ૨૦ હોલ્ટરો છે. તાલુકામાં એક પેટ્રોલપંપ અને એક ડીઝલપંપ છે. એ સિવાય ડેરીનું એક શીતકેન્દ્ર છે. તારંગાથી આમૈયા સુધી રેલ્વેલાઈન છે. તાલુકામાં ૧૪ જેટલા તળાવો ધ્વારા સિંચાઈ થાય છે જે માત્ર શિયાળા પૂરતી છે. બીજા જળાશયો કે ટયુબવેલ તાલુકામાં નથી.

તાલુકામાં મોટાભાગની વસતિ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ છે. કારણ કે અહીં ત્રણ સિમેન્ટ ફેકટરીઓ સિવાય કોઈ ઔદ્યોગિક એકમ નથી. અહીંની ખેતીનો સીધો સંબંધ વરસાદ અને આબોહવા સાથે રહેલો છે. તાલુકાની આબોહવા ખૂબ વિષમ છે. શિયાળે સખત ઠંડી, ઉનાળે વૃક્ષો ઓછા હોવાને કારણે સખત ગરમી અને લૂ વાય છે. ચોમાસે વરસાદની અનિયમિતતા અને ખેંચ હોય છે. દાંતા તાલુકામાં વરસાદ સરેરાશ ૧૪ વર્ષનો એટલે કે ૧૯૭૭ થી ૧૯૮૯ સુધીનો ૫૫૭ મિ. મિ. છે. આ વરસાદની ઋતુ જૂનથી ઓકટોબર છે. તાલુકામાં વરસાદનું પ્રમાણ એકંદર ઓછું છે. અગાઉના અહેવાલમાં ૧૯૫૨થી તાલુકામાં કેટલો વરસાદ પડયો છે તેની વિગતો આપી છે. આ અભ્યાસ અહેવાલમાં ૧૯૭૭થી ૧૯૮૯ સુધીનો વરસાદ આપ્યો છે. આ આંકડાઓ પરથી વરસાદની અનિયમિતતાનો પણ ખ્યાલ આવશે.

-: <u>કોઠા નં. ૧.૨</u> ::-

| ક્રમ | વર્ષ | વાર્ષિક વરસાદ મિ.મિ.માં |
|---|---|---|
| ૧. | ૧૯૭૭ | ૮૪૫ |
| ૨. | ૧૯૭૮ | ૫૧૩ |
| ૩. | ૧૯૭૯ | ૬૨૦ |
| ૪. | ૧૯૮૦ | ૪૩૬ |
| ૫. | ૧૯૮૧ | ૪૯૨ |
| ૬. | ૧૯૮૨ | ૫૭૭ |
| ૭. | ૧૯૮૩ | ૯૩૧ |
| ૮. | ૧૯૮૪ | ૪૫૦ |
| ૯. | ૧૯૮૫ | ૩૮૮ |
| ૧૦. | ૧૯૮૬ | ૪૬૨ |
| ૧૧. | ૧૯૮૭ | ૧૦૯૨ |
| ૧૨. | ૧૯૮૮ | ૩૦૪ |
| ૧૩. | ૧૯૮૯ | ૬૮૫ |

આ તાલુકામાં અરવલ્લીની હારમાળા તથા થોડા જંગલો હોવાને કારણે વરસાદનું પ્રમાણ સારું રહે છે. છેલ્લા કેટલાક વર્ષોના વરસાદના આંકડા ઉપર મુજબ છે. જો કે દાંતા તાલુકામાં વરસાદના આંકડા વધુ યોગ્ય ગણાય. સામાન્ય રીતે ઉપરના આંકડા જોતાં જણાશે કે ૨૦ ઈંચ કરતાં વધારે વરસાદ આ તાલુકામાં પડે છે અને આટલો વરસાદ હલકા ધાન્ય બાજરી, મકાઈ, કઠોળ વગેરેની ખેતી માટે અનુકૂળ હોય છે. જો કે ૧૯૮૫માં માત્ર ૩૮૮ મિ.મિ. વરસાદ ન નોંધાયો હતો. ૧૯૮૭માં ૧૦૯૨ મિ.મિ. જેટલો ભારે વરસાદ નોંધાયો છે.

**રીંછડી :-**

દાંતા તાલુકાના ૧૮૬ ગામો આવેલા છે જેમાંથી માંડલીયારા, જોરાપુરા, [illegible] ગામો ધરોઈ જલાગાર યોજનામાં સંપૂર્ણપણે ડૂબમાં ગયેલા છે. વુનાલી ગામનો સુબો ચેકડા ગામમાં ભેળવ્યો છે. તેમજ મોટી મંડાલી-નાની મંડાળીનું રેવન્યુ રેકર્ડ એક છે. એટલે ૧૮૬-માંથી ઉપરોકત પાંચ ગામ બાદ થતાં ૧૮૨ ગામોની આનાવારી કરાય છે. આ ૧૮૨ ગામોમાંનું એક ગામ રીંછડી છે. આ ગામ ગુજરાતની ઉત્તરે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલું છે. તાલુકાનું મુખ્યમથક દાંતા અને જિલ્લાનું મુખ્ય મથક પાલનપુર છે. પાલનપુર એ અમદાવાદ દિલ્હી રેલ્વે માર્ગ ઉપર આવેલું છે. પાલનપુરથી દાંતા અને દાંતાથી અંબાજીનો પાકો રસ્તો છે. અંબાજી એ ગુજરાતીઓનું પ્રખ્યાત યાત્રાનું ધામ છે. તે આરાસુરની ટેકરીઓમાં આવેલું છે. પસંદ કરેલ રીંછડી ગામ અંબાજીથી માત્ર બે માઈલ દૂર થાય. આ ગામ જવા માટે અંબાજીથી કોઈ પાકો રસ્તો નથી પણ કાચા રસ્તાથી વાહનવ્યવહાર થાય તેમ છે. ગામની સરહદ અંબાજી, કુંભારીયા વગેરે ગામો સાથે જોડાયેલી છે. આખુ ગામ બે ભાગમાં વહેંચાયેલું છે. ગામ રીંછડી અને ટેકરીઓની નીચે આવેલ વિસ્તાર જેને ધાર તરીકે ઓળખવામાં આવે છે. એટલે ગામની વસતિ ટેકરીઓની ઉત્તરે અને અર્ધી દક્ષિણે વસે છે. ધારમાં જવા માટે પગદંડી જ માત્ર છે. શિયાળે, ઉનાળે તો આ રસ્તે ખાસ મુશ્કેલી પડતી નથી. ચોમાસે પર્વતોના ચઢાણ, ઉતરાણ મુશ્કેલ હોય છે. આથી ધાટના કુટુંબોને અંબાજી જવા-આવવામાં મુશ્કેલી રહે છે એ સિવાય રીંછડી જવા કુંભારીયાથી પણ રસ્તો છે. હાલ જયાં રીંછડી ગામ છે ત્યાં પ્રથમ

સખત જંગલ હશે અને માનવ વસતિ ખૂબ ઓછી હશે [illegible] છે. અહીંના લોકોનો મુખ્ય ધંધો શિકાર તથા જંગલમાંથી મ[illegible] ફળ તથા કંદમૂળ હશે પરંતુ પાછળથી જંગલો કાપવાથી વસતિ વધવાથી બીજા લોકોના સંસર્ગમાં આવવાથી ખેતી પોશાકની શરૂઆત થઈ [illegible] પહેલાંના ઈતિહાસમાં વર્ણન છે. હાલમાં અહીં જંગલી પશુઓનો ભય નથી અને ભીલ લોકોનું પહેલાંનું વર્ણન છે તે કરતાં તદ્દન જુદી સંસ્કૃતિ આજે જોવા મળે છે.

ગામની જમીન રેતાળ અને જલ્દી સુકાઈ જાય તેવી છે. જમીનમાં ભેજ સંગ્રહવાની શકિત બહુ ઓછી છે. રીંછડી અને ધાર એ બેની જમીનમાં પણ તફાવત છે. રીંછડીની જમીન કંઈક અંશે સપાટ તથા ફળદ્રુપ છે જ્યારે ધારની જમીન ખૂબ જ ઢોળાવવાળી તથા ખડકાળ છે. આ જમીનમાં ધોવાણ ખૂબ જ વધારે થાય છે. વળી ધારની ખેતીની જમીન વચ્ચે જંગલ વિસ્તાર આવેલો છે આને કારણે ખેતીમાં ખરાબો પણ હોય છે. રીંછડીના ઘણાખરા વિસ્તારમાં આવી મુશ્કેલી નથી. બીજું રીંછડી નીચાણવાળા વિસ્તારમાં આવેલું હોવાથી ત્યાં કુવા, તળાવ ધ્વારા પાણી મેળવી શકાય છે જ્યારે ધારનો પ્રદેશ ઉંચાઈ પર હોવાથી અને ખડકાળ હોવાથી કૂવા ધ્વારા કે તળાવ ધ્વારા પાણી મેળવવાની મુશ્કેલી રહે છે. ધારમાં કૂવા છે પણ ખેતીની સિંચાઈ માટે ઉપયોગી નથી જ્યારે રીંછડીમાં ૧૨ કૂવા, વાવ અને તળાવથી સિંચાઈ કરવાની સગવડ છે. આમ એક જ ગામના આ બે વિભાગો વચ્ચેની જમીનમાં ફેર છે.

ગામમાં મુખ્યત્વે રીંછડી અને ધારના ફળિયાઓમાં ભીલ-ગરાસિયાઓની વસતિ છે. પાંચેક જેટલા મલ્લના કુટુંબો થોડા વર્ષોથી

રીંછડીમાં આવીને વસેલા છે. આ રીંછડી અને ધારના બધા જ કુટુંબો પોતાની જમીન હોય ત્યાં છૂટક છૂટક ઘર બાંધીને વસે છે.

૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ૬૩ કુટુંબો અને ૨૮૮ વસતિ હતી જે ૧૯૮૧ની ગણતરી પ્રમાણે ૯૨ કુટુંબોમાં ૫૧૩ની વસતિ થઈ હતી એટલે ૧૯૭૧ કરતાં ૧૯૮૧માં ગામની વસતિમાં ૨૨૫નો વધારો થયો. એટલે કે ૧૦ વર્ષના ગાળામાં ૭૮.૧૩ ટકાનો વધારો થયો હતો.

રાજ્યમાં બનાસકાંઠા જિલ્લામાં દાંતા તાલુકામાં અને રીંછડી ગામની કેટલીક વિગતો નીચે આપી છે. જેનાથી થોડી તુલનાત્મક સ્થિતિનો ખ્યાલ આવી શકે.

-:: કોઠા નં. ૧.૩ ::-

(૧) વસતિની માહિતી : ૧૯૮૧

ગુજરાત, બનાસકાંઠા, દાંતા અને રીંછડી

| ક્રમ | વિગત | રાજ્યમાં | બનાસકાંઠા જિલ્લામાં | દાંતા તાલુકામાં | રીંછડી |
|---|---|---|---|---|---|
| ૧. | કુલ | ૩,૪૦,૮૫,૭૯૯ | ૧૬,૬૭,૯૧૪ | ૧,૦૧,૮૪૫ | ૫૧૩ |
| ૨. | પુરુષ | ૧,૭૫,૫૨,૬૪૦ | ૮,૫૭,૩૧૯ | ૫૨,૩૨૬ | ૨૪૮ |
| ૩. | સ્ત્રી | ૧,૬૫,૩૩,૧૫૯ | ૮,૧૦,૫૯૫ | ૪૯,૫૧૯ | ૨૬૫ |

(૨) વસતિ વધારો :-

| ક્રમ | રાજ્યમાં | જિલ્લામાં | તાલુકામાં | રીંછડી |
|---|---|---|---|---|
| ૧. | ૨૭.૬૭ | ૩૧.૮૧ | + ૪૩.૯૬ | ૭૮.૧૩ |

(૩) વિસ્તાર (ચો. કિ.મીટરમાં)

| ક્રમ | વિગત | વિસ્તાર (ચો. કિ.મી.માં) |
|---|---|---|
| ૧. | રાજ્યમાં | ૧૦૬૦૨૪.૦૦ |
| ૨. | બનાસકાંઠા | ૧૨૭૦૩.૦૦ |
| ૩. | દાંતા | ૮૫૭.૨૦ |
| ૪. | રીંછડી | |

(૪) જાતિ પ્રમાણ (દર હજાર પુરુષો સ્ત્રીઓની સંખ્યા)

| ક્રમ | વિગત | દર હજાર પુરુષો સ્ત્રીઓ |
|---|---|---|
| ૧. | રાજ્યમાં | ૯૪૨ |
| ૨. | બનાસકાંઠા | ૯૪૫ |
| ૩. | દાંતા | ૯૪૬ |
| ૪. | રીંછડી | ૧૦૬૯ |

(૫) શિક્ષણ (ટકામાં)

| ક્રમ | વિગત | કુલ | પુરુષો | સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧. | રાજ્યમાં | ૪૩.૭૦ | ૫૪.૪૪ | ૩૨.૩૦ |
| ૨. | બનાસકાંઠા | ૨૩.૦૪ | ૩૪.૦૮ | ૧૧.૩૬ |
| ૩. | દાંતા | ૨૦.૧૮ | ૩૦.૭૨ | ૯.૦૫ |
| ૪. | રીંછડી | ૧.૧૭ | ૨.૪૮ | -- |

(૬) અનુસૂચિત જનજાતિની વસતિ (ટકામાં)

| ક્રમ | વિગત | કુલ | અનુસૂચિત જનજાતિની વસતિ | |
|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી |
| ૧. | રાજ્યમાં | ૧૪.૨૨ | ૧૩.૯૮ | ૧૪.૪૯ |
| ૨. | બનાસકાંઠા | ૬.૭૧ | ૬.૭૧ | ૬.૭૧ |
| ૩. | દાંતા | ૪૫.૫૮ | ૪૪.૮૪ | ૪૬.૩૬ |
| ૪. | રીંછડી | ૮૯.૬૭ | ૮૮.૩૧ | ૯૦.૯૪ |

(૭) કામ કરનાર અને નહીં કરનારાની માહિતી ૧૯૮૧ પ્રમાણે (ટકામાં)

| | | મુખ્ય કામ કરનારા | | | સીમાંત કામ કરનારા | | | કામ નહીં કરનારા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી |
| ૧. | રાજ્યમાં | ૩૨.૨૩ | ૫૨.૧૯ | ૧૧.૦૩ | ૫.૦૪ | ૦.૭૨ | ૯.૬૩ | ૬૨.૭૩ | ૪૭.૦૯ | ૭૯.૩૪ |
| ૨. | બનાસકાંઠા | ૩૦.૩૧ | ૫૨.૫૯ | ૬.૭૫ | ૫.૫૭ | ૦.૬૫ | ૧૦.૭૭ | ૬૪.૧૨ | ૪૬.૭૬ | ૮૨.૪૮ |
| ૩. | દાંતા | ૨૯.૯૪ | ૫૨.૩૦ | ૬.૩૨ | ૪.૭૬ | ૦.૫૦ | ૯.૨૬ | ૬૫.૩૦ | ૪૭.૨૦ | ૮૪.૪૨ |
| ૪. | રીછડી | ૬૫.૧૧ | ૭૧.૩૭ | ૫૯.૨૫ | - | - | - | ૩૪.૮૯ | ૨૮.૬૩ | ૪૦.૭૫ |

## -:: પ્રકરણ - ૨ ::-

## -:: ભૌતિક- સંસ્કૃતિ ::-

ઘરની રચના :-

રીંછડીમાં એક સાથે મકાનો બાંધી લોકો સમુહમાં રહેતા નથી. તેઓ પોતાની જમીનના એક ખૂણે પોતાનું રહેઠાણ બનાવે છે. કેટલાક મકાનો ઉંચી ટેકરી ઉપર હતા જેથી ખેતીમાં બધે જ ખ્યાલ રહે. મકાનો ખાસ કરીને જાતમહેનતથી બનાવે છે. કેટલાક ગામના મજૂરો કે સગાઓનો સહકાર લઈ બનાવી લે છે. મકાનમાં હવાઉજાસ માટે બારી-બારણાની કોઈ સગવડ હોતી નથી. મકાનનું છાપરું નળિયા કે ઘાસનું હોય છે. મકાન એક કે બે ખંડના કાચા હોય છે. જંગલના વાંસ, સાગ જેવા લાકડા મકાનમાં વાપરે છે. મકાન નીચા હોય એટલે નીચા નમીને પ્રવેશ કરવો પડે છે.

વાડ :-

કેટલાક ઘરોમાં પશુની છાપરી ઓસરીની સામે તો કેટલાકમાં બાજુમાં હોય છે. ઘર આગળ માંડવો કરી લાકડા-ઘાસ નાંખી રાખે છે જેથી ઢોરને છાંયડો રહે, ઘાસ સચવાય અને ચોમાસે વેલા ચઢાવી શાકભાજી કરી શકાય.

ઘરવખરી :-

ઘરવખરીની ચીજોમાં પિત્તળ, એલ્યુમિનિયમ, સ્ટીલના વાસણો, બે ચાર માટીના વાસણો, ખાટલા, ગોદડા વગેરે જરૂર મુજબ

રાખે છે. એ [illegible], કપડાંની પેટી, બેટરી હોય છે. રાંધવાનો ચૂલો ખંડમાં [illegible] રાખે છે. સામે અનાજની કાદવ કે વાંસની કોઠી રાખે છે. દળ[illegible] અને ચૂલા પાસે ધાતુ, માટીના થોડા વાસણો મૂકી રાખે છે.

<u>હથિયાર</u> :-

રીંછડી ગામમાં બંદૂક, તીરકામઠા, તલવાર રાખવી એ જરૂરી ગણાય છે. તીરકામઠાં હજુ દરેક ઘરે જોવા મળે છે.

<u>પહેરવેશ</u> :-

પુરુષો ધોતીયું, પહેરણ અને માથા ઉપર ચાર હાથનો કકડો બાંધે છે. પગમાં જોડા, ચંપલ પહેરે છે. કેટલાક ખુલ્લા પગે જ જોવા મળે છે. આજે ઘણા પુરુષો ધોતીયાને બદલે લેંગો, પહેરણ ને ઠેકાણે ખમીસ અને માથુ ઉગાડુ રાખતા પણ થયા છે. યુવાનો પેન્ટ, શર્ટ, ચડ્ડી પહેરે છે. નાના બાળકો ચડ્ડી, શર્ટ પહેરે છે.

સ્ત્રીઓ કબજો, સાડલો અને ઘાઘરો પહેરે છે. જે મહદઅંશે લાલ, લીલા ટપકાવાળા સાડલા પહેરી હોય છે. યુવાન નાની છોકરીઓ સ્કર્ટ, ફ્રોક પહેરે છે.

<u>ઘરેણાં</u> :-

ઘરેણાં પુરુષો ભાગ્યે જ પહેરતા જોવા મળે તે પણ વીંટી પહેરે. સ્ત્રીઓ ઘરેણાંની ભારે શોખીન છે. ઘરેણાં ચાંદી, સોનાના હોય છે. ઘરેણાં દાંતા, અંબાજીથી ખરીદે છે. સ્ત્રીઓ ગળામાં હાંસડી, રંગરંગીલી મોતીની માળા, નાકમાં કાંટો, કાનમાં સાત વેડલા, માથે બેરજુ,

માથામાં ચાંદીની પીનો, પ્લાસ્ટીકની [illegible] [illegible]ન છોકરીઓ માથે બોચ બાંધે છે. આ સિવાય છૂંદણાં માથે, હાથે, પગે છૂંદાવે છે. પગમાં કડલા, સાંકડા અને પગની આંગળીએ જોડ ચાંદીની કડીઓ બીડે છે. કેડે કંદોરો, હાથમાં ચાંદીની [illegible], પ્લાસ્ટીકની, કાચની પણ પહેરે છે. સફેદ હાથી દાંતના બલોયા પહેરે છે. આજે યુવાન સ્ત્રીઓ જૂના કડલા, હાંસડીમાં ઓછી દેખાય છે.

<u>ખોરાક- પીણાં</u> :-

ખોરાકમાં મુખ્ય મકાઈ, ઘઉં અને જુવાર તેમજ બંટી છે. કઠોળમાં તુવેર, ચણા, અડદ છે. ખોરાકમાં મકાઈ, જુવાર, ઘઉંના રોટલા અને ચોખાના રાંધણ સાથે મરચાની ચટણી કે મળે તે શાક બનાવી ખાય છે. તેઓ શાકનો ઓછો ઉપયોગ કરે છે.

માંસાહારી ખોરાકમાં બકરા-મરઘાનું માંસ વિશેષ લે છે. એ સિવાય સસલાનું માંસ ખાય છે. આ સસલા-તેતર મળે ત્યારે જ ખાય છે. માંસાહાર સાથે તેઓ દારુ પીવે છે. જેમાં દેશી બનાવટનો અને મહુડાનો સીઝનમાં પીવે છે. મહેમાનને માંસ-દારુ ખાવા પીવા આપવા એ તેમનામાં પ્રતિષ્ઠા ગણાય છે. સ્ત્રી-પુરુષ બંનેમાં બીડીનું વ્યસન જોવા મળે છે. આજે ઘણાને દારુ કરતાં પણ આનું વ્યસન છે. તેમનામાં મકાઈને બદલે ઘઉંનું પ્રમાણ ખોરાકમાં વધ્યું છે. માંસાહાર કે દારુ પીવો ઓછો થયા નથી પણ તેમના કહેવા પ્રમાણે મળે તેમ ખાઈ પીવે છે.

<u>પશુધન</u> :-

ગામમાં બધા જ કુટુંબો ઓછીવત્તી ખેતીની જમીન ધરાવતા હોવાથી પશુધન ઓછું-વત્તુ બધા પાસે છે. જેમાં ગાય, ભેંસ, બળદ, બકરાં, ઘેટાં જેવા પશુઓ રાખે છે. ગાય-ભેંસ, બકરાં દૂધ માટે તેઓ પાળે છે. બળદ ખેતી માટે રાખે છે. કેટલાક ભાડે ખેતી કરાવી લે છે અથવા ઓછી જમીન કે ઘાસચારાની તંગીને કારણે ઓછા પશુઓ રાખે છે. કેટલાકને પશુ બાંધવાની સગવડ પણ હોતી નથી.

<u>ખેતીના સાધનો</u> :-

ખેતીના સાધનોમાં હળ, કરબ, વાવણિયો, નાના ઓજારો (કૂહાડી, ખુરપી, દાતરડું, કોદારો, પાવડો) વગેરે રાખે છે. ગાડું ખૂબ ઓછા પાસે જોવા મળે છે. છેલ્લા દાયકામાં ખેતીની જમીનમાં કુવા, તળાવની સિંચાઈનું પ્રમાણ ખાસ્સુ એવું વધવા પામ્યું છે તેથી ઓઈલ એન્જિન, મોટર જેવા સિંચાઈના ખેતીના સાધનો ગામમાં થવા પામ્યા છે.

-:: કોઠા નં. ૨.૧ ::-

-:: સર્વેક્ષિત કુટુંબોની મિલ્કત (કિંમત રૂપિયામાં) ::-

| ક્રમ | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | કુલ જમીન એકર-ગૂંઠા | જમીન | મકાન | ઝાડ | પશુઓ | ખેતીના સાધન | વાસણ | ઘરવખરી | ઘરેણાં | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦.૦થી ૨.૫ | ૨ | ૩.૨૫ | ૩૩૦૦૦ | ૬૦૦૦ | ૨૦૦૦ | ૬૦૦૦ | ૩૨૫ | ૪૦૫ | ૭૦૫ | ૪૦૦ | ૫૪૮૩૫ | ૨૭૪૧૭ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૧૨ | ૪૭.૧૭ | ૩૦૫૦૦૦ | ૫૩૫૦૦ | ૨૬૪૫૦ | ૬૦૯૦૦ | ૧૧૫૩૮૦ | ૩૮૪૩ | ૫૬૯૯ | ૫૩૫૦ | ૫૭૬૧૨૨ | ૪૮૦૧૦ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૫ | ૩૨.૫ | ૧૧૮૦૦૦ | ૧૫૦૦૦ | ૫૪૦૫૦ | ૨૭૦૫૦ | ૨૯૩૦૦ | ૧૧૩૦ | ૧૨૪૫ | ૪૭૦૦ | ૨૫૦૪૭૫ | ૫૦૦૯૫ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૩ | ૨૯.૫ | ૧૨૫૦૦૦ | ૧૪૨૦૦ | ૨૯૫૦૦ | ૨૯૨૦૦ | ૨૧૦૯૦ | ૫૨૮ | ૧૮૧૫ | ૩૭૫૦ | ૨૨૫૦૬૩ | ૭૫૦૨૭ |
| ૫. | કુલ | ૨૨ | ૧૧૩.૨ | ૫૮૧૦૦૦ | ૯૧૭૦૦ | ૧૧૨૦૦૦ | ૨૧૬૧૫૦ | ૧૬૬૦૯૫ | ૫૯૦૬ | ૯૪૬૪ | ૧૪૨૦૦ | ૧૧૯૬૫૧૫ | ૫૪૩૮૭ |
| ૬. | કુટુંબદીઠ | — | ૫.૧૧ | ૨૬૪૦૯ | ૪૧૬૮ | ૫૦૯૦ | ૫૭૩૪ | ૭૫૩૪ | ૨૬૮ | ૪૩૦ | ૬૪૫ | - | - |
| | ટકા | — | ––– | ૪૮.૫૬ | ૭.૬૬ | ૯.૩૬ | ૧૮.૦૬ | ૧૩.૮૮ | ૦.૪૯ | ૦.૭૯ | ૧.૭૯ | ૧૦૦.૦૦ | |

મિલકત :-

તપાસેલ કુટુંબોમાં બધા જ કુટુંબોને જમીન ઓછીવત્તી જોવા મળે છે. આ કુટુંબોમાં જમીન, ઘર, પશુઓ, ખેતીના સાધન, ઘરવખરી, વૃક્ષો, ઘરેણાંની મિલકતની કિંમત જાણવા મળી હતી.

આ બધી જ કુટુંબોની મિલકતોમાં જમીન એ સૌથી ~~અગ્ર~~સ્થાને છે. કારણ કે ગામની લગભગ બધી જ વસતિ તેના ઉપર એક યા બીજી રીતે જીવનનિર્વાહ કરે છે. ગામની જમીન આમ તો ગોરાડું-પાતળી છે પણ ઘાટ વિસ્તારને બાદ કરતાં ગામમાં સિંચાઈ અને માવજત વધતી જાય છે, તેમ તેમ ઉત્પાદન વધતું જાય છે. એટલે તો જમીનની કિંમત પણ વધતી જાય છે. એકરદીઠ જમીનની કિંમત ૩ થી ૫ હજાર બિનપિયતના અને પિયતના ૫ થી ૮ હજાર આજે છે. જ્યાં સપાટ અને રસાળ જમીન સિંચાઈ થઈ શકે તેવી છે ત્યાં સારા ભાવ છે. જમીનથી ધિરાણ અને લાભો વધુ મેળવી શકાય છે.

-૦-૦-૦-

## -:: પ્રકરણ - ૩ ::-

## -:: સામાજિક જીવન ::-

**કુટુંબ વ્યવસ્થા :-**

ગરાસિયાઓમાં 'પિતૃવંશીય' પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. સ્ત્રી પરણીને તેના પતિને ઘરે જાય છે. કુટુંબની સત્તાઓ વડીલ પુરુષ હસ્તક હોય છે. ઘરનો વારસો પુત્રોને મળે છે. છોકરો મોટો થઈ જુદો રહેતો હોય છતાં અગત્યની બાબતોમાં બધાય પુત્રો પિતાની સલાહ લે છે.

રીંછડી ગામની તપાસ માટે લીધેલા ૨૨ કુટુંબોમાં બધા કુટુંબો ગરાસિયા જાતિના હતા પરંતુ બધા જ એક ગોત્રના નહોતા. તપાસના ૨૨ કુટુંબોની કુલ વસતિ ૯૭ની છે. આ ૨૨ કુટુંબોને સભ્ય સંખ્યા પ્રમાણે મૂકીએ તો નીચે પ્રમાણે જોવા મળે છે.

### -:: કોઠા નં. ૩.૧ ::-

### -:: સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબ સંખ્યા ::-

| સભ્ય સંખ્યા | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૧૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૫ | ૪ | ૬ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨૨ |

કુટુંબ કદ : ૪.૪

૨૨ કુટુંબો નીચે પ્રમાણે જુદા જુદા ૭ ગોત્રોમાં વહેંચાયેલા છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડુંગાણિયા - ૨ | (૪) | ડાભી - ૮ |
| (૨) | પરમાર - ૨ | (૫) | રાઠોડ - ૭ |
| (૩) | ગમાર - ૨ | (૬) | મકવાણા - ૧ |

-:: કોઠા નં. ૩.૨ ::-

-:: તપાસના કુટુંબોમાં વૈવાહિક દરજ્જો ::-

| પરણિત | | અપરણિત | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | વિધુર | વિધવા | પુરુષ | સ્ત્રી |
| ૫૬.૦૦ | ૬૩.૮૩ | ૪૨.૦૦ | ૩૬.૧૭ | ૨.૦૦ | - | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

તપાસના કુટુંબોમાંથી વૈવાહિક દરજ્જો જાણવા મળ્યો છે. જેમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા અપરણિતોમાં ઓછી જણાય છે. વિધુરનું પ્રમાણ જાણવા મળ્યું છે, વિધવાનું પ્રમાણ જણાયું નથી.

લગ્ન માટે છોકરાપક્ષ તરફથી બે સગાસંબંધીઓ પ્રથમ છોકરી પક્ષવાળાને ત્યાં જઈ માંગણી કરે છે. સગાઈ કરતાં પહેલાં લાડા-લાડીનું ઘર કેવું છે, કુટુંબની ખાનદાની કેવી છે વગેરેની માહિતી મેળવે છે. આ ઉપરાંત ગામ લગ્ન ગોળમાં છે કે નહીં તે જાણી લે છે. છોકરાપક્ષેથી સગાઈ કરવા જતાં પહેલાં શુકન સારા હોય તોજ સગાઈ કરવા જાય છે. કન્યાને ત્યાં જઈ લાડીના બાપાને કહે છે કે સગાઈ કરવા આવ્યા છે. લાડીનો બાપ આનાકાની કરી ચા મૂકી લાવે કે દારુ પાય તો તેના તરફથી સંમતિ મનાય છે. લાડીનો બાપ લાડાને જોઈ હા પાડે પછી પાંચ જણા જઈ સગાઈ કરે છે. સગાઈમાં પ્રથમ ચા મૂકે, દારુ પાય અને

નજીકના સંબંધીઓને મરઘુ ખવડાવે છે. આ વિધિ થાય એટલે બંને પક્ષ તરફથી સંબંધ પાકા ગણાય છે.

ગરાસિયાઓમાં કોઈ જાતના ઉંચનીચના ભેદભાવ નથી. ૬ જુદા જુદા ગોત્રો હોવા છતાં સ્તરીકરણ જોવા મળતું નથી. તેમાં કોઈ ગોત્ર ઉંચું કે નીચું એવા ભેદભાવ નથી. કોઈપણ પ્રસંગ ગામના બધા કુટુંબો એકત્ર થઈને કરે છે. લગ્ન કે મરણ જેવા પ્રસંગોએ પણ બધા સાથે મળીને પોતપોતાની ભૂમિકા ભજવે છે.

અત્યારે ગામમાં ને ગામમાં લગ્નો થતા નથી. તેઓ ગામમાં રહેવાથી ભાઈ-બહેન કહેવાય એમ માને છે. એ રીતે એકજ ગોત્રમાં પણ લગ્ન થતા નથી. છતાં એકાદ બે કેસો બન્યા તેનું નિરાકરણ પંચ દ્વારા કાર્યવાહી કરી કરેલ છે. એકાદમાં તપાસના વર્ષમાં જ ગામમાં જ લગ્ન થવાથી ખૂન કેસ બન્યાનો બનાવ બન્યો છે જેની કાર્યવાહી પંચે કરી છે અને સરકારી રાહે પણ ચાલે છે.

ગામમાં સંયુક્ત અને કેન્દ્રીય બંને પ્રકારના કુટુંબો છે. તેમાં કેન્દ્રીય કુટુંબો ૪૦.૯૦ ટકા છે. એટલે સંખ્યામાં ઓછા છે. આ સિવાય કુટુંબના વસવાટ પ્રમાણે મૂકીએ તો નીચે પ્રમાણે જોવા મળે.

૧. પતિ-પત્ની, અપરણિત બાળકો
૨. પતિ-પત્ની, પુત્ર-પુત્રવધુ, પુત્રી
૩. પતિ-પત્ની, પુત્ર, પુત્રવધુ, પૌત્ર, પૌત્રીઓ
૪. પતિ-પત્ની, પુત્રીઓ-જમાઈ, પુત્ર, પૌત્ર
૫. પિતા, પરણિત પુત્ર, પુત્રવધુ, પૌત્ર, પૌત્રીઓ
૬. પતિ-પત્ની
૭. પતિ-પત્ની, માતા-પિતા

રીતરિવાજો :-

રજસ્વલા સ્ત્રી :-

રજસ્વલા સ્ત્રી ચાર દિવસે ન્હાય છે. રજસ્વલા સ્ત્રીને માટે ચોકક્સ શબ્દ મળતો નથી. ચાર દિવસે ન્હાય તેને 'ઝીલવું' કહે છે. ઝીલવું એટલે ન્હાવુ એમ અર્થ થાય છે. આ સમય દરમિયાન સ્ત્રી ઘરનું બધું જ કામ કરે છે. હિંદુઓની માફક કોઈ આચાર-વિચારના નિયમો પાળતી નથી. આ સમયગાળા દરમિયાન તેની સાથે જાતીય સંબંધ રાખતા નથી. સમય મુજબ જ્યારે માસિક બંધ થાય ત્યારે ગર્ભ રહયો છે એમ પુરુષો જાણી શકતા નથી. સ્ત્રીઓ જણાવે ત્યારે ખબર પડે અથવા પેટ ઉંચુ આવવાથી ખબર પડે છે એમ કહે છે અથવા અમને ખબર નથી એમ જણાવે છે.

ગર્ભ રહે ત્યારે નજીકના સમયમાં કોઈ સામાજિક કે ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી પરંતુ છોકરા ન થતા હોય ત્યારે ભુવા પાસે મંત્ર અને દોરાધાગા અને માનતાઓ રખાવે છે. તેમનામાં ખોળો ભરવાની વિધિ કરવામાં આવતી નથી. પ્રથમ સુવાવડ કે પછીની પતિને ઘરે જ કરાય છે. પ્રથમ સુવાવડ વખતે માતા પુત્રીને જોવા અને ખાવાનું આપવા આવે છે. ઘી, ગોળ, ઘઉં તેમાં લાવે છે.

પ્રસુતિ :-

પ્રસુતિ ગામની પોતાની જાતિની જાણકાર દાયણ, સ્ત્રી પાસે કરાવે છે. તેમજ કુટુંબની અને આજુબાજુની વડીલ સ્ત્રીઓ પણ આવે છે. પ્રસુતિ સુખેથી પતે ત્યાં સુધી રહે છે. જરૂર પડે ડોકટરની

પણ મદદ લે છે. પ્રસુતિ બાદ સ્ત્રીના શરીરે દારૂ ચોપડવામાં આવે છે. દાયણને આ કામના બદલામાં ૫ રૂપિયા અને અનાજ આપી તેને ખવડાવવામાં પણ આવે છે.

પ્રસુતા સ્ત્રીને આ સમય દરમ્યાન ખોરાકમાં ઘી, ગોળ, ઘઉંનો ખોરાક આપે છે. આ ખોરાક ૧૦ દિવસ સુધી અપાય છે. ૧૦ દિવસ પછી સ્ત્રી ઘરનું કામ કરવા લાગી જાય છે. આ પછી બાળકની કોઈ વિધિ કરવામાં આવતી નથી. બાળક ખોયામાં અને પછી તેનાથી મોટા બાળકો સાથે થોડા સમય સુધી ઉછરે છે. બાળક મોટું થતું જાય તેમ ઘરકામ, બીજા કામો કરી ઉપયોગમાં લે છે. પછી ઢોર ચારવા, નિશાળે જવું, ખેતીના નાના કામો કરવા વગેરે કામો કરાવાય છે. બાળક ઉંમરલાયક થતાં સગાસંબંધીઓમાં તેના લગ્નની પૂછપરછ કરે છે. પંચોળીયા દ્વારા છોકરા-છોકરીઓના સંબંધોની વાતો કરાય છે.

<u>લગ્ન</u> :-

લગ્ન એક સાથી જોવા મળે છે. કોઈ કિસ્સામાં બહુપત્નીત્વ થયેલું જોવા મળે છે. આ એકસાથી લગ્નપ્રથા માટે બે કારણો જોવા મળે છે. (૧) આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી અને (૨) લગ્નનું દહેજ ૧૦ હજાર સુધીનું હોઈ.

<u>લગ્નના પ્રકાર</u> :-

(૧) મા-બાપની પસંદગીના
(૨) છોકરા-છોકરી પ્રેમ થતાં ભાગી જાય અને લગ્ન થાય.

સગાઈનો ખર્ચ લાડા પક્ષવાળા આપે છે. આ વખતે દાપાની દહેજની વાત નકકી થાય છે જે જમણ વખતે પૂરેપૂરી આપવાની હોય છે. સગાઈ વખતે ૨ કિલો ગોળ, ૧૦ બાટલી દારુ અપાય છે, ગોળ વહેંચી દે છે.

સગાઈ પત્યા પછી લાડી પક્ષવાળા તે સગાઈ તોડી શકતા નથી. જો તોડે તો 'ચા' અને 'દારુ'ના ખર્ચ પેટે ૫૦૦ રૂપિયા વસુલ કરે અથવા કન્યાને બીજે જવા ન દે અને આવકુનો પક્ષ પંચ સમક્ષ ઉભો કરે છે.

સગાઈ બાદ કન્યા પક્ષવાળા લાડાને ત્યાં તેની મિલકત, ઢોર, જમીન જોવા જાય છે. ત્યાં તેમનું દારુ અને મરઘુ-બકરું ખવડાવી સ્વાગત કરાય છે.

<u>જમણ જાય</u> :-

આ પછી કન્યા પક્ષવાળા અને વરપક્ષવાળા એકબીજાને ત્યાં જાય છે, ત્યાં ખવડાવવામાં આવે છે. લાડાને લાલ પાઘડી પહેરાવીને લગ્ન માટેની જાન લઈ આવવાનું આમંત્રણ નકકી કરેલા દિવસનું અપાય છે.

<u>લગ્ન</u> :-

આ બધુ પત્યા પછી બીજે દિવસે ગોત્રેજ કાઢવામાં આવે છે. ગોત્રેજ ભીંત ઉપર ચિત્ર દોરી કાઢવામાં આવે છે. આ વખતે ગામના બધા ભેગા થાય છે. દરેકને ઘરે આમંત્રણ આપવા હળદરવાળા ચોખા આપવામાં આવે છે. આ રીતે કન્યાને ત્યાં પણ ગોત્રેજ કાઢી વિધિ કરવામાં આવે છે.

પીઠી :-

જે દિવસે જાન જવાની હોય તે દિવસ સુધી એટલે કે ચાર દિવસ સુધી લાડાને ગોત્રેજ પાસે બેસાડી રાખીને કાકી, ભાભી, બહેન પીઠી ચોળે છે. ખાવાનું પણ ત્યાં જ, સુવાનું પણ ત્યાં રખાય છે. લાડીને પણ તેના ઘરે એજ વિધિ કરી પીઠી ચોળી ખાવાનું, સૂવાનું રખાય છે. જાન જવાની હોય તેને આગળને દિવસે માંડવો નંખાવે છે.

માંડવો નખાવવો :-

માંડવો નાખ્યા બાદ ઢોલ-વાજાં વગાડે છે. ત્યાં માંડવો નીચે લાડાને બેસાડીને ત્યાં ગામના તેને બે રૂપિયા કે પાંચ રૂપિયા આપી નાળિયેર આપે છે. દરેક ઘરની ખબર રખાય કે કોના પૈસાને નાળિયેર આવ્યું છે. પછી કુંવાસીઓ ધોતિયું અને સાડલા લઈ આવી લાડાના ભાઈ અને બાપને ધોતિયું ઓઢાડે.

જાન :-

બીજે દિવસે સવારે ગામના સ્ત્રી-પુરુષો સહિતની જાન જાય છે. જેમાં ૧૦૦ થી ૧૫૦ માણસો જાય છે. સાથે ગાડામાં સગવડ કરી ઘઉંનો રોટલા, ઘુઘરી (સુખડી) કરીને સાથે લઈ જાય છે. સ્ત્રીઓ ઘરેણાં પહેરીને જાય છે. લાડાને હાથમાં તલવાર અને બધા દાગીના પહેરાવે છે. જાન લાડીને ગામ સિમાડે ઝાડ નીચે બેસે છે. ગામના વડીલો જાન સ્વાગત માટે ઢોલ સાથે ગાદલુ, પાણી આપી જાય છે. રામ રામ કરીને પાછા જાય છે.

સુપડુ નચાવવું :-

લાડા પક્ષના પાંચ જણ નાળિયેર લઈને માંડવે જાય છે. ત્યાં સુપડું અને લાકડુ લાડાની કાકી લઈને નાચે છે. ત્યાં લાડા પક્ષવાળા નાળિયેર, રૂપિયો નાખે એટલે કાકી જાય છે.

તોરણ સજાવા :-

જાન આખી લાડાને લઈ કન્યાને માંડવે તોરણ આગળ ઉભી રહે છે. લાડાવાળા નાળિયેર લાડીવાળાને આપે છે જે માંડવાના તોરણ આગળ ફોડે છે. પછી લાડો તોરણે તલવાર અડાડે અને એક પોતીયુ તોરણ ઉપર નાખે છે. આ પોતિયું માંડવાવાળો લઈ જાય પછી લાડા-વાળાને પરણવા આવો કહે છે. લાડાવાળા ગોગજ આગળ લાડીના લુગડાં આપે છે. કાકી લાડીને પહેરાવે છે, બદલામાં કાકીને બે રૂપિયા અપાય છે.

કુલ્લા કરવા (દાતણ કરવું) :-

સાસુ આવેલો સાડલો પહેરી હાથમાં બે પાટીની નાની લોટીઓ પાણી ભરી લાડાને કોગળા કરાવે પછી પાછી જાય છે. ત્યારબાદ સાસુ હાથમાં થાળી, કંકુ અને તાંદળા લઈ લાડાને ચાંલ્લો કરે, કપાળે નાક સુધી ઉભું ટીલુ કરે ઉપર તાંદળા ચોટાળે. આ સમયે લાડાનો ભાઈ સાસુની થાળીમાં ૨૫ રૂપિયા નાખે. સાસુ પછી લાડાના વાઘા (પહેરણ)ના છેડા ખેંચી મૂકી દઈને જાય છે. લગ્ન માટે આમંત્રણ અપાય છે. લાડો સાસુની પાછળ અને જાને પણ તેની પાછળ લગ્ન કરવા જાય છે.

ત્યારબાદ માંડવામાં ગાદલુ નાખી લાડાને બેસાડી લગ્નની વિધિ શરૂ કરે છે. ચોરી ચીતરી પછી ભાઈ કે કાકો લાડીનો લાડા-લાડીને ત્રણ ફેરા ફેરવે છે. લોકો લાડીને મીંઢળ બાંધે છે. લાડી સિવાય એટલે લાડીનો બાપ દહેજની વસ્તુઓ આપે છે. લાડીને બાપ ગાય-ભેંસ, બકરુ વસ્તુઓમાં આપે છે. પછી પાંચ ફેરા ફેરવે છે. પછી જ લાડા લાડી એકબીજાને કંસાર ખવડાવે છે. પછી બે થાળીમાં લાડા-લાડીના પક્ષવાળા છુટા પૈસા પાણીમાં નાખે છે. જે લાડાના પૈસા તેનો બાપ અને લાડીના તેનો ભાઈ લઈ લે છે. પછી લાડી બેસી રહે લાડો ઉતારે જાય છે.

ઉતારે વરપક્ષવાળા રોટલા ખાય છે. પછી પાંચ નાળિયેર લઈ લાડીને તેડવા જાય છે. ત્યાં કંસારની વિધિ કરી પછી મકાઈ ગોગજ આગળ નાખે. બંને ગોગેજને પગે લાગે, ગામના દેવોને પગે લાગે પછી લાડો લાડીને લઈ રવાના થાય.

લાડીને ગામ પહોંચે એટલે નાળિયેર વધેરી બંદૂક ફોડે છે. બંને ગોગેજ આગળ પગે લાગે પછી લાડીને કોઠીઓમાં હાથ નાખી અનાજ જોવાડે છે. વડીલને લાડી રામ રામ કરે બધા રૂપિયો, બે રૂપિયા આપે છે. આ બધી વિધિ પત્યા પછી લાડો, લાડી ગોગેજ આગળ સૂઈ રહે છે, ત્યાં અનવર સાથે હોય છે. જાતીય સંબંધની શરૂઆત અહીંથી કરે છે.

આણા માટે પાંચ જણા લાડીવાળા આવે તેઓ રાત રહી ગન્નામાં ૧૨૦ રોટલા, સુખડી વરપક્ષ તરફ લઈ જાય જે ગામમાં બધાને ઘેર વહેંચી દે છે. પછીના પાંચ દિવસે લાડાવાળા જાય તેમને પણ ૧૨૦ રોટલા ગન્નામાં આપે તે પણ લઈ જઈ ગામમાં દરેકને ઘેર વહેંચી દે છે.

<u>લગ્નક્ષેત્રની મર્યાદાઓ</u> :-

(૧) લગ્નસંબંધ પોતાના ગોત્રમાં અંદરોઅંદર થતા નથી.

(૨) ગામમાં લગ્નો થતા નથી.

(૩) પોતાના ગોત્ર સિવાય બીજા પોતાની જાતિના ગમે તે ગોત્રમાં લગ્ન કરી શકાય. પણ નજીકના સગાઓમાં લગ્ન કરી શકતા નથી. (કાકા, મામા, ફોઈમાં)

(૪) સાળી અને ભાભી સાથે લગ્ન સંબંધ કરી શકાય નહીં. સાળીવટુ, દિયરવટુનો નિષેધ છે.

લગ્નવિધિ હિંદુઓની માફક નથી. સાથે સાથે તેઓ બ્રાહ્મણ પાસે પણ લગ્નવિધિ કરાવતા નથી. તેમનામાંથી કોઈ અનુભવી લગ્ન કરાવે છે.

અહીંના આદિવાસીઓમાં લગ્ન પહેલાંના જાતીય સંબંધની છૂટછાટ હોય છે. તેને લગ્ન બાદ ચલાવી લેવાતી નથી. પરણિત સ્ત્રી બીજા પુરુષ સાથે સંબંધ બાંધી શકતી નથી. બાંધે તો કાઢી મૂકવામાં આવે છે. અહીંના ગરાસિયાઓમાં લગ્ન વખતે દાપાની-દહેજની રકમ મોટી આપવાની હોય દેવું કરવું પડે છે.

<u>છૂટાછેડા</u> :-

આ વિસ્તારના ગરાસિયાઓમાં છૂટાછેડા બહુ જલ્દીથી મળી જાય છે. કેટલીકવાર વડીલો, વેવાઈઓ પતાવી નાખે છે. દાપાની રકમ પાછી આપે એટલે છૂટાછેડા થઈ જાય. ક્યારેક મોટું સ્વરૂપ થાય ત્યારે પંચ તેનો ન્યાય કરે એટલે છૂટાછેડા મળી જાય છે. તેઓમાં છૂટાછેડા નીચેના કારણોસર લે છે.

(૧) પતિ-પત્નીમાંથી એકબીજાને પસંદ ન હોય તો કાઢી મૂકે, સ્ત્રીને પણ પોતાનો પતિ ગમતો ન હોય તો બીજા સાથે ચાલી જાય અથવા પિતાને ઘેર જતી રહે જ્યારે આપેલું દાપુ પાછુ આપે એટલે છૂટાછેડા થાય.

(૨) સ્ત્રી બીજા પુરુષ સાથે જાતીય સંબંધ બાંધે તો

(૩) સ્ત્રીને છોકરા ન થતાં હોય તો પતિ તેને કાઢી મૂકે છે અને બીજી લાવે છે.

(૪) ઘરનું કામકાજ બરાબર ન કરતી હોય તો કાઢી મૂકે.

આમ છૂટાછેડા મન ફાવે તે બાબતથી એકબીજાથી લઈ શકાય છે જ્યારે પંચ કે વડીલોથી આ છૂટાછેડા ન થતે તો જવલ્લે જ કોઈ કોર્ટનો આશરો લે છે. આવા કિસ્સા જોકે ભાગ્યે જ બને છે. છૂટાછેડામાં છોકરા કરતાં છોકરીપક્ષો વધુ ખર્ચ કરવો પડે છે. છોકરીનો ગુનો વધારે ગણાય તેવું બને છે.

પુનર્લગ્ન :-

છૂટાછેડા લીધેલ પુરુષ કે સ્ત્રી બીજા લગ્ન કરી શકે છે પરંતુ છૂટાછેડા લીધેલ પુરુષને છોકરા ન હોય અને ઉંમર નાની હોય તો કુંવારી કન્યા લગ્ન માટે મળી રહે છે પણ છૂટાછેડા લીધેલ સ્ત્રીને કુંવારો પુરુષ લગ્ન માટે ભાગ્યે જ મળી રહે છે. તેને તો છૂટાછેડાવાળો કોઈ પુરુષ જ શોધવો પડે છે.

વિધવા કે વિધુર પણ લગ્ન બીજા કરી શકે છે પરંતુ તેનું લગ્ન વિધિસર કરવામાં આવતું નથી. તે માત્ર વિધુર કે કોઈ પરણેલા પુરુષના ઘરમાં બેસે છે. વિધુરની ઉંમર મોટી ન હોય તો લગ્ન માટે કુંવારી છોકરી મળી રહે છે. આ પુનઃલગ્ન માટે બે ચાર હજારનો ખર્ચ થાય છે. એમાં ખાસ વિધિઓ કરાતી નથી. માત્ર તેડવા જાય છે.

મૃત્યું :-

ગરાસિયાઓમાં માણસના મૃત્યુ બાદ તેના શરીરને બાળવામાં આવે છે. કોઈ મોટો વડીલ માણસ મૃત્યુ પામે તો ઢોલ વગાડી ખબર આપે છે. નાનું બાળક મરી જાય તો દાટવામાં આવે છે. કોઈ પુરુષનું અકસ્માત, આપઘાત કે ખૂનથી મોત થાય તો તેને દાટી તેના ઉપર પથ્થરનો ઓટલો બનાવી પાળીઓ મૂકાય છે. સગવડ ન હોય તો બનાવતા નથી.

તેમનામાં મૃત્યુનો શોક આઠ દિવસ રાખે છે. જેને બાળે તેનું બારમું આઠમા દિવસે કરવામાં આવે છે. બારમાના દિવસે 'કાતરીયા' એટલે કે પુરુષો માથું મુંડાવી, મૂછ ઉતરાવે છે. બારમામાં ખીચડી અને ચૂરમું બનાવી સંબંધીઓને અને ગામના લોકોને ખવડાવે છે. મૃત્યુબાદ નજીકના તહેવારો ઉજવતા નથી.

અહીંના ગરાસિયાઓમાં પિતૃઓની તૃપ્તિ માટે શ્રાધ્ધ કરાય છે. જે દર વર્ષે ન ઉજવતાં ૨૫ કે ૫૦ વર્ષે અથવા વચ્ચે વર્ષ સારું હોય ત્યારે કરાય છે. બાકી તો શ્રાધ્ધ એકજ દિવસે એક સાથે બે-ત્રણ ગામમાં નકકી કરીને મોટી સંખ્યામાં લોકો ભેગા થઈને ઉજવે છે. તેઓ ગરોડા, પાસે વિધિ કરાવે છે. અને પિતૃઓના પિંડ મૂકાવી આત્માઓને તૃપ્તિ કરાવે છે. આ પાછળનો ખર્ચ ભાગ લીધેલા બધા જ કુટુંબોનો ગણાય છે. જ્યાં સુધી કોઈ પોતાના પિતૃઓનું શ્રાધ્ધ કરે નહીં ત્યાં સુધી લાલ પાઘડી બાંધે નહીં. શ્રાધ્ધ થયા બાદ નજીકના સગાસંબંધીઓ પાઘડી બંધાવે છે.

<u>ધાર્મિક જીવન</u> :-

રીંછડી ગામના ગરાસિયાઓના ધર્મમાં જડ કે ચેતનામાં દેવશક્તિની કલ્પના કરી તેની પૂજા, જેમાં પિતૃપૂજા, ભૂતપ્રેતની માન્યતા, ડાકણ, જાદુમંત્ર વગેરેને તેઓ માને છે. તેઓ આજ ધાર્મિક રીતરિવાજો 'ભયપ્રેરિત' રીતે રૂઢિગત પ્રથામાં પરંપરાથી કરતા આવે છે. તેઓ માત્ર ભુવા-ભગતના કહેવાથી આ બધું કરે છે. તેમનો પોતાનો ધર્મ અંગેનો આ એક અલગ પ્રકારનો ભાગ છે. જોકે વર્ષોથી હિંદુઓના સહવાસને કારણે થોડી અસરો જરૂર દેખાય છે પણ તેમાં માત્ર આદિવાસી દેવદેવીઓ સાથે હિંદુઓના એકાદ બે દેવીદેવતાઓનો વધારો થયો છે. બાકી તેમની પુરાણી પૂજાવિધિ, બલિદાનો, દારુ ધાર, મસ્તીમાં દેવીને રિજવવી, નાચવું, ધુણવું, ગાવું વગેરે ચાલે છે. જો કે થોડું ઓછું થયું હોય તેમ જરૂર માનવું પડે.

આ લોકો તહેવારોમાં દિવાળી, હોળી, ઉતરાયણ ઉજવે છે, છતાં મુખ્ય તહેવાર તો હોળીને જ મનાવે છે. આ સિવાય તેમની દેવ-દેવીઓમાં વધારે ભયપ્રેરિત અને નુકશાન કરનાર દેવ-દેવીઓને બકરુ કે મરઘુ વધેરી દારુની ધાર દઈ પ્રસન્ન કરે છે જે નુકશાન ન કરે તેની મીઠી પૂજા માગ કરે છે જેમાં ચૂરમુ, ઘી, ગોળનું વધામણું હોય છે.

તેમની દેવદેવીઓમાં (૧) કરકરી માતા (૨) દેવરા (૩) માતાની પૂજા (૪) ભૈરવ

આ ગામના ગરાસિયા હજુ ભૂતપ્રેતમાં અને ડાકણમાં માને છે. હજુ ગામમાં ત્રણચાર ભૂવા છે જેમણે ધાર્મિક વડા તરીકે તેઓ માને છે.

તેમની પાસે ભૂતપ્રેત-ડાકણની વિધિઓ, ઢોરના માંદવાળની વિધિમાં દાણા જોવડાવવા, મરઘા-બકરા-વધેરવાની માનતાઓ રાખવી વગેરે કરે છે. જો કે આજે તેમનામાંના ઘણા બિમારી આવતાં સંબાજી દવાખાને જતા થયા છે.

શિક્ષણ :-

હાલમાં ગામમાં ૧ થી ૪ ધોરણની શાળા છે. આ ઉપરાંત આશ્રમશાળા નજીકમાં છે. ૧૯૭૧માં પણ ૧ થી ૪ ધોરણની શાળા હતી. ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામની કુલ વસતિમાંથી (૨૬૧) માત્ર ૧૦ વ્યક્તિઓ શિક્ષિત હતી. આમાંથી કોઈપણ ચાર ધોરણથી વધુ અભ્યાસ કર્યો હોય તેવી નહોતી એટલે કે કુલ વસતિમા ૩.૮૩ ટકા શિક્ષિત વસતિ હતી.

૧૯૭૧માં ૨૮૮ની કુલ વસતિમાંથી માત્ર ૪ વ્યક્તિઓ શિક્ષિત જાણવા મળી હતી તે પણ માત્ર પુરુષો જ હતા. એટલે કે કુલ વસતિના માત્ર ૧.૩૯ ટકા જ વસતિ શિક્ષિત હતી. આમ ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં શિક્ષણનું પ્રમાણ ઘટવા પામ્યું હતું.

૧૯૮૧ના સેન્સસ પ્રમાણે કુલ વસતિ (૫૧૩)માં ગામમાં કુલ શિક્ષિતોનું પ્રમાણ ૧.૧૭ ટકાનું હતું. જેમાં માત્ર પુરુષો જ શિક્ષિત હતા. આમ ૨૦ વર્ષના ગાળામાં શિક્ષણની સ્થિતિ ખાસ સુધરવા પામેલી જાણવા મળી નથી.

તપાસના કુટુંબોમાંથી શિક્ષણની સ્થિતિમાં શિક્ષણ પામેલા, અશિક્ષિત અને ચાલુ શિક્ષણવાળા જાણવા મળ્યા હતા. જે નીચે મુજબ હતા.

| | શિક્ષિત | | અશિક્ષિત | | શિક્ષણ ચાલુ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| | ૪ | – | ૪૩ | ૪૬ | ૩ | ૧ | ૫૦ | ૪૭ |
| ટકા | ૮.૦૦ | – | ૮૬.૦૦ | ૯૭.૮૭ | ૬.૦૦ | ૨.૧૩ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

-૦-૦-

## -:: પ્રકરણ-૪ ::-

## -:: આર્થિક જીવન- ૧૯૮૯ ::-

<u>વ્યવસાય</u> :-

ગામના મુખ્ય ધંધામાં ખેતી અને મજૂરી ગણી શકાય. ૧૯૮૧ના સેન્સસ પ્રમાણે કામ કરતા લગભગ બધા જ સભ્યો ખેતીના ધંધામાં રોકાયેલા હતા. તપાસ વખતે પણ ગામના બધા જ કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ગામના બધા જ કુટુંબો ખેતીની વત્તી ઓછી જમીન ધરાવે છે. તપાસના કુટુંબોની કુલ આવકમાં ૫૭.૭૧ ટકા જેટલી આવક ખેતીના વ્યવસાયમાંથી મળે છે. બાકીની આવક ખેતમજૂરી, પશુપાલન, અન્ય છૂટક મજૂરી, ગૃહઉદ્યોગ (વન મજૂરી)માંથી મળે છે.

૧૯૮૧ના સેન્સસ પ્રમાણે ગામની કુલ ૫૧૩ ની વસતિમાંથી ૩૭૪ કામ કરતી અને ૧૩૯ કામ ન કરતી વ્યક્તિઓ હતી. એટલે કુલ વસતિમાં ૬૫.૬૯ ટકા કામ કરનારા અને ૩૪.૩૧ ટકા કામ ન કરનારની વસતિ હતી. આ કામ નહીં કરનાર વસતિમાં બાળકો, પ્રૌઢો અને અશક્ત વ્યક્તિઓ હતી. ગામમાં કામ કરનારની ટકાવારીમાં સ્ત્રી-પુરુષોનું સારું એવું પ્રમાણ છે. કામ કરનારની ટકાવારી જોઈએ તો રાજ્ય, જિલ્લા, તાલુકા કરતાં પ્રમાણ ગામમાં ઊંચું પ્રમાણ છે. જે કોઠા નં. ૪.૧માં દર્શાવેલ પ્રમાણે જોવાથી ખ્યાલ આવશે.

-:: કોઠા નં. ૪.૧ ::-

| ક્રમ | વિગત | કામ કરતી વસતિની ટકાવારી કુલ વસતિમાં - |
|---|---|---|
| ૧. | ગામ | ૬૫.૬૯ |
| ૨. | તાલુકો | ૨૯.૯૪ |
| ૩. | જિલ્લો | ૩૦.૩૧ |
| ૪. | રાજ્ય | ૩૨.૨૩ |

ઉપરના કોઠામાં જોઈશું તો કામ કરતી વસતિનું પ્રમાણ સૌથી વધારે રીંછડી ગામમાં છે જે તાલુકા, જિલ્લા અને રાજ્યની કામ કરતી વસતિ કરતાં ઘણું વધારે જોવા મળે છે. ગામમાં આમ તો મહદઅંશે ખેતી, પશુપાલન સિવાય અન્ય કોઈ આજીવિકાનું સાધન નથી. બહુ થોડા લોકો ગામમાં વનમજૂરી, ખેતમજૂરી કે અન્ય મજૂરી કરે છે. ગામમાં સિંચાઈની સુવિધા વધી છે.

ગામમાં ૫૧૩ની વસતિમાંથી કામ કરતી વસતિ ૩૭૪ વ્યક્તિઓનું છે. એટલે કે દસ-દસ વ્યક્તિએ સાત વ્યક્તિઓ કામ કરે છે અને તેની સાથે ત્રણ વ્યક્તિઓ તેમના ઉપર નભે છે. ખેતીના વ્યવસાયમાં પુરુષોની સાથે ખેતી કામમાં સ્ત્રીઓ પણ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

૧૯૮૧ના સેન્સસની માહિતી પ્રમાણે જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલ કામ કરતી વસતિ જોઈએ.

## -:: કોઠા નં. ૪.૨ ::-

### -:: જુદા જુદા વ્યવસાયમાં કામ કરતી વસતિ (૧૯૮૧-૮૨માં) ::-

| ક્રમ | વિગત | રાજ્ય | બનાસકાંઠા | દાંતા | રીંછડી |
|---|---|---|---|---|---|
| ૧. | ખેતી | ૩૭.૪૬ | ૫૮.૭૬ | ૫૬.૮૧ | ૬૫.૧૦ |
| ૨. | ખેતમજૂરી | ૨૨.૬૫ | ૧૮.૫૭ | ૮.૯૫ | - |
| ૩. | ખાણ-પશુપાલન અન્ય | - | - | - | - |
| ૪. | ગૃહઉદ્યોગ સિવાય | - | - | ૧૩.૭૦ | - |
| ૫. | ગૃહઉદ્યોગ | ૨.૪૪ | ૨.૫૦ | ૧.૪૪ | - |
| ૬. | અન્ય સેવાઓ | ૩૭.૪૫ | ૨૦.૭૭ | ૧૯.૧૦ | ૩૪.૯૦ |
| | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આમ ગામના આર્થિક વિકાસનો આધાર ખેતી ઉપર છે. એટલે ખેતી એ આવકનું મહત્વનું સાધન છે. તે ઉપરથી હકિકત પરથી જાણી શકાય છે. એટલે કે ગામમાં ખેતી કરીને જીવનનિર્વાહ કરનારની સંખ્યા વિશેષ છે. ૧૯૮૧ના સેન્સસ પ્રમાણે ખેતીમાં કામ કરનારની સંખ્યા વિશેષ છે. XXXX બતાવી છે. પરંતુ હાલમાં ગામમાં તપાસ કરતાં હકિકતો જુદી જોવા મળી છે. આજે ગામમાં ખેતી સાથે પશુપાલન, ખેતમજૂરી અન્ય છૂટક XXXમજૂરી (બાંધકામ અને બીજી) કરીને જીવન-નિર્વાહ ગોઠવાઈ એવી કેટલાક કુટુંબોની જોવા મળે છે. જોકે કોઈપણ વ્યકિતને તેમાં બારેમાસ પૂરો સમય કામ મળતું નથી. વર્ષમાં ઉનાળે, શિયાળે કે ચોમાસે કેટલાક દિવસો કામ વિના બેસી રહેવું પડે છે. આમ અર્ધ બેકારીને કારણે પણ તેમની કુટુંબદીઠ અને માથાદીઠ આવકનું

પ્રમાણ નીચું છે. આમ કામ કરનારની સભ્ય સંખ્યા વિશેષ હોવા છતાં તેમની સ્થિતિ જોવા મળે છે. કારણ કે કામ કરતી સ્ત્રીઓ ખેતીમાં કાપણી, સિંચાઈ, નિંદામણ કે બીજા કામો ઉપરાંત પશુઓના કે બીજા મજૂરીના કામો કરતી હોવાથી ઓછી જમીનવાળાને તેની મજૂરીમાંથી મળતી આવક બંધ થઈ જાય છે.

આમ ઘણા વર્ષોના સમય પછી પણ તેમના ધંધામાં ખાસ પરિવર્તન આવ્યું નથી. આજે પણ જીવન જીવવા માટે મહદઅંશે ખેતી ઉપર જ આધાર રાખવો પડે છે. થોડા કુટુંબો પશુપાલન કે છૂટક મજૂરી-માંથી થોડી રોજી મેળવતા થયા છે. જે તપાસના કુટુંબોમાં ગાય-ભેંસની દૂધની આવક થતી જોવા મળી હતી, તેટલી બીજા વ્યવસાયોની નહોતી. એટલે તેમના નિર્વાહ માટે પશુપાલન એક પૂરક વ્યવસાય બને તેમ છે. આમ ખેતી સિવાય બીજા વ્યવસાયોની તેમની આવક ઝાઝી જાણવા મળી નહોતી. આમ પશુપાલન કે ખેતમજૂરી માટે પણ ખેતીનો વ્યવસાય હોવા તેમના માટે જરૂરી છે. કારણ કે ખેતીની જમીન હશે તોજ ખેતમજૂરી કે પશુપાલનનો વ્યવસાય શક્ય બનશે.

આમ ખેતી એ આવકનું મહત્વનું સાધન છે. આ મહત્વના સાધન માટે જમીન તથા ~~xxx~~ તેની સાથે અન્ય સાધનો જાણવા મળ્યા હતા. જે નીચે મુજબ હતા જે તેમની આજીવિકામાં મહત્વનો ફાળો આપતા હતા.

જમીન :-

'રીંછડી ગામની કુલ જમીન ૧૯૮૧ના સેન્સસ મુજબ ૬૭૯.૬૬ એકર-ગૂંઠા છે જેમાંથી ખેતીલાયક જમીન ૧૨૪.૦૦ એકર-ગૂંઠા છે. ગામની

વસતિ ૧૯૮૧ પ્રમાણે ૫૨૩ વ્યક્તિઓની છે. એટલે વ્યક્તિદીઠ ૧.૩૨ એકર-ગૂંઠા જમીન આવે. ગામના કુલ ૯૨ કુટુંબો હોય તો કુટુંબદીઠ ૭.૩૮ એકર-ગૂંઠા જમીન થાય. આમ છેલ્લા દાયકાના વસતિ વધારાને કારણે કુટુંબદીઠ અને વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ ઓછું થવા પામ્યું છે.

૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામનો કુલ રકબો ૬૭૯.૬૬ ટકા એકર-ગૂંઠાનો છે. આમાંથી ખેતીની ખેડાણ જમીન ૧૨૪ એકર હતી એટલે કે ગામના કુલ વિસ્તારના માત્ર ૧૮.૨૪ ટકા વિસ્તાર ખેડાણ નીચે હતો અને બાકીનો પર્વતોનો તથા ખેતી ન થઈ શકે તેવો હતો. એટલે કે જંગલ વિસ્તાર હેઠળ સૌથી વધુ વિસ્તાર ૮૦.૪૮ ટકા જેટલો વિસ્તાર હતો. બાકીનો ૧.૨૮ ટકા ખેડી ન શકાય તેવો વિસ્તાર હતો. આમ દાંતા તાલુકાના ખેડાણ વિસ્તાર કરતાં રીંછડીનો ખેડાણ વિસ્તાર ખૂબ ઓછો કહી શકાય. રીંછડીનો કેટલોક ભાગ ઊંચા નીચા ડુંગરો અને ટેકરીઓથી ઘેરાયેલો છે. એટલે કુલ જમીનમાં ખેતી હેઠળનો વિસ્તાર ખુબ ઓછો છે. જ્યાં સપાટ ભાગ છે ત્યાં ખેતી કરવામાં આવે છે. એટલે જ તો કુલ ગામની જમીનમાંથી ખેતી હેઠળની જમીન ખૂબ ઓછી છે.

ગામનો કુલ વિસ્તાર ૬૭૯.૬૬ એકર-ગૂંઠાનો છે. જેમાં ખેતી માટે માત્ર ૧૮.૨૪ ટકા જમીન છે. જે ખૂબ ઓછો જમીન વિસ્તાર છે. ગામનો બાકીનો વિસ્તાર નાના મોટા ડુંગરા અને જંગલ વિસ્તાર ઉપરાંત તળાવ હેઠળ આવેલો છે. જે જમીન છે તેમાંથી ગામના કુટુંબોનું ભરણપોષણ કરવાનું છે. મુખ્ય વ્યવસાય પણ ખેતી છે એટલે જીવનનિર્વાહ ગોઠવવો કેટલો કઠિન હશે એ ગામના કુટુંબોની સંખ્યા અને ખેડાણ

હેઠળના વિસ્તાર પરથી ખ્યાલ આવશે. ગામની જમીન કુલ ૯૨ કુટુંબો વચ્ચે ૧૨૪ એકર વહેંચાયેલી છે. આમાં કેટલાક કુટુંબો પાસે વધારે તો કેટલાક કુટુંબો પાસે ખૂબ ઓછી જમીન છે.

આમ તો કુટુંબ પાસે કેટલી જમીન છે તેના ઉપરથી તેની આર્થિક સ્થિતિનો અંદાજ બાંધી શકાય પણ આ આર્થિક સ્થિતિ માત્ર જમીન ઉપર નિર્ભર નથી. જમીન ઉપરાંત જમીનની જાત, ખેડૂતની સ્થિતિ, સિંચાઈની સગવડો, વાવણી પધ્ધતિઓ, આબોહવા, વરસાદ, ખેતીના સાધનો, ધિરાણની સગવડો વગેરે ઉપર ખૂબ મોટો આધાર રાખે છે. આ બધા પરિબળોની અનુકૂળતા હોય તો સારી આવક પ્રાપ્તિ મેળવી શકાય.

૧૯૮૧ની વસતિ પ્રમાણે ગામની જમીનનું કુટુંબદીઠ અને વ્યક્તિ-દીઠ પ્રમાણ જોયું. હવે તપાસેલ કુટુંબોમાં આ કુટુંબદીઠ પ્રમાણ કેટલું છે તે જોઈએ.

કોઠા નં. ૪.૩માં દર્શાવ્યા પ્રમાણે તપાસેલ ૨૨ કુટુંબોમાંથી ૨.૫ થી ૫.૦ એકર જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા સૌથી વધારે છે. કુલ કુટુંબોમાંના ૫૪.૫૫ ટકા કુટુંબો તેમાં આવે છે. આ ૫૪.૫૫ ટકા કુટુંબો કુલ ખેડાણ જમીનના ૪૧.૨૮ ટકા જમીન ધરાવે છે. બાકીના ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા ૯.૦૯ ટકા કુટુંબો, ૫.૦ થી ૭.૫ એકર જમીન ધરાવતા ૨૨.૭૩ ટકા કુટુંબો અને ૭.૫ થી ૧૦.૦ એકર જમીન ધરાવતા ૧૩.૬૪ ટકા કુટુંબો છે. અહીં જોવા મળે છે તે મુજબ ઓછી જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા વધારે છે જ્યારે વધારે જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા ખૂબ ઓછી છે.

## -:: કોઠા નં. ૪.૩ ::-

## -:: જમીનના કદ પ્રમાણે કુટુંબો અને જમીન વહેંચણી ::-

| ક્રમ | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન એકર-ગુંઠા | કુટુંબદીઠ | કુલ કુટુંબના ટકા | કુલ ધારણ કરેલ જમીનના ટકા | કુલ વસતિ | વ્યકિતદીઠ જમીન સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦.૦ થી ૨.૫ | ૨ | ૩.૨૫ | ૧.૬૨ | ૯.૦૯ | ૨.૮૭ | ૬ | ૦.૫૪ |
| ૨. | ૨.૫ થી ૫.૦ | ૧૨ | ૪૭.૧૭ | ૩.૯૩ | ૫૪.૫૫ | ૪૧.૬૭ | ૫૪ | ૩.૯૩ |
| ૩. | ૫.૦ થી ૭.૫ | ૫ | ૩૨.૫ | ૬.૫ | ૨૨.૭૩ | ૨૮.૭૧ | ૨૫ | ૧.૩ |
| ૪. | ૭.૫ થી ૧૦.૦ | ૩ | ૨૯.૫ | ૯.૮૩ | ૧૩.૬૪ | ૨૬.૦૬ | ૧૨ | ૨.૪૬ |
| ૫. | કુલ | ૨૨ | ૧૧૩.૨ | ૫.૧૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૯૭ | ૧.૧૭ |

ગામમાં ખેતીનો વ્યવસાય મુખ્ય હોવા છતાં જમીન વહેંચણીનું પ્રમાણ સરખું નહિ હોવાથી ગામના થોડા વર્ગ પાસે વધારે પ્રમાણમાં જમીન અને વિશાળ વર્ગ ઓછી જમીન હોય, ગામનો ૭૦ ટકા જેટલો વર્ગ માત્ર ખેતીના ધંધામાંથી નિર્વાહ જેટલી આવક મેળવી શકવાને સમર્થ નથી. તેમાંય ઓછી જમીન અને ઓછી આવકને કારણે સારા સાધનો, બિયારણ, ખાતર, દવાઓ વગેરે વાપરી શકતો નથી. જેને કારણે તેની જમીનમાંથી પાકો થવા જોઈએ તે થતા નથી.

આમ સમગ્ર રીતે જોઈએ તો ગામના તપાસના ૩ કુટુંબો કુટુંબદીઠ સૌથી વધુ જમીન ધરાવે છે. કુટુંબ સંખ્યા અને કુટુંબકદ સાથે આ જમીન જોઈએ તો ચોકક્સ ખ્યાલ આવશે કે કુટુંબદીઠ અને વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ કેટલું નીચું છે. આગળના કોઠા નં. ૪.૩માં જોયું તો કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૫.૧૫ એકર-ગૂંઠા છે પણ વ્યકિતદીઠ આ પ્રમાણ ઘણું નીચું આવે છે. જે વ્યકિતદીઠ જોઈએ તો ૧.૧૭ એકર-ગૂંઠા જમીન આવે.

આમ રીંછડીના તપાસના કુટુંબોમાં વ્યકિતદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ ૧.૧૭ એકર-ગૂંઠાનું છે. કોઠા નં. ૪.૩માં કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૫.૧૫ એકર-ગૂંઠા છે. જેમાં જુદા જુદા જમીનના કદમાં જેમ જેમ કદ વધતું જતું હતું તેમ તેમ કુટુંબદીઠ જમીનનું પ્રમાણ પણ વધતું જોવા મળે છે. ૭.૫ થી ૧૦.૦૦ એકર જમીન ધરાવનાર ૩ કુટુંબો હતા. જેમની જમીનનું પ્રમાણ ૨૯.૫ એકર-ગૂંઠા હતું. જેમાં ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવનાર જૂથમાં વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ ૯.૮૩ એકર-ગૂંઠા છે. તપાસેલ કુટુંબોમાં કુટુંબદીઠ અને વ્યકિતદીઠ સરેરાશ

જમીનના પ્રમાણમાં ૨.૫ થી ૫.૦ એકર જમીનમાં તફાવત નથી. એ સિવાયના જમીન કદના ગ્રૂપોમાં ખાસ તફાવત નથી. ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા ગ્રૂપના વિભાગમાં વ્યક્તિદીઠ જમીન પ્રમાણ ૦.૫૪ એકર-ગૂંઠા છે. આ પ્રમાણ ઘણું ઓછું ગણાય. માત્ર ૦.૫૪ ગૂંઠા જમીનમાંથી એક વ્યક્તિને વાર્ષિક પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા માટેનું ઉત્પાદન ખેતીની આધુનિક ટેકનિકો દ્વારા પણ શક્ય નથી. જો આ શક્ય નથી તો આવી અસંખ્ય વ્યક્તિઓનો જીવનનિર્વાહ માત્ર ખેતી જ છે. અને ખેતી માટે જમીનનું પ્રમાણ ખૂબ ઓછું છે. ૭ થી ૧૦ એકર જમીન ધરાવતા માત્ર ૩ કુટુંબો જ છે. ૫ એકરથી વધારે જમીન ધરાવતા ૫ કુટુંબો છે જ્યારે ૫ એકરથી ઓછી જમીન ધરાવતા ૫૪.૫૫ ટકા કુટુંબો છે.

બધી જ જમીન વ્યક્તિગત માલિકીની છે. જમીનની અછતને કારણે આદિવાસી લોકો પોતાની જમીનનું વેચાણ કરતા નથી. કોઈ આદિવાસી કુટુંબને પણ જમીન વેચાતી મળતી નથી કારણ કે દરેક ખેતી કરતા કુટુંબ પાસે જરૂર કરતાં ઓછી જમીન છે. તેમની જમીનના અનેક ટૂકડાઓ હોય છે જેમાં અનેક ભાગીદારો હોય છે. જેઓ ખેતી કરીને ભાગ વહેંચે છે.

<u>મુખ્યપાક</u> :-

બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય પાક બાજરીનો છે. જ્યારે દાંતા તાલુકામાં મુખ્ય પાક મકાઈનો છે. મકાઈ સાથે કઠોળ કરે છે. રીંછડીનો મહત્વનો પાક મકાઈનો છે. ગામમાં છેલ્લા કેટલાક વર્ષોથી તળાવ, કૂવાની સિંચાઈનો લાભ મળવાથી શિયાળુ ખેતી કરવામાં આવે છે.

જોકે તપાસના વર્ષો ગામમાં વરસાદ સારો આવ્યો હોવા છતાં તળાવમાં પાણી ઓછું છે એને લીધે ઉનાળે વાવેતર શક્ય બનતું નથી. જોકે ચોમાસું ખૂબ સારું હોય છે ત્યારે દુબારી વાવેતરનો વિસ્તાર વધી શકે તેવી શક્યતાઓ છે જેને કારણે તળાવમાં પાણી સારું આવે એટલે ખૂબ અનુકૂળ બને છે. વળી છેલ્લા થોડાક વર્ષોમાં કુવાનું પ્રમાણ વધવાથી શિયાળુ પાકો કૂવાની સિંચાઈ ધ્વારા કરી શકાય છે.

દાંતા તાલુકાના બીજા વિસ્તારના ગામો કરતાં રીંછડી ગામ ખૂબ જ ડુંગરાળ વિસ્તારવાળું છે જેથી બીજે થાય છે એવા પાકો અહીં શકય બનતા નથી. તેમ છતાં શિયાળુ પાકો સિંચાઈને કારણે ગામમાં ઘઉં, રાયડાના વધ્યા છે. એ સિવાય ચણાનો પાક તેઓ કરે છે. શાકભાજી કોઈ ઉગાડતું નથી એટલે ગામમાં મકાઈ, જુવાર, ઘઉં, રાયડો જેવા પાકો આજે થતા ગણાવી શકાય.

<u>વાવેતર પધ્ધતિ</u> :-

આજે પણ આ વિસ્તારમાં નવી ખેતપધ્ધતિઓનો વિકાસ બિન આદિવાસી વિસ્તારની દૃષ્ટિએ પછાત રહેવા પામ્યો છે. કુદરતી પરિબળોને બાદ કરતાં સિંચાઈ, ખાતર, બિયારણ ખેત ઉત્પાદન ઉપર મહત્વની અસર કરે છે. જમીન નબળી હોય તો પણ ઉપરની ત્રણ પ્રક્રિયા જરૂરી પ્રમાણમાં પૂરી પાડવામાં આવે તો સારું ઉત્પાદન મેળવી શકાય છે. ખેતીમાં બીજું મહત્વનું પરિબળ સમયને ગણી શકાય જેમાં ખરસ કરીને વાવણીનો સમય ખૂબ જ મહત્વનો ગણી શકાય. સમયે વાવેતર થાય તો ખેતીમાં ફાયદો થાય છે. નહીં તો ખેતીમાં ખોટ સહન કરવી પડે છે.

રીંછડીમાં આદિવાસી ગરાસિયા ખેડૂતોમાં આળસનું પ્રમાણ હજુ વધુ છે. તેમની આજીવિકાનું ખેતી સાધન હોવા છતાં મહેનત, ખંત, કાળજી તેઓ બિલકુલ રાખતા નથી. ઋતુની શરૂઆતથી ખેતીમાં આળસ રાખે છે તેથી પાછળથી ગમે તેટલી મહેનત કરે છતાં યોગ્ય ફળ મેળવી શકતા નથી. બીજુ તેઓ વાવણી પધ્ધતિમાં હજુ સોકળે ગાળે, મિશ્ર પાકો કરે છે જેથી છોડની વૃધ્ધિ થતી નથી અને સાથે સાથે ઉતાર પણ સારો આવતો નથી.

<u>સિંચાઈ</u> :-

દાંતા તાલુકામાં કુવા, તળાવો ધ્વારા તેના ઉપર ઓઈલ એન્જિન જેવા સાધનોથી સારી સિંચાઈની સગવડો છે. રીંછડીમાં પણ રીંછડી તળાવથી સિંચાઈની સુવિધા થઈ છે. રીંછડી તળાવ રીંછડી ગામથી ઉપરના ભાગમાં હોઈ રીંછડીની નીચેની બધી જ સપાટ જમીનમાં સિંચાઈ શક્ય બને છે પરંતુ ઉપરના ધાટ વિસ્તારમાં આ તળાવથી સિંચાઈ શક્ય નથી એટલે ધાટ વિસ્તારની ઉપરના ડુંગરમાં બીજું આવું તળાવ તૈયાર કરાય તો આ ધાટ વિસ્તારને પણ પાણી મળે તેમ છે. કેમ કે આગળથી આવતુ પાણી ધાટથી થોડે દૂર રોકી આ સિંચાઈની સુવિધા ઉભી થઈ શકે તેમ છે. એ રીતે ગામમાં આજે ૨૮ જેટલા કૂવા છે. જેમાં છેલ્લા પાંચ સાત વર્ષથી થોડાક વધ્યા છે, જેના ઉપર એન્જિન મૂકી સિંચાઈ થાય છે. વાવના પાણીની સિંચાઈ હજુ ચાલુ છે. આવી સિંચાઈની સુવિધાઓને કારણે ઘઉં, રાયડાનું વાવેતર આજે વધવા પામ્યું. એટલે આ લોકો કુવાનું મહત્વ સમજતા થયા છે અને તેને લઈને એક કરતાં વધુ પાકો લેતા થયા છે. તપાસ સમયે ગુજરાત જળસંપતિ નિગમ મારફતે

એક પાતાળ કૂવાનું ખોદકામ ચાલુ હતું એટલે તેનાથી પણ નજીકમાં સિંચાઈ વધશે. ગામમાં એ સિવાય પથ્થર નીકળવાથી નાણાંના અભાવે ઘાટ વિસ્તારના થોડાક કૂવા નિષ્ફળ ગયેલા છે. તેને જો સહાય થાય તો પણ તે સિંચાઈ માટે કામ આવી શકે તેમ છે. આમ ગામમાં સિંચાઈની સુવિધાઓ વધવા સાથે ખેતીની આવકમાં ફેર પડયો છે. કુવાની લોન અને સબસીડી મળતી હોવાથી લોકો કૂવા ખોદવા તરફ સારું ધ્યાન આપે છે. પહેલાં કોસથી જ સિંચાઈ કરતા હતા, હવે એન્જિન મૂકીને સિંચાઈ કરતા જોવા મળે છે.

<u>બિયારણ-ખાતર</u> :-

સિંચાઈ પછી બિયારણ એ મહત્વનું સાધન ગણી શકાય. રીંછડી ગામમાં સિંચાઈની સુવિધાઓ તો છેલ્લા દાયકા દરમિયાન વધવા પામી છે. એટલે રીંછડીના ખેડૂતોને પાક માટે મકાઈના બિયારણની જરૂર પડે છે. કેટલાક ખેડૂતો જરૂર પૂરતું બિયારણ સાચવી રાખે છે. કેટલાક ખેડૂતો વાવેતર સમયે અંબાજીથી ખરીદી લાવે છે તે પણ શાખ ઉપર લાવે છે. તેઓ ક્યારેક ખરાબ બિયારણને કારણે ઓછું ઉત્પાદન આપે છે. આમ વધુ ભાવે બિયારણ લાવ્યા પછી ઓછું ઉત્પાદન મળે છે. હજુ કેટલાક દેશી બિયારણો જૂની ઢબે વાવી ઉત્પાદન લે છે. જેથી ઓછું ઉત્પાદન મળે છે. જે હાઈબ્રીડ વાપરે છે તેને વધુ ઉપજ મળે જ છે. કેટલાક વાવેતરમાંથી નિંદામણ કાઢવામાં આળસ કરે છે જેથી પણ પાક ઉતાર ઓછો મળે છે. આગળ કરતાં ગ્રામસેવક સારો હોઈ નવા બિયારણના કિટસ કેટલાક વાપરતા થયા છે છતાં તેમને વાવણી પધ્ધતિનું જ્ઞાન હજું પૂરતું નહીં હોઈ નુકસાન થાય છે.

આજે રીંછડીમાં પહેલાં કરતાં ખેડૂતો રાસાયણિક ખાતર વધુ વાપરતા થયા છે. કેટલાક પૈસાના અભાવે વાપરતા નથી. ઘઉં જેવા પાકમાં તેમના [illegible] ખાતરો ઘણા હવે વાપરતા જોવા મળ્યા હતા. હજુ ગામના મોટાભાગના ખેડૂતો છાણીયું ખાતર વિશેષ વાપરતા હતા. હજુ ઘણાને રાસાયણિક ખાતર વિશેની પૂરેપૂરી માહિતી નથી.

<u>ખેતીના સાધનો</u> :-

ખેતીના સાધનોમાં મુખ્ય હળ ગણી શકાય. તે પછી કરબ, કરબડી, નાના ઓજારો (ખુરપી, દાતરડું, કુહાડી, પાવડો, કોદાળો) વાવણિયો, સમારનો ઉપયોગ કરે છે. હળ હલકી કક્ષાના હોય છે. બધા ખેડૂતો ખેતીના પૂરતા સાધનો વસાવી-રાખી શકતા નથી. તેઓ એકબીજાના માગીને પણ ચલાવી લે છે. કેટલાક પાસે બળદ પણ એક જ જોવા મળે છે. જેઓ એકબીજાનો લઈને ખેતીમાં કામ કરી લે છે. ખેતીના આ બધા ઓજારો તેઓ અંબાજીથી ખરીદે છે કે જાતે બનાવે છે. ખેતીમાં ઉપયોગી ગાડાની સંખ્યા ખૂબ જ ઓછી જોવા મળે છે.

રીંછડીમાં પહેલાં કોસથી સિંચાઈ થતી હતી જેને સ્થાને એન્જિન આવતાં તેની સંખ્યા ઓછી થઈ જવા પામી છે. ખેતીના સાધનો જમીન કદ પ્રમાણે કોઠા નં. ૪.૪માં દર્શાવ્યા પ્રમાણે છે.

## -:: કોઠા નં. ૪.૪ ::-

## -:: ખેતીના સાધન ::-

| ક્રમ | જમીનનું કદ | હળ | કરબ | વાવણિયો | નાના ઓજારો | કૂવા ઝાડુ | એન્જિન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦.૦થી ૨.૫ | ૨ | ૧ | - | ૫ | - | - | ૮ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૧૩ | ૧૧ | ૭ | ૪૬ | ૧૦ | ૭ | ૯૪ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૪ | ૪ | ૩ | ૩૮ | ૩ | ૧ | ૫૪ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૪ | ૨ | ૨ | ૮ | ૨ | ૧ | ૧૯ |
| | કુલ | ૨૩ | ૧૮ | ૧૨ | ૯૭ | ૧૫ | ૧૦ | ૧૭૫ |

### ખેતી વિકાસ અને ધિરાણ :-

રીંછડી ગામમાં આદિવાસી કુટુંબોની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાને કારણે કોઈ બચત કરી શકે તેમ નથી. કેટલાકને વાર્ષિક આવકમાંથી જીવનનિર્વાહ જ માંડ માંડ ગોઠવાય છે. ઓછી આવક હોવાથી તેઓ ખેતીમાં ઓછું મૂડી રોકાણ કરી શકે છે જેને કારણે ઓછી આવક પ્રાપ્તિ થાય છે. આ માટે વધારે મૂડી રોકાણ કરી ખેતી સુધારવામાં આવે તોજ તેમની આર્થિક સ્થિતિ સુધારી શકાય.

-:: કોઠા નં. ૪.૫ ::-

-:: જમીનના કદ પ્રમાણે જુદા જુદા પાકોનું એકરદીઠ ઉત્પાદન (રૂપિયામાં) ::-

| ક્રમ | જમીનનું કદ | મકાઈ | તુવેર | ઘઉં | ચોખા | બંટી | અડદ | રાયડો | એરંડા | કુટુંબદીઠ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦૦ થી ૨.૫ | ૧૧૫૦.૦ | ૯૫૦.૦ | – | ૭૫ | ૫૦ | – | – | – | ૧૭૨૫ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૧૧૧૮.૭ | ૮૬૮.૩ | ૪૭૫.૦ | ૨૦૫.૦ | ૨૧.૬ | ૪૧.૬ | ૫૧.૬ | ૧૧૬.૬ | ૨૮૯૮ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૧૪૦૦.૦ | ૪૪૦.૦ | ૬૪૦.૦ | – | – | ૧૭૦.૦ | – | – | ૨૬૫૦ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૬૬૩.૩ | ૨૩૩.૩ | ૭૦૦.૦ | – | – | – | – | – | ૧૫૬૬ |
| ૫. | કુટુંબદીઠ | ૧૧૧૯.૩ | ૬૪૬.૩ | ૫૦૦.૦ | ૧૧૮.૬ | ૧૬.૩ | ૬૧.૩ | ૨૮.૧ | ૬૩.૬ | ૨૫૫૩.૦ |
| ૬. | ટકા | ૪૩.૮૩ | ૨૫.૩૧ | ૧૯.૫૮ | ૪.૬૫ | ૦.૬૪ | ૨.૪૦ | ૧.૪૦ | ૨.૪૯ | ૧૦૦.૦૦ |

રીંછડી ગામમાં ખેતી માટે જોઈએ તો મહત્વના ખર્ચ બિયારણ ગણાય. તે પછી ખાતર, પાણી, મહેસુલ હોય છે. આ માટે બિયારણો, ખાતરો, દવાઓ, ખેતીના સારા સાધનો વાપરતા થાય તો ખેતી વિકાસ શક્ય બને. આ માટે આ બધા માટે વધુ ધિરાણ, સબસીડીઓ આપવાની જરૂર છે. આમાંનું કેટલુંક ધિરાણ વસ્તુના રૂપમાં જ આપવું જોઈએ. કેમ કે રોકડમાં અપાય તો તે નાણાં ખર્ચ કે બીજે જરૂર પડે ત્યાં ખર્ચાઈ જાય છે તેથી તેનું આ રોકાણ બિન ઉત્પાદકીય બની આદિવાસી ખેડૂતોને દેવાદાર બનાવે છે.

આ માટે અહીંના ખેડૂતોને જાગૃતિના કાર્યક્રમમાં જોડી ઉત્સાહ આપવો જોઈએ. રીંછડીના ખેડૂતો અંબાજીને કારણે બહારના સંપર્કમાં આવવા છતાં જૂની પધ્ધતિઓ અપાવી શક્યા નથી. તેનામાં રહેલી અજ્ઞાનતા હજુ દૂર થઈ નથી. માત્ર થોડા નજરે દેખેલી વસ્તુઓ સ્વીકારી છે. આ માટે બીજા વિસ્તારોની જેમ બેંક દ્વારા થોડા પ્રયત્નો તેમનામાં કરાય તો તેના પરિણામો ટૂંકા ગાળામાં મળે તેમાં શંકા નથી.

<u>ખેતી ખર્ચ અને એકરદીઠ ઉત્પાદન :-</u>

૧૯૮૯ના (તપાસના વર્ષમાં) રીંછડીમાં કુલ વાવેતર હેઠળનો વિસ્તાર ૧૨૪ એકર હતો. જેમાં તપાસના કુટુંબોનો ચોખ્ખો વાવેતર હેઠળનો વિસ્તાર ૧૧૩.૨ એકર-ગૂંઠાનો હતો.

-:: કોઠા નં. ૪.૬ ::-

-:: જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ ખેતીખર્ચ (રૂપિયામાં) ::-

| ક્રમ | જમીનનું કદ | બિયારણ | રા.ખાતર છાણિયું વ. | ઓજારો | સિંચાઈ | દવાઓ | ઘાસ | જમીન મહેસુલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦.૦ થી ૨.૫ | ૨૫૦ | ૨૨૫ | ૧૦૦ | ૨૫ | - | - | ૧૬૨.૫ | ૭૬૨ |
| ૨. | ૨.૫ થી ૫.૦ | ૨૩૭.૫ | ૨૩૫.૪ | ૪૭.૯ | ૪.૧ | ૧૬.૬ | ૧૪૫.૮ | ૫૩.૬ | ૭૪૧ |
| ૩. | ૫.૦ થી ૭.૫ | ૧૯૫ | ૨૫૮ | ૬૦ | - | - | ૭૦ | ૧૧૧ | ૬૯૪ |
| ૪. | ૭.૫ થી ૧૦.૦ | ૧૯૦ | ૧૭૬.૬ | ૫૮.૩ | - | - | ૧૦૦ | ૮૫ | ૬૧૦ |
| ૫. | કુલ એકરદીઠ ખર્ચ | ૨૨૨.૫ | ૨૩૧.૫ | ૫૬.૮ | ૪.૫ | ૯.૦ | ૧૦૯.૦ | ૮૦.૮ | ૭૧૪ |
| ૬. | ખર્ચ ટકામાં | ૩૧.૧૪ | ૩૨.૪૧ | ૭.૯૬ | ૦.૬૩ | ૧.૨૭ | ૧૫.૨૭ | ૧૧.૩૨ | ૧૦૦.૦૦ |

આ કુલ ચોખ્ખા વાવેતર હેઠળના વિસ્તારમાંથી કુટુંબદીઠ ૨૫૫૩ રૂપિયાનું ઉત્પાદન થયું હતું. આ ઉત્પાદન મેળવવા માટે કુટુંબદીઠ ૭૧૪ રૂપિયાનું ખર્ચ કરવામાં આવ્યું હતું. એટલે ખેતીના વ્યવસાયમાંથી કુટુંબદીઠ ૧૮૩૯ રૂપિયાનું ચોખ્ખું ઉત્પાદન થયું હતું.

ખેતી ખર્ચમાં રાસાયણિક ખાતર અને બિયારણ પાછળ અનુક્રમે ૩૨.૪૧ ટકા અને ૩૧.૧૪ ટકા ખર્ચ હતો. એ સિવાય ઘાસ અને જમીન મહેસૂલના ખર્ચાઓ અનુક્રમે ૧૫.૨૭ ટકા ઘાસ અને ૧૧.૩૨ ટકા મહેસૂલના ખર્ચાઓ હતા. આ સિવાય બીજા ખેતી ખર્ચાઓ ખૂબ ઓછા હતા જેમાં ઓજારો પાછળ ૭.૯૬ ટકા, દવાઓ પાછળ ૧.૨૭ ટકા અને સિંચાઈ પાછળ ૦.૬૩ ટકાના જ ખર્ચાઓ જણાયા હતા.

આમ એકરદીઠ જોઈએ તો તેમનું ખેતી ખર્ચ ખૂબ વધારે નહોતું, પરંતુ એમને ખાતર, બિયારણ, મહેસૂલ, ઘાસ જેવા ફરજિયાત ખેતી ખર્ચની બાજુઓ છે, જેમાં ખર્ચ કરવા પડે છે. તેઓને બીજા વિસ્તારોની માફક બીજા વધારેના ખેતી ખર્ચાઓ જોવા મળતા નથી. જેમાં જાતે ખેતમજૂરી કરતા હોવાથી એ ખર્ચાઓ ઓછા હોય છે.

જુદા જુદા પાકોનું એકરદીઠ ઉત્પાદન કોઠા નં. ૪માં આપેલ છે. મકાઈનું ઉત્પાદન સૌથી વધુ કુટુંબદીઠ ૧૧૧૯.૩ રૂપિયાનું હતું જેમાં ૫.૦ થી ૭.૫ એકર જમીન ધરાવતા કુટુંબના વિભાગમાં મકાઈનું સૌથી વધુ ઉત્પાદન થયું હતું અને ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવતા કુટુંબના વિભાગમાં સૌથી ઓછું ઉત્પાદન થયું હતું. એજ રીતે ૨.૫થી ૫.૦ એકર જમીન ધરાવતા કુટુંબના વિભાગના પાકો મકાઈ, તુવેર,

ઘઉં, ચોખા, અડદ, રાયડો, એરંડાના પાકોનું ઉત્પાદન સૌથી વધુ જોવા મળ્યું હતું. બાકીના જમીન ધરાવતા કુટુંબોનું એકરદીઠ-કુટુંબદીઠ ઉત્પાદન ઓછું જોવા મળ્યું હતું. જોકે સમગ્ર રીતે જોઈએ તો આ એકરદીઠ કુટુંબદીઠ ઉત્પાદનનું પ્રમાણ ઘણું નીચું ગણાય. આ મોંઘવારી, તેમની કુટુંબની કદ સંખ્યા અને ખેતીના ખર્ચને લક્ષમાં લઈએ તો આટલા રૂપિયાનું ઉત્પાદન ખૂબ ઓછું કહેવાય. સિંચાઈ વધવાથી ઘઉં અને રાઈ જેવા પિયત પાકોને કારણે આ ઉત્પાદન કંઈક અંશે ઠીક લાગે છે.

<u>રીંછડી મુખ્ય અને ગૌણ વ્યવસાયો અને તેમાંથી થતી આવકો</u> :-

જીવન ધોરણનો આધાર તેની આવક પ્રાપ્તિ ઉપર રહેલો છે. વધુ આવક તેમ જીવન ધોરણ ઊંચું, ઓછી આવક તેમ જીવન ધોરણ નીચું. રીંછડી ગામના ગરાસિયા કુટુંબોનું જીવનધોરણ તપાસવા માટે તેમની આવકો કુલ કેટલી છે અને ક્યા ક્યા વ્યવસાયોમાંથી મળે છે તે જોઈએ. કોઠા નં. ૪.૭માં દર્શાવ્યા પ્રમાણે તપાસતા કુટુંબોમાંથી તેમની કુટુંબદીઠ અને માથાદીઠ આવકો જાણવા મળી છે.

-:: કોઠા નં. ૪.૭ ::-

-:: જમીનના કદ પ્રમાણે ધંધાવાર કુલ કુટુંબદીઠ વાર્ષિક અને માથાદીઠ આવક ::-

| ક્રમ | જમીનનું કદ | ખેતી | પશુ | વન | ખેતમજૂરી | અન્યમજૂરી | કુટુંબદીઠ | માથાદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦.૦ થી ૨.૫ | ૬૬૨.૫ | ૨૨૫ | ૫૦ | - | - | ૧૨૩૭.૫ | ૪૧૨.૫ |
| ૨. | ૨.૫ થી ૫.૦ | ૨૧૫૭.૫ | ૧૧૨૦.૮ | ૧૫૮.૩ | ૩૩૭.૫ | ૩૩૩.૩ | ૪૧૦૭.૫૮ | ૬૧૨.૭ |
| ૩. | ૫.૦ થી ૭.૫ | ૧૯૫૬ | ૬૦૦ | ૩૬૦ | - | - | ૨૯૧૬.૦ | ૫૮૩.૨ |
| ૪. | ૭.૫ થી ૧૦.૦ | ૯૫૬.૬ | ૧૩૩.૩ | ૧૬૬.૬ | - | - | ૧૨૫૬.૬૬ | ૩૧૪.૧ |
| ૫. | કુટુંબદીઠ કુલ | ૧૮૩૯.૩ | ૭૮૬.૩ | ૧૯૫.૪ | ૧૮૪.૦ | ૧૮૧.૮ | ૩૧૮૭.૦ | ૭૨૨.૮ |
| ૬. | ટકા | ૫૭.૭૨ | ૨૪.૬૭ | ૬.૧૩ | ૫.૭૮ | ૫.૭૦ | ૧૦૦.૦ | - |

તપાસના કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ રીંછડીના આ કુટુંબોમાં જમીનનું કદ વધતું જાય છે તેમ તેમ આવક વધી છે પરંતુ જમીનકદની સાથે કુટુંબ સંખ્યાને લીધે અહીં જમીનકદ વધવા છતાં કુટુંબ-દીઠ આવકો વધતી જોવા મળતી નથી જે કોઠા નં. ૪.૭માં જોઇએ તો ૨.૫ થી ૫.૦ એકરના સૌથી વધુ કુટુંબોની કુલ કુટુંબદીઠ આવક સૌથી વધારે અને ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા સૌથી ઓછા કુટુંબોની સૌથી ઓછી કુટુંબદીઠ આવકો જુદા જુદા વ્યવસાયોની પણ જોવા મળે છે. કુટુંબદીઠ વાર્ષિક આવક ૩૧૮૭ રૂપિયાની જાણવા મળી હતી. આ કુટુંબદીઠ આવકોમાં સૌથી વધુ આવક ખેતીના વ્યવસાયની ૧૮૩૯.૩ રૂપિયાની કુટુંબદીઠ અને સૌથી ઓછી આવક અન્ય મજૂરી, ખેતમજૂરીની ૧૮૧.૮ અને ૧૮૪ રૂપિયાની જાણવા મળી હતી. માથાદીઠ આવકમાં પણ ૨.૫ થી ૫.૦ એકર જૂથના જમીનનું કદ ધરાવતા કુટુંબોની ૬૧૨.૭ રૂપિયાની જણાઈ હતી. સૌથી ઓછી ૭.૫ થી ૧૦.૦ એકર જમીનકદના કુટુંબોની આવક હતી. કુલ માથાદીઠ આવક ૭૨૨.૮ રૂપિયાની જાણવા મળી હતી.

તપાસના કુટુંબોમાં જમીનનું કદ વધતાની સાથે ખેતીની આવકો વધતી જાય છે એવું જોવા મળતું નથી જેમ કે જમીન કદ ૭.૫ થી ૧૦.૦ ના ગ્રૂપની આવક અને ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા ગ્રૂપની આવક વધારે છે એટલે જેને સિંચાઈનો લાભ મળ્યો છે તે કુટુંબોની ઓછી જમીન હોવા છતાં સારી આવકો જોવા મળી છે જ્યારે સિંચાઈનો લાભ મળ્યો નથી એવા ઘણા કુટુંબોની ખેતીની આવકો જમીનકદ વધુ

હોવા છતાં ઓછી આવકો જોવા મળી હતી. [illegible] ૨.૫ અને ૭.૫ થી ૧૦.૦ એકર જમીન ધરાવતા ગ્રુપોમાં [illegible] સરેરાશ આવકો કુલ સરેરાશ આવકો કરતાં ઓછી જોવા [illegible]. બાકીના ૨.૫ થી ૫.૦ અને ૫.૦ થી ૭.૫ એકર જમીન [illegible] ગ્રુપોમાં એ આવકો વધારે જોવા મળી હતી. ખેતીની કુલ કુટુંબદીઠ આવક ૧૮૩૯.૩ રૂપિયાની જાણવા મળી હતી.

ખેતી સિવાયના ધંધામાંથી થતી આવકોમાં જમીનકદ વધવાની સાથે આવકો વધવાનું વલણ જોવા મળતું નથી. આ આવકો જુદા જુદા ગ્રુપોમાં દરેક વ્યવસાયોમાં અનિયમિતપણે જોવા મળે છે. જે કોઠા નં. ૪.૭માં જોઈએ તો ૦ થી ૨.૫ એકર જમીન કદ ધરાવતા કુટુંબોની પશુપાલનની આવક ૨૨૫ રૂપિયાની છે જે ૭.૫ થી ૧૦.૦ એકર જમીનકદ ધરાવતા કુટુંબોની પશુપાલનની આવકો વધુ કુટુંબો હોવા છતાં ૧૩૩.૩ રૂપિયાની છે. આમ બીજા જમીનકદ ધરાવતા કુટુંબોમાં પણ જુદા જુદા વ્યવસાયોમાં આ આવકો અનિયમિત જોવા મળે છે જે કોઠા નં. ૪.૭ જોતાં વિગતે ખ્યાલ આવશે.

તપાસના કુટુંબોની કુટુંબદીઠ અને માથાદીઠ આવકો જુદા જુદા વ્યવસાયોની જુદા જુદા જમીનકદ ધરાવતા ગ્રુપોની ઓછીવત્તી જોવા મળી હતી. સૌથી વધુ આવક ૦.૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા ગ્રુપની હતી અને સૌથી ઓછી ૨.૫ થી ૫.૦ એકર કદ ધરાવતા સૌથી વધુ ૧૨ કુટુંબોની જોવા મળી હતી. માથાદીઠ આવકો પણ એજ રીતે એજ ગ્રુપોની ઓછીવતી જણાઈ હતી. જુદા જુદા વ્યવસાયો-ની કુલ કુટુંબદીઠ અને માથાદીઠ આવક અનુક્રમે ૩૧૮૭. રૂપિયા અને ૭૨૨.૮ રૂપિયાની જાણવા મળી હતી.

અહીં ખેતીના વ્યવસાય પછી સૌથી વધુ આવક પશુપાલનના વ્યવસાયની થતી જાણવા મળી હતી. એ સિવાય મજૂરી, વન આવક, છૂટક મજૂરી જેવી આવકો બધા જ જમીનકદ ધરાવતા ગ્રુપોમાં જોવા મળી નહોતી જે કોઠા નં. ૪.૭માં જોતાં વિગતે ખ્યાલ આવશે.

ખેતમજૂરી અને અન્ય મજૂરીની આવકો ૨.૫ થી ૫.૦ એકર જમીનકદ ધરાવતા કુટુંબોમાંથી જ જોવા મળી હતી. એ સિવાયના ગ્રુપોમાંથી આ આવકો જોવા મળી નહોતી. એની પાછળના કારણોમાં એમાંના બીજા ગ્રુપોના કુટુંબોએ એ આવકની મજૂરી કાંતો બતાવી નથી અથવા કરતા નથી અને ઘણાને એ મજૂરી કરવી નથી. આ મજૂરી વર્ષ દરમ્યાન થોડા દિવસો પૂરતી જ મળી રહે છે.

અહીં તપાસના કુટુંબોમાં જંગલ મજૂરીનું પ્રમાણ ઓછુંવત્તું બધા જ ગ્રુપના કુટુંબોમાંથી જોવા મળ્યું હતું. જંગલ સાફ થઈ જવા આવ્યું છે છતાં હજુ કંઈકને કંઈક તેમાંથી મેળવી તેઓ આ જંગલ દ્વારા આવક પ્રાપ્તિ કરતા જોવા મળે છે.

એજ રીતે પશુપાલનના વ્યવસાયની આવકો પણ જુદા જુદા જમીનકદ ધરાવતા બધા જ કુટુંબોમાંથી ઓછીવત્તી જાણવા મળી હતી જેમાં જમીનકદ ઓછું હોવા છતાં પણ આવક સારી જાણવા મળી હતી. કેટલાંકમાં જમીનકદ વધારે હોવા છતાં એ આવક ઓછી જણાઈ હતી. રીંછડીમાં પહેલાં પશુઓની સંખ્યા સારા પ્રમાણમાં હતી પરંતુ વચ્ચે એકાદ બે દુષ્કાળમાં તેમની પાસેની પશુઓની સંખ્યા ખૂબ ઘટી જવા પામી છે. પશુઓના ખોરાકમાં અહીં તેમના પાકતા પાકોમાંથી

મકાઈ તથા જુવાર જેવા પાકોનું ઘાસ અને સેઢે કે જંગલ વિસ્તારમાંથી મળતું ઘાસ છે. આ ઘાસ બારેમાસ મળતું નથી એટલે આ પશુઓની સ્થિતિ માયકાંગલા પશુઓ જેવી ઘણાની જોવા મળે છે તેથી પશુમાંથી થતી આવકો ઓછી જોવા મળે છે. સાથે સાથે જમીન પ્રમાણ પણ ઓછું હોવાથી ઘાસની તંગી તેમને રહે છે. આજે તેને કારણે ઘણા પાસે બળદનું પ્રમાણ જોઈએ તો ઘણા પાસે એકજ હોય છે. રીંછડીના તપાસના કુટુંબોમાંથી કુટુંબદીઠ પશુઓનું પ્રમાણ ૯.૦૪ નું છે. જેમાંથી બળદ કુટુંબદીઠ સરેરાશ ૧.૨૭, બકરાં ૨.૭૭, ગાય ૧.૮૬, ભેંસ ૦.૪૫નું પ્રમાણ કુટુંબદીઠ જોવા મળે છે. તપાસના કુટુંબોના પશુઓની સંખ્યા નીચે મુજબ છે.

-:: કોઠા નં. ૪.૮ ::-

-:: જમીનનું કદ પ્રમાણે પશુઓની સંખ્યા ::-

| ક્રમ | જમીનનું કદ | ગાય | ભેંસ | બકરાં | બળદ | વાછરડા વાછરડી | મરઘાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૨.૫ | ૪ | - | ૫ | ૨ | - | - | ૧૧ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૨૩ | ૫ | ૩૪ | ૧૪ | ૭ | ૧૬ | ૯૯ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૪ | ૨ | ૭ | ૫ | - | ૫ | ૨૩ |
| ૪. | ૭.૫થી ૧૦ | ૧૦ | ૩ | ૧૫ | ૭ | ૪ | ૨૭ | ૬૬ |
| | કુલ | ૪૧ | ૧૦ | ૬૧ | ૨૮ | ૧૧ | ૪૮ | ૧૯૯ |
| | કુટુંબદીઠ | ૧.૮૬ | ૦.૪૫ | ૨.૭૭ | ૧.૨૭ | ૦.૫ | ૨.૧૮ | ૯.૦૪ |

આ પશુધનમાંથી બળદ માત્ર ખેતીના કામમાં ઉપયોગમાં આવે છે જ્યારે ગાય-ભેંસ, બકરાં, મરઘાં દ્વારા તેઓ થોડી ઘણી કમાણી કરે છે. જોકે તપાસના કુટુંબોમાંથી પશુઓમાંથી થતું આવકનું પ્રમાણ વધારે નથી એની પાછળના કારણો આપણે જોયા કે ઘાસચારો અપૂરતો છે. ઉપરાંત ઢોરની માવજત, દૂધના માર્કેટનો અભાવ અને ઢોરની માવજતનો મહાવરો નથી.

અન્ય વ્યવસાયો :-

ગામમાંથી બીજી કોઈ આવક પ્રાપ્તિ થતી હોય તો બાંધકામ મજૂરી, ખાણમજૂરીની છે. એ સિવાય અહીં બીજી કોઈ વ્યવસાયોની નથી.

નિર્વાહ ખર્ચ :-

આ વિસ્તારનો મુખ્ય પાક મકાઈ છે એટલે ખોરાકમાં બીજા વિસ્તારોની જેમ સવાર-સાંજ બારેમાસ મકાઈનો ઉપયોગ કરે છે. એ સિવાય ઘઉં, કઠોળનો ઉપયોગ કરે છે. બાકી ચટણી સાથે ખાય લે છે. મળે તો શાકભાજી ઉગાડીને કે લાવીને ખાય લે છે.

મરઘાં, બકરાં, સસલાના માંસનો તેઓ ઉપયોગ કરે છે. ખાસ કરીને મરઘા અને તેનાં ઈંડાંનો ઉપયોગ વધુ કરે છે. હવે શિકાર ઓછો મળે છે. એટલે સસલા કે તેતરનું માંસ મળે ત્યારે જ ખાય છે.

એ સિવાય દૂધનો ઉપયોગ ચા માટે કરે છે. સાથે ખાંડ, ગોળનો ઉપયોગ કરે છે. ખોરાકમાં તેલનો ઉપયોગ નજીકના અંબાજીના સંપર્કને કારણે જરૂર પડે કરે છે. મહેમાન આવે ત્યારે લાવીને કરે છે.

-:: કોઠા નં. ૪.૯ ::-

-:: કુટુંબદીઠ નિર્વાહ ખર્ચ ::-

| ક્રમ | વિગત | કુલ નિર્વાહ ખર્ચ ટકા | કુટુંબદીઠ સરેરાશ |
|---|---|---|---|
| ૧. | અનાજ | ૩૬.૯૩ | ૧૫૯૦ |
| ૨. | શાકભાજી | ૩.૮૨ | ૧૬૪ |
| ૩. | ઈંડાંમાંસ | ૬.૪૩ | ૨૭૭ |
| ૪. | ખાંડગોળ | ૩.૧૮ | ૧૩૭ |
| ૫. | તેલ | ૭.૩૯ | ૩૧૮ |
| ૬. | દૂધ,ચા,કોફી | ૨.૩૮ | ૧૦૨ |
| ૭. | ગરમ મસાલા | ૧.૭૫ | ૭૫ |
| ૮. | દારુ | ૪.૩૨ | ૧૮૬ |
| ૯. | તમાકુ-બીડી | ૫.૪૩ | ૨૩૪ |
| ૧૦. | શિક્ષણ | ૦.૨૮ | ૧૨ |
| ૧૧. | મુસાફરી | ૩.૧૮ | ૧૩૬ |
| ૧૨. | કપડાં | ૧૫.૦૯ | ૬૫૦ |
| ૧૩. | પગરખાં | ૧.૫૯ | ૬૮ |
| ૧૪. | દવાદારુ | ૧.૪૫ | ૬૨ |
| ૧૫. | સામાજિક | ૪.૮૭ | ૨૧૦ |
| ૧૬. | ધાર્મિક | ૧.૯૦ | ૮૨ |
| ૧૭. | કુલ | ૧૦૦.૦૦ | ૪૩૦૮ |

તેઓ ઓછી આવકને કારણે ખોરાક તથા જરૂરી એવા કપડાં પાછળના ખર્ચાઓ જ કરી શકે છે. તે સિવાય બીજુ કોઈ મહત્વનું ખર્ચ તેઓ કરી શકતા નથી.

કુલ ખર્ચના ૫૫ ટકા ખોરાક પાછળની જુદી જુદી ચીજવસ્તુઓ માટે તેઓ ખર્ચે છે. રીંછડીના તપાસના કુટુંબો કુલ ખર્ચના ૩૬.૯૩ ટકા જેટલું ખર્ચ તો માત્ર અનાજનું છે. એ સિવાય શાકભાજી પાછળ ૩.૮૨ ટકા, ઈંડાંમાંસ ૬.૪૩ ટકા, તેલ ૭.૩૯ ટકાનો ખર્ચ કરે છે જે ઘરમાં ભેંસ કે ગાય દૂધ દેતી હોય છે તેને ત્યાં બાળકો અને મોટાઓ (ચા)માં દૂધનો ઉપયોગ કરે છે. આ પાછળનો ખર્ચ ૨.૩૮ ટકા જેટલો નજીવો છે. શાકભાજી મહદઅંશે ચોમાસે વાડામાં ઉગાડેલા જ ખાય છે છતાં પણ મહેમાન આવ્યા હોય ત્યારે અંબાજીથી લાવીને તેનો ખર્ચ કરે છે.

ખાંડ, ગોળનો ખર્ચ ચાપ્હદારુમાં થતો હોય ૩.૧૮ ટકા જેટલો જોવા મળે છે. ઘઉંનો ખોરાક વધવા સાથે તેલનો ખર્ચ વધેલો જોવા મળે છે. તેઓ પાસે રોકડા પૈસા ન હોય ત્યારે મકાઈ, ઘઉં જેવા અનાજ દ્વારા તેલ વગેરે લઈ આવે છે. મસાલા તેમના રોજિંદા જીવનમાં ઉપયોગી હોવા છતાં માત્ર ૧.૭૫ ટકાનો જ ખર્ચ કરી શકતા હતા. ખોરાકમાં મરચુ, લસણ, ધાણા એ ચટણી-મસાલામાં જરૂરી તેઓ માને છે. આ સિવાય બીજી જીવન જરૂરિયાતો પાછળનો નિર્વાહખર્ચ કોઠા નં. ૪.૯માં દર્શાવ્યા પ્રમાણે છે.

તેમનો કુટુંબદીઠ ખોરાક પાછળનો સરેરાશ ખર્ચ ૪૩૦૮ રૂપિયાનો છે. જોકે તેમનો માથાદીઠ ખર્ચ પણ ઓછો જોવા મળે છે. એક વ્યક્તિને વર્ષ દરમિયાન આવા ઓછા ખર્ચથી ભૂખ સંતોષવાની હોય છે. તેઓ દૂધ-ઘી, શાકભાજી, મસાલા પાછળ ખૂબ ઓછો ખર્ચ કરે છે. માત્ર અનાજ જેમાં મકાઈ, જુવાર, ઘઉં ખાઈને પેટ ભરવાનું રહે છે. બીજી ખોરાકી ચીજવસ્તુઓનો તેઓ ઉપયોગ કરી શકતા નથી.

તમાકુ-બીડી અને દારુના વ્યસનો પાછળ પણ સારો એવો ખર્ચ તેઓ કરે છે. ઘરના બધા જ બીડી તમાકુ અને દારુ પીવે છે. બીડી વેચાતી લાવવાને બદલે કેટલાક જાતે બનાવી કે ચૂંગીમાં તમાકુ ભરી લે છે.

મુસાફરીનું ખર્ચ પણ પહેલાં કરતાં વધ્યુ છે એમ તેમનું કહેવું છે. પહેલાં ચાલીને જતા આજે વાહન વ્યવહાર થવાથી તેનો ઉપયોગ કરતા થયા છે. તેઓનું કપડાં પાછળનું ખર્ચ ૧૫.૦૯ ટકા જેટલું ભારે જોવા મળે છે. પુરુષો કે સ્ત્રી કપડાં પાછળ વધારે ખર્ચ કરતા જોવા મળે છે.

આ સિવાય બીજું મોટું ખર્ચ તેમના ઓછા ખર્ચાઓમાં સામાજિક ખર્ચનું છે. એ સિવાય દવાદારુ, મોજશોખ, પખરખાં, શિક્ષણ પાછળ ખર્ચાઓ ઓછા હોય છે. આમાં આવક કરતાં ખર્ચાઓ જે કુટુંબના વધારે હોય છે, તેવા કુટુંબોને દેવાની સ્થિતિમાં મૂકાઈ જવાની ફરજ પડે છે. વધુ માહિતી આવક-ખર્ચ અને દેવાની કોઠા નં. ૪.૧૧માં આપી છે.

## -:: કોઠા નં. ૪.૧૦ ::-

## -:: કદ પ્રમાણે ખર્ચ કુટુંબદીઠ (ટકા) ::-

| ક્રમ | વિગત | [illegible]ર.૫ | [illegible]થી ૫ | પથી ૭.૫ | ૭.૫થી ૧૦ | કુટુંબદીઠ કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અનાજ | ૧૪૫૦ | ૧૬૯૧.૬ | ૧૫૦૦ | ૧૪૩૩.૩ | ૧૫૯૦ |
| ૨ | શાકભાજી | ૭૫ | ૧૫૨.૦ | ૨૧૦ | ૨૦૦ | ૧૬૪ |
| ૩ | ઈંડાંમાંસ | ૧૭૫ | ૨૫૫ | ૩૬૫ | ૨૮૩.૩ | ૨૭૭ |
| ૪ | ખાંડ-ગોળ | ૫૦ | ૧૬૭.૯ | ૧૨૦ | ૧૦૦ | ૧૩૭ |
| ૫ | તેલ | ૨૫૦ | ૩૬૬.૬ | ૨૩૮ | ૩૦૩.૩ | ૩૧૮ |
| ૬ | ચા-કોફી | ૭૫ | ૯૩.૩ | ૧૨૪ | ૧૨૩.૩ | ૧૦૨ |
| ૭ | ગરમમસાલા | ૫૦ | ૫૨.૯ | ૧૩૬ | ૮૧.૬ | ૭૫ |
| ૮ | દારુ | ૧૨૫ | ૧૬૬.૨ | ૧૭૦ | ૩૩૩.૩ | ૧૮૬ |
| ૯ | તમાકુ-બીડી | ૧૫૦ | ૨૩૭.૫ | ૨૬૦ | ૨૩૩.૩ | ૨૩૪ |
| ૧૦ | શિક્ષણ | - | ૧૬.૨ | ૫ | - | ૧૦ |
| ૧૧ | મુસાફરી | ૨૫૦ | ૧૨૦.૪ | ૧૪૩ | ૧૧૬.૬ | ૧૩૬ |
| ૧૨ | કપડાં | ૬૫૦ | ૫૭૯.૧ | ૮૪૦ | ૬૧૬.૬ | ૬૫૦ |
| ૧૩ | પગરખાં | ૮૦ | ૬૭.૦ | ૬૮ | ૬૬.૬ | ૬૮ |
| ૧૪ | શિક્ષણ | ~~૫૦~~ | ૭૪.૫ | ~~૩૩~~ | -- | ૭૨ |
| ૧૫ | દવાદારુ | ૫૦ | ૯૨.૫ | ૩૩ | -- | ૬૨ |
| ૧૬ | સામાજિક | ૧૫૦ | ૧૮૯.૧ | ૨૭૦ | ૨૩૩.૩ | ૨૧૦ |
| ૧૭ | ધાર્મિક | ૧૨૫ | ૬૭.૦ | ૧૦૦ | ૮૩.૩ | ૮૨ |
| ૧૮ | કુલ | ૩૭૦૫ | ૪૩૫૨ | ૪૫૦૨ | ૪૨૦૮ | ૪૩૦૮ |
| | ટકા | ૭.૮૨ | ૫૪.૬૯ | ૨૪.૧૭ | ૧૩.૩૨ | ૧૦૦.૦૦ |

<u>આવક પ્રમાણે ખર્ચનું પ્રમાણ</u> :-

તપાસના રીંછડીના કુટુંબોનું કુટુંબદીઠ સરેરાશ ખર્ચ ૪૩૦૮ રૂપિયાનું છે. તેમાં ૦.૦ થી ૨.૫ અને ૭.૫ થી ૧૦.૦ એકર જમીનકદ ધરાવતા કુટુંબોનું કુટુંબદીઠ સરેરાશ ખર્ચ અનુક્રમે [illegible] રૂપિયા અને ૪૨૦૮ રૂપિયાનું છે. જેમાં વધારે જમીન ધરાવતા ૭.૫ થી ૧૦ એકરવાળા કુટુંબોનું ખર્ચ ઓછું હતું. ઉપરાંત ૨.૫ થી ૫.૦ અને ૫.૦ થી ૭.૫ એકર જમીનકદ ધરાવતા કુટુંબોનું કુટુંબદીઠ ખર્ચ થોડું વધુ જોવા મળ્યું હતું. જેમાં ૨.૫ થી ૫.૦ એકરમાં ૪૩૧૨ રૂપિયાનું અને ૫.૦ થી ૭.૫ એકરમાં ૪૫૮૨ રૂપિયાનું ખર્ચ હતું.

કુટુંબદીઠ આવકનું પ્રમાણ ૩૩૨૫.૦૪ રૂપિયાનું છે જ્યારે કુટુંબદીઠ ખર્ચનું પ્રમાણ ૪૩૦૮.૪૦ રૂપિયાનું છે. આમ આવક કરતાં ખર્ચનું પ્રમાણ ૯૮૩.૩૬ રૂપિયાનું વધારે છે.

-:: કોઠા નં. ૪.૧૧ ::-

-:: કુટુંબદીઠ આવક, ખર્ચ તથા દેવું ::-

| ક્રમ | જમીનકદ | કુટુંબો | કુલ આવક | નિર્વાહખર્ચ | કુલ દેવું |
|---|---|---|---|---|---|
| ૧. | ૦.૦ થી ૨.૫ | ૨ | ૧૩૮૭.૫ | ૩૭૦૫.૦ | - |
| ૨. | ૨.૫ થી ૫.૦ | ૧૨ | ૩૪૫૧.૭ | ૪૩૨૦.૦ | ૫૨૩૩.૩૩ |
| ૩. | ૫.૦ થી ૭.૫ | ૫ | ૩૪૩૬.૦ | ૪૫૮૨.૦ | ૩૪૦૦.૦૦ |
| ૪. | ૭.૫ થી ૧૦.૦ | ૩ | ૧૨૫૮.૩ | ૪૨૦૮.૩ | ૩૫૦૦.૦૦ |
| | સરેરાશ કુલ | ૨૨ | ૩૩૨૫.૦૪ | ૪૩૦૮.૪૦ | ૪૧૦૪.૫૪ |

## -:: કોઠા નં. ૪.૧૨ ::-

## -:: દેવાના સાધન પ્રમાણે દેવાનું વર્ગીકરણ ::-

| ક્રમ | સાધન | દેવાદાર કુટુંબોની સંખ્યા | દેવાની રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧. | શાહુકાર | ૨ | ૮૦૦ |
| ૨. | બેંક | ૯ | ૭૬૦૦૦ |
| ૩. | મંડળી | ૩ | ૧૦૫૦૦ |
| ૪. | સગા | ૧ | ૩૦૦૦ |
| | કુલ | ૧૫ | ૯૦૩૦૦ |

## -:: કોઠા નં. ૪.૧૩ ::-

## -:: દેવાના હેતુ પ્રમાણે વર્ગીકરણ ::-

| ક્રમ | દેવાનો હેતુ | દેવાદાર કુટુંબો | દેવું રૂપિયા |
|---|---|---|---|
| ૧. | ખેતી માટે (કૂવા-એન્જિન-મોટર) | ૬ | ૬૩૦૦૦ |
| ૨. | પશુપાલન | ૭ | ૨૬૦૦૦ |
| ૩. | સામાજિક ખર્ચ (ખાધા ખોરાકી) | ૨ | ૧૩૦૦ |
| | કુલ | ૧૫ | ૯૦૩૦૦ |

દેવું :-

આવકો ઘણા કુટુંબોની ઓછી હોવાને કારણે અને કેટલીક-વાર નિર્વાહ ખર્ચ અને અન્ય (મોજશોખ-વ્યસનો) ખર્ચાઓનું પ્રમાણ આવક કરતાં વધારે હોવાને લીધે દેવું કરવાની આવશ્યકતા ઊભી થાય છે. તેમનું કરેલું દેવું ઉત્પાદકીય અને બિન ઉત્પાદકીય જોવા મળે છે. જોકે ઉત્પાદકીય ખર્ચ વધુ જોવા મળે છે. જેવા કે કૂવા, દૂધાળાઢોર વગેરે પાછળનો ખર્ચ-ઉત્પાદકીય અને સામાજિક ખર્ચાઓ અને વ્યસનો પાછળના કેટલાક ખર્ચાઓ બિન ઉત્પાદકીય છે.

તપાસના ૨૨ કુટુંબોમાંથી જેટલા કુટુંબોએ દેવાની રકમ અને તેની પાછળનો હેતુ સાધન પ્રમાણે બતાવ્યો હતો તેટલા કુટુંબોની માહિતી કોઠા નં. ૪.૧૨ અને ૪.૧૩માં દર્શાવ્યા પ્રમાણે હતી. તપાસના કેટલાક કુટુંબોએ દેવું હોવા છતાં કહેવાનો ઈન્કાર કર્યો હતો. તેની માહિતી આપી નથી પરંતુ આવક ખર્ચના કોઠા નં. ૪.૧૧માં દર્શાવ્યા પ્રમાણે જોવાથી કેટલાક કુટુંબો આવક કરતાં વધુ ખર્ચ કરતા હતા. જેમને નાનું મોટું દેવું કર્યુ હશે પરંતુ કોનું કેટલું દેવું છે, તે જણાવ્યું નહોતું.

-૦-૦-

## -:: પ્રકરણ - ૫ ::-

## -:: ૧૯૮૯માં આદિવાસીઓમાં દેખાતા પરિવર્તનો ::-

આગળના પ્રકરણમાં ૧૯૮૯માં તપાસમાં લીધેલ કુટુંબોની આર્થિક-સામાજિક સ્થિતિ શું છે, તે જોયું. આ ચાલુ પ્રકરણમાં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસની તુલનાત્મક સ્થિતિના વર્ણન પરથી રીંછડી ગામમાં વસતા આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તનોનો ખ્યાલ આવશે. આગળના ૧૯૬૯ના અભ્યાસમાં ૫૧ આદિવાસી કુટુંબોનો અભ્યાસ થયો હતો. ૧૯૭૯માં સર્વેક્ષિત ૫૧ કુટુંબોમાંથી ૩૮ કુટુંબોનો અભ્યાસ થયેલો જ્યારે ૧૯૮૯માં આગળના ૩૮ અભ્યાસના કુટુંબોમાંથી ૧૬ કુટુંબના વડા ગુજરી ગયા હતા એટલે ૨૨ કુટુંબોનો અભ્યાસ થઈ શક્યો હતો.

આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તનો જોતાં પહેલાં રીંછડી ગામ જે ૧૯૬૯ અને ૧૯૭૯માં હતું તેના કરતાં અત્યારે કેવું છે ? એટલે કે તેમાં કેવા ફેરફારો થયા છે, તે જોઈએ.

<u>ગામમાં આવેલ પરિવર્તન</u> :-

રીંછડી ગામ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલું છે. રીંછડી ગામ એ ગરાસિયા માટેનું ખાસ પ્રકારનું રહ્યું છે, એ અર્થમાં કે તેઓ રૂઢિચુસ્ત ગરાસિયા ગામ છે કે જેમાં નજીકના ગરાસિયા ગામોના પ્રમાણમાં કોઈ ભૌતિક ખાસિયતો જોવા મળતી નથી. તેમની ભૌતિક બાબતો જોતાં કહી શકાય કે દસ વર્ષ પર કોઈ ગયા હોય અને આજે જાય તો ગામમાં ખાસ કોઈ પરિવર્તન

ભાગ્યે જ જોવા મળે. ગામમાં પ્રવેશતા જોવા મળશે કે પહેલાં ફળિયામાં જે પ્રકારના ઘરો હતા તેજ પ્રકારના ઘરો આજે પણ જોવા મળે છે. હા માત્ર મલ્લ લોકો આ છેલ્લા દાયકામાં ગામમાં પાકા ઘરો બાંધીને વસ્યા એ નવીન છે. એ સિવાય ગામના બીજા ઘરોમાં ઝાઝો ફેરફાર થવા પામ્યો નથી. ગામના કૂવા અને સામુદાયિક કૂવો હતો તે ઉપરાંત અત્યારે ગુજરાત જળસંપત્તિ નિગમ ધ્વારા એક પાતાળ કૂવો ખોદાઈ રહયો હતો. એ સિવાય ગામમાં પહેલાં ૨૩ જેટલા કૂવા હતા આજે ૨૮ કૂવા છે જેમાંથી પીવાના પાણી માટે ૧૦ જેટલા કૂવાનું પાણી ઉપયોગમાં લેવાય છે. વાવ હતી તેનું પાણી પણ સિંચાઈ અને પીવા વપરાય છે. ગામમાં નદી નથી પાસે ઝરણું વહે છે તેમાંથી એક તળાવ બનાવી ગામને સિંચાઈ માટે પાણી પૂરું પડાય છે. જોકે તેનાથી રીંછડીના ઘાટ ફળિયાને બિલકુલ લાભ થયો નથી એટલે ગામના બે ભાગ સ્પષ્ટ રીતે પડી ગયા છે. નીચેનો ભાગ સિંચાઈને કારણે ખૂબ સારી ખેતી કરતાં માલૂમ પડયો હતો. આમ ગામમાં કૂવા વધ્યા પણ તેમાં મોટાભાગના કાચા કૂવા છે અને તે બધામાં સિંચાઈ માટેનું પૂરતું પાણી નથી. એ સિવાય ગામમાં રીંછડીયા મહાદેવનું પાકું મંદિર બંધાયું છે. જેનાથી ગામમાં પાકો રોડ થોડો બન્યો છે. ગામમાં વિજળીના થાંભલા છે, પરંતુ ઘરમાં કોઈને ત્યાં વિજળી નથી. બે કૂવા ઉપર વિજળી મોટરોથી સિંચાઈ કરાઈ છે. ગામમાં એ સિવાય કોઈ ભૌતિક ઉત્થાન નથી. ગામના લોકો અંબાજી નજીકના સ્થળે બાંધકામ મજૂરી કે અન્ય મળે તે મજૂરી કરે છે. ગામમાં બે ટાઈમ એસ.ટી બસ આવતી હતી પરંતુ તપાસ સમયે અંબાજી અને ગામ વચ્ચે એકબાજુ બનતું હોઈ બંધ હતી. ગુજરાતના

એક મહત્વના ધામ અંબાજી નજીક ગામ હોવા છતાં વાહન વ્યવહારની સગવડ અને રસ્તાથી દૂર હોય બીજો કોઈ વિકાસ થવા પામ્યો નથી. વિકાસ ક્ષેત્રના કોઈ કોઈ કર્મચારીઓ આવે છે.

ગામના કુટુંબો પોતાની જીવન જરૂરિયાતની વસ્તુઓની ખરીદી મોટેભાગે અંબાજીથી કરે છે. ગામમાં બે-ત્રણ દુકાન છે તેમાં સામાન્ય ચીજવસ્તુઓ મળે છે. ગામમાં પ્રાથમિક શાળા ૧ થી ૪ ધોરણની છે.

વસતિ વિષાયક પરિવર્તન :-

વસતિની દૃષ્ટિએ જોઈએ તો રાઠોડ જાતિની વસતિનો ક્રમ પહેલો છે. ડાભી હજુ ગામ વસતિ ઉપર પ્રભુત્વ ધરાવે છે. તપાસના ગામમાં આગળની તપાસ કરતાં કેટલાક કુટુંબના વડાના મૃત્યુ થવાથી ઓછા કુટુંબો તપાસ હેઠળ હતા. અભ્યાસના એના એજ કુટુંબોમાં ૧૯૬૯ની જેમ ૧૯૭૯ના અભ્યાસ વખતે સંયુકત કુટુંબોની સંખ્યા વધવા પામી હતી. જે હાલની ૧૯૮૯ની અભ્યાસની કુટુંબોની સ્થિતિ જોઈએ તો સંયુકત કુટુંબોની સંખ્યા આગળની તપાસ કરતાં ઘટવા પામી છે. કોઠામાં તે અંગેના આંકડાઓ આપ્યા છે તે જોતાં ખ્યાલ આવશે કે ૧૯૬૯માં સંયુકત કુટુંબો ૫૧.૦૦ ટકા, ૧૯૭૯માં ૬૮.૪૨ ટકા હતા જે ૧૯૮૯માં ઘટીને ૫૯.૧૦ ટકા હતા. એજ રીતે કેન્દ્રીય કુટુંબો ૧૯૬૯માં ૩૫.૨ ટકા, ૧૯૭૯માં ૩૧.૫૮ ટકા અને ૧૯૮૯માં ૪૦.૯૧ ટકા હતા એટલે આગળના વર્ષો કરતાં કેન્દ્રીય કુટુંબોની સંખ્યા વધી હતી. આ

સંયુક્ત કેન્દ્રીય કુટુંબોની વધઘટ પાછળ તેમની જમીન મિલકત ઉપરાંત જુદા જુદા જુદા હોવા જેવા કારણો જોવા મળે છે. હજુ કેન્દ્રીય કુટુંબો કરતાં સંયુક્ત કુટુંબો જળવાય રહયા છે તેની ઉપર બહારના પરિબળોની ઝાઝી અસરો નથી.

-:: કોઠા નં. ૫.૧ ::-

-:: પ્રકારની દૃષ્ટિએ કુટુંબોનું વર્ગીકરણ ::-

| ક્રમ | પ્રકાર | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત | ૫૧.૦ | ૬૮.૪૨ | ૫૯.૧૦ |
| ૨. | કેન્દ્રીય | ૩૫.૨ | ૩૧.૫૮ | ૪૦.૯૦ |
| ૩. | વિસ્તરેલું | ૧૩.૮ | -- | — |
| ૪. | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

૧૯૬૯ના સર્વેના કુટુંબોમાં વિસ્તરેલા કુટુંબો બતાવ્યા હતા જે ૧૯૭૯ના સર્વે વખતે તેમને સંયુકતમાં ભેળવી દીધેલા લાગે છે એટલે કે ગરાસિયા કુટુંબોનું સ્થળાંતર સંયુક્ત કુટુંબોમાં થયેલું છે. જે ૧૯૮૯માં પણ સંયુક્ત કુટુંબોમાં જ એવા વિસ્તૃત કુટુંબોને સમાવ્યા છે. રીંછડીમાં ૧૯૬૯માં ગરાસિયા કુટુંબનું સરેરાશ કદ ૪.૬ ટકાનું હતું તે વધીને ૧૯૭૯માં ૫.૯નું થયું હતું. જે ૧૯૮૯માં ઘટીને ૪.૪૦નું થવા પામ્યું છે. આ અંબાજી હોસ્પિટલ તરફથી મળતી આરોગ્ય સુવિધાને કારણે કુટુંબ-કદના પ્રમાણમાં ઘટાડો નોંધાયો હોય એમ માલૂમ પડે છે.

-:: કોઠા નં. ૫.૨ ::-

-:: કદ પ્રમાણે કુટુંબના સભ્યોની સંખ્યા (ટકામાં) ::-

| ક્રમ | સભ્ય સંખ્યા કદ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | ૧ થી ૩ | ૩૧.૪ | ૧૦.૫૩ | ૪૦.૯૧ |
| ૨. | ૪ થી ૬ | ૫૪.૮ | ૬૦.૫૩ | ૪૦.૯૧ |
| ૩. | ૭ થી ૯ | ૯.૯ | ૨૧.૦૫ | ૧૩.૬૪ |
| ૪. | ૧૦થી ઉપર | ૩.૯ | ૭.૯૮ | ૪.૫૪ |
| | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

૧૯૬૯માં અને ૧૯૭૯માં હતું તેજ પ્રમાણે ૧૯૮૯માં પણ મોટાભાગના કુટુંબો ૧ થી ૬ વ્યકિતના બનેલા છે. કોઠા નં. ૫માં આંકડા આપ્યા છે તેના પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે, જેમાં ૧૯૬૯માં ૧ થી ૬ ની કુટુંબ સંખ્યાવાળા ૮૩.૨ ટકા કુટુંબો, ૧૯૭૯માં ૭૧.૦૬ ટકા કુટુંબો અને ૧૯૮૯માં ૮૧.૮૨ ટકા કુટુંબો જોવા મળ્યા હતા. ૭થી ૯ વ્યકિત ધરાવતા કુટુંબોની સંખ્યા ૧૯૬૯માં ૯.૯ની હતી, જે ૧૯૭૯માં વધીને ૨૧.૦૫ની થવા પામી હતી અને ૧૯૮૯માં ઘટીને ૧૩.૬૪ની થઈ હતી. ૧૯૬૯માં ૧૦ થી ઉપરની વ્યકિત સંખ્યાવાળા ૩.૯ ટકા કુટુંબો હતા જે ૧૯૭૯માં વધીને ૭.૯૮ ટકા થવા પામ્યા હતા જે ૧૯૮૯માં ઘટીને ૪.૫૪ ટકા થવા પામ્યા હતા. આમ ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં કુટુંબો વધુને વધુ મોટા થતા જોવા મળ્યા હતા જે ૧૯૭૯ની સાથે

૧૯૮૯માં સરખાવતા પાછા કુટુંબોના કદ [illegible] જોવા મળે છે. જેમાં મૃત્યુદર વધેલો કે કેન્દ્રીય કુટુંબનું [illegible] જવાબદાર હોય એમ માની શકાય અથવા તો છોકરીઓના લગ્ન થવાથી કુટુંબકદમાં ઘટાડો નોંધાયો હોય કે લગ્ન બાદ જુદા થતા છોકરાઓને કારણે [illegible] છે.

-:: કોઠા નં. ૫.૩ ::-

-:: લગ્ન વિષયક વહેંચણી (ટકામાં) ::-

| ક્રમ | વૈવાહિક દરજ્જો | ૧૯૬૬ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | પરણિત | ૫૭.૭ | ૬૦.૧૮ | ૫૪.૬૪ |
| ૨. | અપરણિત | ૩૪.૯ | ૩૮.૯૪ | ૪૪.૩૩ |
| ૩. | વિધુર/વિધવા | ૫.૩ | ૦.૮૮ | ૧.૦૩ |
| | | ૨.૧ | – | – |

લગ્ન વિષયક પરિસ્થિતિ જોઈએ તો છેલ્લા દસ વર્ષમાં ઘણી વ્યક્તિઓના લગ્ન થયાં છે. વિધવા-ત્યકતાની સંખ્યા જોવા મળી નહોતી. માત્ર વિધુરની સંખ્યા હતી જે ૧૯૬૯ ~~XX~~ કરતાં ઓછી અને ૧૯૭૯ કરતાં વધારે હતી. અપરણિતની સંખ્યામાં ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં વધારે હતી. અપરણિતની સંખ્યામાં ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં વધારે ~~XX~~. નોંધાયેલો ૧૯૮૯માં જોવા મળે છે. એટલે કે દસ વર્ષના ગાળામાં એ સિવાય બીજા કોઈ નોંધપાત્ર ફેરફારો થયા હોય એવું જોવા મળ્યું નથી. આ નાના ગાળામાં ત્યકતા કે છૂટાછેડાના કિસ્સા પણ જોવા મળ્યા નથી.

શૈક્ષણિક રીતે વિચારીએ તો ૧૯૬૯માં કેળવણીનો દર ઘણો નીચો છે. તપાસમાં ૯૫.૬૦ ટકા જેટલી વ્યક્તિઓ અશિક્ષિત જોવા મળી હતી. જે ૧૯૭૯માં તો વધીને ૯૮.૬૭ ટકા વ્યક્તિઓ અશિક્ષિત જોવા મળી હતી પરંતુ ૧૯૮૯ની તપાસમાં તેમાં થોડો ઘટાડો નોંધાયેલો જણાયો છે. તેમાં ૯૧.૭૫ ટકા વ્યક્તિઓ અશિક્ષિત જાણવા મળી છે. જેમાં શિક્ષણ લઈને ઉઠી ગયેલા અને ચાલુ ભણીને હતા. એટલે ૧૯૮૯માં ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં શિક્ષિતોની ટકાવારી થોડી ઉંચી જોવા મળી હતી. આ ત્રણે વખતની તપાસના સમયે શિક્ષણની સ્થિતિ જાણવા મળી હતી જે નીચેના આંકડા પરથી ખ્યાલ આવશે.

-:: કોઠા નં. ૫.૪ ::-

-:: શિક્ષણ પ્રમાણે વસતિના આંકડા (ટકામાં) ::-

| ક્રમ | શિક્ષણ સ્તર | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | શિક્ષિત | ૪.૪૦ | ૧.૩૩ | ૮.૨૫ |
| ૨. | અશિક્ષિત | ૯૫.૬૦ | ૯૮.૬૭ | ૯૧.૭૫ |
| ૩. | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

રીંછડી ગામમાં શાળા છે, પરંતુ આજે પણ આ ગામના ગરાસિયા બાળકોને નિશાળે મોકલવામાં આળસ કરતા હોય તેમ જોવા મળે છે. શિક્ષક પણ અનિયમિત જોવા મળે છે. શાળાના રજિ.માં વિદ્યાર્થીઓની સંખ્યા સારી જોવા મળે પણ નિશાળમાં ઓછી સંખ્યા આવે છે. એટલે અંબાજી નજીક હોવા છતાં, ગામમાં પણ નિશાળ હોવા

આમાં શૈક્ષણિક વિકાસમાં બહુ ઝાઝો ફેરફાર થવા પામ્યો નથી. ગરાસિયાઓ આ માટે આવી શૈક્ષણિક પછાતપણાની છાપ સ્વીકારે છે તે સમજાય તેવું નથી. કારણ કે જવાબ તેમની પાસે નથી. તેઓની આળસ અને બેદરકારી જવાબદાર છે. શિક્ષણ માટેનો તેમનો અવિશ્વાસ પણ આમાં જવાબદાર છે. તેમની ગરીબી, ઉદાસીનતા અને સરહદની અસર ઉપરાંત અહીંના શિક્ષણ આપતા કર્મચારીઓની પણ તેટલી જ ભિન્ન જવાબદાર નીતિ તેમાં ભાગ ભજવે છે. એ તરફ ક્યારે ધ્યાન અપાશે એ કહી શકાય તેમ નથી કારણ કે ૧૯૬૯માં અને ૧૯૭૯માં જે આશ્રમશાળા હતી તેજ ૧૯૮૯માં છે પરંતુ તેમાંથી કોઈ વિકાસ થયો નથી.

<u>ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન</u> :-

ભૌતિક સંપત્તિની રીતે જોઈએ તો ૧૯૬૯ અને ૧૯૭૯ દરમ્યાન ઝાઝો તફાવત નહોતો. એજ રીતે ૧૯૮૯માં પણ જે પ્રકારના આગળની બંને તપાસમાં ઘરો હતા એવા જ કાચા ઘરો હતા. માત્ર એક ઘર જ ઈંટોનું બનેલું હતું જેને ઈંટો પાડવામાંથી મળેલી ઈંટોથી બાંધ્યું હતું પરંતુ આદિવાસી સિવાય ચાર પાંચ મલ્લ લોકોના ઘરો જે આગળની તપાસમાં નહોતા એ પાકા બનાવેલા છે. બાકી ઘરોમાં એ સિવાય હવાઉજાસની કે બીજી સુવિધાઓ વધવા પામી નથી. બાકી એજ વાંસની વાડ, ઘરની દિવાલો કાદવ છાણથી લીપેલી આજે પણ જોવા મળે છે. આ પરિસ્થિતિ જેમ ઘર માટે સાચી છે તેમ ઘરવખરી અને ફર્નિચર માટે થોડી જુદા જેવી જોવા મળે છે. જેમ કે આગળની તપાસમાં સ્ટીલના વાસણો નહોતા જે આજે છે. પહેલાં વાંસના

બનાવેલી કોઠીમાં જ ભરતા કે અનાજ રાખતા. આજે પતરાના ડબ્બા વાપરતા થયા છે. એ સિવાય ૧૯૬૯માં સામાન્ય ગરાસિયાઓના ઘરોમાં જે સ્થિતિ હતી તેજ પ્રમાણે આજે પણ તેમની છે. તેમના ઘરોમાં દોરડાના ખાટલા, પાતળી ગોદડીઓ, માટીના હાંડલા તથા એકાદ બે રાંધવા ધાતુ કે પિત્તળના વાસણ, પિત્તળ સ્ટીલની થાળીઓ અને જુદા જુદા કદની ટોપલીઓ જોવા મળશે. ઘંટી હોવા છતાં આજે ઘણા માતાજી એટલે અંબાજીથી દળાવી લાવે છે. આ તપાસના વર્ષમાં જ એક કુટુંબને બીજા પડોશી કુટુંબ સાથે છોકરા/છોકરીના પ્રેમલગ્નને કારણે ઝગડો થવાથી તેમાં છોકરીપક્ષો એકનું મૃત્યુ થતાં છોકરાના કુટુંબમાં બધું અસ્ત-વ્યસ્ત થઈ જવા પામ્યું છે, તે પાલનપુર જેલમાં છે. તેનો તેમનું સ્થાનિક જાતિપંચ બેસી ૧૫ હજાર જેટલો દંડ કરશે અને કોર્ટના ખર્ચ થશે. આજે તેની જમીન, ઘર, પશુઓનું કોઈ ઠેકાણું રહયું નથી. મસ્તઉદ્યોગના સાધનો, સંગીતના અને શિકારના સાધનોમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થવા પામ્યો નથી. ખેતીવાડીના સાધનો પણ તેના તેજ છે પરંતુ ઘણા કુટુંબોમાંથી થોડાકે કૂવા એન્જિન, મોટર વગેરે બેસાડયું છે. પહેરવેશમાં ઝાઝુ પરિવર્તન દેખાતું નથી. પરંતુ થોડા યુવાન યુવતીમાં પેન્ટ-શર્ટ, સ્કર્ટ કે સ્વચ્છ કપડાં પહેરતા થયા છે. રંગમાં ભાગ્યે સુધારો દેખાય છે. એટલે કે ગરાસિયા જાતિનો રંગબેરંગી કપડાનો મોહ હજુ જળવાઈ રહયો છે. સ્ત્રીઓ આજે પણ ઘરેણાં ખૂબ પહેરતી જોવા મળે છે. આમ બહુ ઝાઝુ પરિવર્તન તેમનામાં જોવા મળતું નથી. તેમની રહેણીકરણી, જીવનપધ્ધતિ વગેરેમાં ગરાસિયા સ્થગિતતાવાળા દેખાય છે.

આખા રીંછડી ગામમાં તેમની રોજિંદી અનેક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર નહીં પણ કેટલીક બાબતોમાં ફેરફારો અવશ્ય દેખાય છે જે ૧૯૬૯ અને ૧૯૭૯ના વર્ષની તપાસમાં જોવા મળ્યા નહોતા. સવારે ઉઠીને તેઓ પહેલાં ખેતરે કે પશુઓ જતા હવે ઘણા ઉઠીને જ અંબાજી (માતાજી)એ સવાર જ જોવા મળે છે. નવરાશમાં અંબાજીમાં મળે તે બાંધકામ મજૂરી કરે છે અને મળે તે બીજા કામો પણ કરે છે. તેમ છતાં ત્રણે વર્ષની તપાસમાં તેમનો મુખ્ય ધંધો ખેતી રહેવા પામ્યો છે. ખેતીવાડીમાં પહેલાંની બંને તપાસ કરતાં ૧૯૮૯માં સારી એવી પ્રગતિ તેમની સિંચાઈ અને નવીન પાક તેમજ સહાયોને લીધે રહેવા પામી છે. એ છેલ્લા વીસ વર્ષમાં આ ખેતીવાડી ક્ષેત્રે કેટલું પરિવર્તન આવ્યું છે તે જોઈએ.

<u>આદિવાસી કુટુંબોમાં આવેલા પરિવર્તનો</u> :-

૧૯૬૯માં રીંછડી ગામમાંથી ૫૧ આદિવાસી કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. આજ કુટુંબોની સ્થિતિ ૧૯૭૯ અને ૧૯૮૯માં નીચે પ્રમાણે રહી હતી.

-:: કોઠા નં. ૫.૫ ::-

| વર્ષ | મૃત્યુ પામેલા | તપાસના કુલ કુટુંબો | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૧૯૬૯ | - | ૫૧ | ૫૧ |
| ૧૯૭૯ | ૧૩ | ૩૮ | ૫૧ |
| ૧૯૮૯ | ૧૬ | ૨૨ | ૫૧ |

ઉપરોકત કોઠા પરથી જોઈ શકાશે કે છેલ્લા વીસ વર્ષના ગાળામાં પસંદ થયેલ ૫૧ કુટુંબોમાંથી ૨૯ (૫૬.૮૬ ટકા) કુટુંબોના વડાના મૃત્યુ થયા છે.

આગળ દર્શાવ્યું છે તેમ ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં ખૂબ ઓછા ૨૨ કુટુંબો જ અભ્યાસમાં લઈ શકયા છે. આગળની બંને તપાસ વેળાના ૨૯ કુટુંબોના વડાઓ ગુજરી જવાથી અભ્યાસમાં લીધા નથી. શકય બનેલા ૨૨ કુટુંબોમાંથી તેમની જમીન ધારકતા અને માલિકીની જમીનનું કદ નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણે છે.

આગળની બંને તપાસમાં જાણવા મળ્યું હતું કે તેમનો મુખ્ય ધંધો ખેતી છે અને આર્થિક દૃષ્ટિએ જમીન તેઓના જીવનનિર્વાહનું સાધન છે. ૧૯૬૯ અને ૧૯૭૯માં જે કુટુંબો પાસે જમીન હતી, તેજ કુટુંબો પાસે ૧૯૮૯માં પોતાની જમીન છે. છેલ્લા વીસ વર્ષમાં કોઈ ફેરફાર થયો હોય તો એ જમીનના કદમાં થયેલો ફેરફાર છે.

-:: કોઠા નં. ૫.૬ ::-

-:: જમીન ધારણ પ્રમાણે કુટુંબોની વહેંચણી (ટકામાં) ::-

| ક્રમ | જમીનધારણ કદ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | ૦૦ થી ૨.૫ | ૨૦ | ૧૦.૫૩ | ૯.૦૯ |
| ૨. | ૨.૫ થી ૫.૦ | ૩૮ | ૪૪.૭૪ | ૫૪.૫૫ |
| ૩. | ૫.૦ થી ૭.૫ | ૧૬ | ૧૫.૭૮ | ૨૨.૭૩ |
| ૪. | ૭.૫ થી ૧૦ | ૧૨ | ૧૩.૧૬ | ૧૩.૬૪ |
| ૫. | ૧૦ થી ૧૫.૦ | ૮ | ૧૦.૫૩ | - |
| ૬. | ૧૫ થી ઉપર | ૬ | ૫.૨૬ | - |
| | કુલ | ૧૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરનો કોઠો જોતાં માલૂમ પડે છે કે ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબોની સંખ્યામાં સારો એવો ઘટાડો નોંધાવા પામ્યો છે જ્યારે ૨.૫ થી ૫.૦ એકર અને ૫.૦ થી ૭.૫ એકર જમીન ધરાવનારા કુટુંબોની સંખ્યામાં વધારો થયો છે. જ્યારે ૭.૫ થી ૧૦.૦ એકર જમીન ધરાવનાર કુટુંબોમાં ઝાઝો તફાવત જોવા મળતો નથી. આ બતાવે છે કે ગામમાં વધુને વધુ કુટુંબો જમીન ધારકતાની દૃષ્ટિએ ઉંચા ગયા છે. આની પાછળ જંગલખાતાની જમીન મળી હોય તેના કદમાં વધારો નોંધાયો હશે. તેમ છતાં હજુ પણ કેટલાક કુટુંબો સિંચાઈની પૂરી સગવડના અભાવે, ખાડા ટેકરાવાળી જમીન હોવાથી, પૂરતા ખેતીના સાધનો ન હોવાથી પૂરતી ઉપજ મેળવી શકતા નથી. છતાં ગામના નીચેના ધાટ સિવાયના કુટુંબોને સિંચાઈનો લાભ તળાવ દ્વારા મળતાં છેલ્લા બે દાયકા કરતાં એકરદીઠ ઉત્પાદન વધ્યું છે.

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની સરેરાશ જમીન ધારકતા નીચેના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે છે.

-:: કોઠા નં. ૫.૭ ::-

-:: દરેક કુટુંબદીઠ સરેરાશ જમીન ::-

| ક્રમ | વર્ષ | સરેરાશ જમીન ધારકતા (એકરમાં) | વ્યક્તિદીઠ |
|---|---|---|---|
| ૧. | ૧૯૬૯ | ૬.૦૩ | ૧.૨૮ |
| ૨. | ૧૯૭૯ | ૬.૨૯ | ૧.૧૦ |
| ૩. | ૧૯૮૯ | ૫.૧૪ | ૧.૧૭ |

આમ ગામના [illegible] કુટુંબોમાં કુટુંબદીઠ જમીનના કદમાં ઘટાડો નોંધાયો છે પરંતુ વ્યક્તિદીઠ જમીનના પ્રમાણમાં ૧૯૬૬ કરતાં ઘટાડો અને ૧૯૭૯ની તપાસ કરતાં વધારો થોડો નોંધાયો છે. એટલે કે એક બાજુ જમીનકદ ઓછું થયું અને એટલું વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ પણ વધ્યુ નથી એટલે આવતા વર્ષોમાં જમીન પરનું ભારણ વધી જશે એમ એના પરથી લાગે છે.

એ રીતે ૧૯૬૬, ૧૯૭૯ અને ૧૯૮૯માં જુદા જુદા કુટુંબોના જમીનના કદ પ્રમાણે જોવા મળ્યા હતા તે નીચે મુજબ હતા.

-:: કોઠા નં. ૫.૮ ::-

-:: જમીનના કદ પ્રમાણે કુટુંબો (ટકામાં) ::-

| ક્રમ | જમીન ધારણકદ | ૧૯૬૬ | | ૧૯૭૯ | | ૧૯૮૯ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુટુંબ ટકા | કુલ જમીન | કુટુંબ ટકા | કુલ જમીન | કુટુંબ ટકા | કુલ જમીન |
| ૧. | ૦ થી ૨.૫ | ૨૦ | ૧૮.૩૧ | ૧૦.૫૩ | ૭.૨૦ | ૯.૦૯ | ૩.૨૫ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૩૮ | ૭૩.૦૩ | ૪૪.૭૪ | ૬૩.૩૧ | ૫૪.૫૫ | ૪૭.૧૭ |
| ૩. | ૫ થી ૭.૫ | ૧૬ | ૫૦.૨૪ | ૧૫.૭૮ | ૩૮.૨૯ | ૨૨.૭૩ | ૩૨.૫૦ |
| ૪. | ૭.૫થી ૧૦ | ૧૨ | ૫૨.૦૯ | ૧૩.૧૬ | ૪૪.૦૦ | ૧૩.૬૪ | ૨૯.૫૦ |
| ૫. | ૧૦ થી ૧૫ | ૮ | ૪૮.૩૫ | ૧૦.૫૩ | ૪૮.૩૫ | - | - |
| ૬. | ૧૫ થી વધુ | ૬ | ૫૬.૩૬ | ૫.૨૬ | ૩૬.૨૧ | - | - |
| | કુલ | ૧૦૦ | ૩૦૦.૧૮ | ૧૦૦.૦૦ | ૨૩૭.૩૬ | ૧૦૦.૦૦ | ૧૩૩.૨ |

આમ કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં જુદા જુદા જમીનના કદ પ્રમાણે કુટુંબોની જુદી જુદ [illegible] મળી હતી. જેમાં ૭૪ ટકા કુટુંબો ૮ એકરથી ઓછી જમીનની માલિકી ધરાવે છે. તેમની કુલ જમીન ૧૪૧.૫૮ એકર જેટલી થાય છે. એટલે સરેરાશ એ લોકોની કુટુંબદીઠ જમીન ૩.૭૨ એકર આવે છે. જ્યારે ૧૯૭૯માં ૭૧.૦૫ ટકા કુટુંબો ૮ એકરથી ઓછી જમીન માલિકી ધરાવે છે. તે કુટુંબોની કુલ જમીન ૧૦૮.૮ એકર જેટલી થાય છે. તેમની સરેરાશ જમીન ૪.૦૨ એકર આવે છે. આમ ૧૯૮૯માં ૮૬.૩૬ ટકા કુટુંબો ૮ એકરથી ઓછી જમીન માલિકી ધરાવે છે. જેમની કુલ જમીન ૮૪.૦૨ એકર થાય છે એટલે એ લોકોની કુટુંબદીઠ સરેરાશ જમીન ૪.૪૨ એકર થાય છે. આમ ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં આ જમીન ધારકતામાં ૧૯૭૯ અને ૧૯૮૯માં થોડોક તફાવત જોવા મળે છે. જોકે આ પ્રદેશની જમીન ખેતી માટે એટલી સારી નથી કે આટલી જમીનથી દરેક કુટુંબનું જીવનનિર્વાહ શકય બને. જે જમીનમાં સિંચાઈ થઈ શકે તેમ છે તેમાં ૧૫ એકર જમીન હોય તેનું જીવન-નિર્વાહ ઠીક ઠીક થઈ શકે. પરંતુ અહીંયાં તો જે કુટુંબોની જમીન વધારે છે એવા ધારના કુટુંબો ૧૦ અને તેનાથી ઉપર એકરની જમીન ધરાવે છે જ્યાં તળાવ કે કુવાની સિંચાઈ થઈ શકતી નથી અને ૧૯૮૯ની તપાસના કુટુંબોમાં તો ૧૦થી ઉપરની એકરવાળું એકપણ કુટુંબ નથી.

ગામની જમીન બે પ્રકારની છે. પિયત જમીન( સિંચાઈવાળી) અને બિનપિયત જમીન. ૧૯૬૯માં મોટાભાગની જમીન સિંચાઈ વગરની હતી. ૧૯૭૯માં સિંચાઈનું એકમાત્ર સાધન કૂવો હતો. તેમાં ૧૯૭૯માં થોડો સુધારો થયો હતો. ગામના સપાટ પ્રદેશમાં ખેતીલાયક જમીન છે.

તેમાં ગામના ૧૯૬૯માં બાંધવામાં આવેલા રીંછડી તળાવમાંથી પાણી મેળવવાની સગવડ ઊભી થાય છે પણ સિંચાઈ માટે નહેર બાંધવામાં આવી નહોતી. ૧૯૭૯માં કાચી કેનાલ બાંધી હતી જે આજે ૧૯૮૯માં પણ છે. જેનાથી સિંચાઈ કરવામાં આવે છે, પરંતુ આ પૂરતું નથી. કારણ કે ગામની મોટી જમીન ઘાટ વિસ્તારમાં આવેલી છે જ્યાં આ ~~xxxxx~~ તળાવનું પાણી જતું નથી. ઘાટના ચાર કૂવા પણ નિષ્ફળ ગયેલા એટલે ઘાટ વિસ્તાર આજે પણ સિંચાઈથી વંચિત છે.

<u>આદિવાસી કુટુંબોમાં આર્થિક પરિવર્તન</u> :-

પાક, કાપણી, ખાતર, બિયારણ, દવા વાપરવાની પધ્ધતિમાં પણ ફેરફાર નોંધાયો નથી. ખેતપેદાશોના ઉત્પાદનમાં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં ખાસ તફાવત જોવા મળતો નથી. કોઈ નવા પાકો પણ નથી. તેઓ મકાઈ, કઠોળ (ચણા, અરદ, તુવેર) ઘઉં, રાયડો, ડાંગર, જુવાર વગેરે જ કરે છે.

તેમની આવકમાં જંગલનો ફાળો ૧૯૬૯ અને ૧૯૭૯ હતો જે આજે ૧૯૮૯માં પણ થોડે અંશે ચાલુ છે. સ્ત્રીઓ બળતણના લાકડા જંગલમાંથી લાવી સંબાજીમાં વેચે છે. લાકડાંનો ભારો ૭૫ પૈસે વેચાતો તે ૧૯૭૯માં ૧ થી ૨ રૂપિયે અને આજે ૬ થી ૮ રૂપિયા સુધી પહોંચ્યો છે. તેમાં પણ જંગલમાં લાકડા ઓછા થઈ જવાથી હવે મુશ્કેલી થઈ છે.

આમ રીંછડી ગામના ઘારના કુટુંબોને બાદ કરતાં છેલ્લા દાયકામાં ખેતીવાડી ક્ષેત્રે સિંચાઈની સુવિધા થવાથી બાકીના કુટુંબોની ખેતીવાડીની સ્થિતિ સારી છે. આમ તેમની આર્થિક પરિસ્થિતિ

ખરેખર હોવી જોઈએ તેટલી સારી નથી. આ પરિસ્થિતિ માટે તેઓ પોતે પણ કંઈક અંશે જવાબદાર હોય એમ લાગે છે કેમ કે તેઓ પોતાના રોજબરોજના નિર્વાહ ખર્ચમાં બિનજરૂરી ખર્ચાઓ કરે છે. તેઓ મરી-મસાલા, દારુ, બીડી, ચા જેવા વ્યસનો, કપડાં અને કોઈ કોઈ સામાજિક-ધાર્મિક ખર્ચાઓ પાછળના વધુ પડતા ખર્ચાઓ તેમની સંપૂર્ણ કમાણીને દેખાવા દેતા નથી. આ આવક વેડફાઈ જતી હોય તેમની બીજી જીવન જરૂરિયાતના ખર્ચાઓ માટે દેવાદાર બનવું પડે છે. ગામના કેટલાક ખેડૂતો નજીકના અંબાજીમાંથી ઉધાર લાવી દેવાદાર બન્યા છે. જ્યાં તેમનું શોષણ જ થતું હોય છે એવા દેવામાં જ ગામના બે-ત્રણ ખેડૂતની જમીન અંબાજીના સ્ટાઈલના કારખાના માલિકને ત્યાં અને હાલના સંરપંચ અંબાજીના એક શાહ કુટુંબને ત્યાં થઈ જવા પામી છે. ગામમાં આદિવાસી સિવાય બીજાના નામે ઉમેરાયેલી જાતિઓમાં પટેલ, દરજી, શાહ, નટ વગેરે છે.

આ ઉપરાંત તેઓ રોજબરોજના ખર્ચાઓ, ખેતીવાડીના કુવા, એન્જિન અને પશુઓ પાછળના ખર્ચાઓમાં દેવાદાર બનેલા છે. તેમને મળતા લાભોમાં પણ તેમને ક્યારેક ખર્ચાઓ કરવા પડે છે. તેઓના કહેવા પ્રમાણે અમુક કામ પૈસા વગર થતા નથી. જોકે ગામના ગ્રામસેવકના કહયા પ્રમાણે કેટલીક વાતો આ લોકો આમ જ ઉપજાવી હોય છે કારણ કે એ લોકો કહે એ બધું જ કરવું શકય ન હોવાથી આમ વાતો કરે છે.

આવા ઘણા બધા કારણોસર ખેતીની પેદાશ, સિંચાઈની સગવડ, કેટલીક સરકારી સહાયો વગેરેમાં નોંધપાત્ર સુવિધાઓ હોવા

છતાં xxxx અને વીસ વર્ષનો સમયગાળો પસાર થયો xxx હોવા છતાં રીંછડી ગામના લોકોની આર્થિક પરિસ્થિતિમાં જોઈએ તેટલો સુધારો કે વિકાસ જોઈ શકાતો નથી. આ તેમના આવકના આંકડાઓ ઉપરથી જોઈ શકાય છે. ૧૯૬૯માં કુટુંબની રોજની માથાદીઠ આવક ૪૨ પૈસા હતી. જે ૧૯૮૯માં કુટુંબની રોજની માથાદીઠ આવક ૧.૯૮ પૈસા હતી. આમ આટલી ઓછી આવકમાં જીવનની મુખ્ય પ્રાથમિક જરૂરિયાતો પણ પૂરતા પ્રમાણમાં મેળવવાની ઘણી જ મુશ્કેલી પડે કારણ કે આજની મોંઘવારીમાં એ બધું મેળવવું ઘણું જ અઘરું થઈ પડયું છે. આમ ૨૦ વર્ષમાં ઉપર દર્શાવ્યું એમ ૩।। ગણી આવક વધી હોવા છતાં આર્થિક રીતે મુશ્કેલી અનુભવે છે.

તેમ છતાં આ જીવન જરૂરિયાતોની વસ્તુઓ મેળવવા માટે તેઓ ખર્ચાઓ કરે છે. જેને કારણે ઘણાએ દેવું કરવું પડે છે. દેવું પણ દિવસે દિવસે ઘટવાને બદલે વધેલું જોવા મળે છે, જે દેવા વિષાયક આંકડાઓ ઉપરથી જોઈ શકાશે. ૧૯૬૯નું તપાસના કુટુંબોનું દેવું ૫૫૬૦ રૂપિયા, ૧૯૭૯ના કુટુંબોનું ૧૭૮૦૦ રૂપિયાનું હતું, જે ૧૯૮૯ના કુટુંબોનું દેવું વધીને ૯૦૩૦૦ રૂપિયાનું થઈ જવા પામ્યું હતું. આમ કુલ દેવાનું પ્રમાણ ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં ત્રણ ગણું વધવા પામ્યું હતું જે ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં પાંચગણું થવા પામ્યું હતું. એટલે જેમ આવકની દૃષ્ટિએ વધારો નોંધાયો છે, તેમ દેવામાં પણ વધારો નોંધાયો છે એ બતાવે છે કે રીંછડી ગામના લોકોની સ્થિતિ ગરીબ બની છે અને બનતી જતી માલૂમ પડતી હોય એમ લાગ્યા વિના રહેતું નથી.

-:: કોઠા નં. ૫.૯ ::-

-:: જુદા જુદા કદ ધારણ પ્રમાણે કુટુંબોની દેવા વિષયક પરિસ્થિતિ ::-

| ક્રમ | જમીન કદ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | ૦.૦ થી ૨.૫ | ૧૯૫ | ૧૦૦૦ | - |
| ૨. | ૨.૫ થી ૫.૦ | ૧૮૫૫ | ૧૦૬૦૦ | ૬૨૮૦૦ |
| ૩. | ૫.૦ થી ૭.૫ | ૧૦૬૦ | ૩૫૦૦ | ૧૭૦૦૦ |
| ૪. | ૭.૫ થી ૧૦.૦ | ૧૦૨૦ | ૧૪૦૦ | ૧૦૫૦૦ |
| ૫. | ૧૦.૦થી ૧૫.૦૦ | ૯૧૦ | ૧૦૦૦ | - |
| ૬. | ૧૫ થી ઉપર | ૧૨૦ | -- | - |
| | કુલ | ૫૫૬૦ | ૧૧૮૦૦ | ૯૦૩૦૦ |

આમ જે લોકોનું જમીન ધારણ કદ ઊંચું હતું તે લોકો દેવાદાર બન્યા છે જે ૨.૫ થી ૫.૦ એકરથી ૭.૫ થી ૧૦.૦ એકર સુધીના જમીન ધારણ કદના દેવાદારોની સ્થિતિ જોઈએ તો સ્પષ્ટ થશે કે તેમનું દેવું સતત વધતું હતું.

-o-o-o-

## -:: પ્રકરણ - ૬ ::-

## -:: અભ્યાસ આધારિત પ્રશ્નો, તારણો અને સૂચનો ::-

૧૯૮૯માં રીંછડી ગામની પુનઃતપાસ કરી, તપાસ દરમિયાન ગામના આગેવાનો, કુટુંબના વડાઓ, સંબંધિત કર્મચારીઓ અને અવલોકનથી જે કંઈ પ્રશ્નો જોયા, જાણવા મળ્યા તેને અહીં બે ભાગમાં મૂક્યા છે. (૧) ગામ સંબંધના પ્રશ્નો અને (૨) આદિવાસી કુટુંબોના પ્રશ્નો.

(૧) ગામ સંબંધના પ્રશ્નો :-

આ પ્રશ્નોમાં પાયાની ગામની સુવિધાઓને લગતા પ્રશ્નો અને સાથે બીજા કેટલાક પ્રશ્નો લીધા છે.

૧. પીવાના પાણી :-

પીવાના પાણી માટે ગામના ધાર વિસ્તારના ફળિયાઓમાં હજુ કૂવા ઓછા છે, છે તેમાં પાણીનો પ્રશ્ન છે એટલે જ્યાં ચાલુ છે ત્યાંથી બીજા ફળિયા કે રીંછડી તળાવમાં પાણી લેવા, કપડાં ધોવા-ઢોર પાવા જવુ પડે છે. પથ્થરને કારણે જે કૂવામાં પાણી નથી તેને થોડી કાળજી લઈ ચાલુ કરાય તો ગામના ધાર વિસ્તારના આ ફળિયાઓમાં XXXXX પાણીનો પ્રશ્ન ન રહે. બીજા નીચેના ફળિયાઓમાં કૂવા-તળાવનું પાણી છે એટલે કૂવા ઉપર જઈ તેનો ઉપયોગ લોકો કરે છે. માત્ર ઉનાળામાં થોડી મુશ્કેલી રહે છે.

૨. રહેઠાણ :-

રીંછડીમાં ૧૯૬૧માં ૫૧ કુટુંબો, ૧૯૭૧માં ૬૩ કુટુંબો અને ૧૯૮૧માં ૯૨ કુટુંબો થયા હતા. એ રીતે જોઈએ તો વસવાટ માટેની જમીન ખાલી નથી. રહેઠાણની સમસ્યા કેટલાકને સતાવે છે. હવે ગામ અને ફળિયાવાર રહેઠાણ છે ત્યાં આજુબાજુ મકાનો બનાવી રહી શકાય તેમ નથી. ઘણા ડુંગર ઉપર ઘર બાંધી વસ્યા છે. તેમના ઘરોની સ્થિતિ હજુ સુધરી નથી. તેમના ઘરો કાચા અને સુવિધા વિનાના છે. આજે જંગલ આજુબાજુથી કપાઈ ગયુ હોઈ ઘર માટેના લાકડાનો પ્રશ્ન પણ તેમને માટે વિકટ બન્યો છે.

૩. જાહેર આરોગ્ય :-

ગામમાં ડોક્ટર કે દવાખાનું નથી. બધા જ અંબાજીથી દવા લાવે કારણ કે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ખાનગી ડોક્ટરની સુવિધાઓ છે. નજીકમાં સિમેન્ટ ફેક્ટરી, આરસની ખાણો-ફેક્ટરીઓમાં ઘણા જાય છે તેનાથી ઘણાનું આરોગ્ય કથળેલું હોય છે. પરંતુ જાહેર આરોગ્ય કેન્દ્રની સુવિધા ગામના કાચા મેન્ટલ રોડને કારણે મળતી નથી. મેલેરિયાગ્રસ્ત વિસ્તાર હોઈ ઘણા તાવથી પીડાય છે પણ કરે શું ?

૪. રસ્તાઓ :-

રીંછડી ગામના અંબાજી રીંછડી અને કુંભારીયા રીંછડીના રસ્તાઓ કાચા મેન્ટલવાળા જ રહેવા પામ્યા છે. અંબાજી રીંછડી વચ્ચે મોટું ઝરણું વહે છે ત્યાં તપાસના ૧૯૮૯માં પાકુ નાળુ બનવાનું શરૂ થયું છે. એટલે ચોમાસે અંબાજી જવું આવવું મુશ્કેલ બને છે, તેમાં રાહત

રહેશે. અંબાજી તેમના બધા [illegible] [illegible]નું એક મહત્વનું સેન્ટર છે. રીંછડીથી રીંછડીયા મહા[illegible] ડામરનો પાકો રસ્તો છે પરંતુ ધારના ફળિયાઓમાં જવા આવો [illegible] રસ્તો નથી ત્યાં પગદંડી રસ્તે જવાય છે. ગામ જુદા જુદા ફળિયાઓમાં [illegible] કોઈ ડુંગરના પગદંડીવાળા રસ્તા સારાયે ગામમાં છે. એટલે તો સુધારી શકાય તેમ નથી ત્યાં કુટુંબના બધા ચાલીને જાય છે એટલે આમ જોવા જઈએ તો ગામના ઘણા ફળિયામાં રસ્તા જ નથી.

(૨) <u>આદિવાસી કુટુંબોના પ્રશ્નો</u> :-

રીંછડીના આદિવાસી કુટુંબો પાયાની સુવિધાઓ, વસવાટમાં સુવિધાઓનો અભાવ અને આર્થિક રીતે મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતા જોવા મળે છે. તેમના મુખ્ય પ્રશ્નો નીચે મુજબ છે.

૧. <u>રહેઠાણ</u> :-

આ કુટુંબો માટે રહેઠાણનો પ્રશ્ન જેમ જેમ કુટુંબોની સંખ્યા અને કુટુંબ કદમાં વધારો થતો જાય છે તેમ તેમ વિકટ બનતો જાય છે. તેમનું રહેઠાણ ડુંગરની ધારે ઉપર કે સહેજ નીચેના ભાગે હોય છે. ઘરમાં માત્ર બારણા જોવા મળે, હવાઉજાસ માટે બારી હોતી નથી. કોઈ ઘરને લાકડાના માળિયા દેખાય છે જેમાં થોડી વસ્તુઓ હોય એ સિવાય બહુ સારી સ્થિતિમાં ઘરો જોવા મળતા નથી. હજુ પણ પરંપરાગત નળિયા-વાળા કાચી ભીંતોવાળા રહેઠાણો છે. તેમાં પણ આજે જંગલમાંથી લાકડુ મળતું બંધ થવાથી નવું સમારકામ કેલાય વર્ષોથી થયું લાગતું દેખાયું નથી.

એટલે રહેઠાણની જમીન અને ઘર બાંધવાનો સામા- [illegible] જે વર્ષો પહેલાં સહજ મળતો હતો તે બંધ થયો છે. ઘર માટે- [illegible]ની યોજનાનો કોઈને હજુ સુધી લાભ મળ્યો નથી.

૨. <u>ખેતીની જમીન</u> :-

ગામમાં વસતા કુટુંબો પાસે એટલે કે અર્ધા ઉપરાંત પાસે સરેરાશ બે કે ત્રણ એકર જમીન છે. અને તે વળી ડુંગરની ધારે ટેકરા ઉપર જ્યાં જમીનનું ધોવાણ થાય છે. સિંચાઈની સુવિધા પહોંચતી નથી. વળી કુટુંબકદની રીતે જોઈએ તો સરેરાશ ૫ વ્યક્તિનું હોય તેના ઉપર જીવન નિર્વાહ કરવો કેટલો કપરો બને એ તો વિચારે ખ્યાલ આવે તેમ નથી. અનુભવે જ ખ્યાલ આવી શકે કે કેમ જીવનનિર્વાહ કરાતો હશે.

આ તો જમીનની વાત થઈ, પરંતુ વરસાદ ઓછો પડે, અનિયમિત આવે, સાથે સાથે કેટલાકને સિંચાઈની સુવિધા નથી, કેટલાક પાસે પૂરતા ખેતીના ઓજારો કે બિયારણો નથી હોતા પછી કેવી રીતે ખેતીનું વધુ ઉત્પાદન લઈ શકાય.

૩. <u>સિંચાઈ</u> :-

ગામના ઘણા કુટુંબોને કૂવા-એન્જિન, મોટર છે. તળાવના પાણીની સિંચાઈનો લાભ મળે છે. તો ઘણા પાસે માત્ર સૂકી ખેતી છે, જેઓ ધારમાં છે તેઓને ઢોળાવવાળી જમીનમાં માત્ર વરસાદથી જ ખેતી કરવી પડે છે. ગામમાં કેટલાકને કૂવામાંથી પૂરતું પાણી ન મળવાથી પોતાના ખેતરોમાં પૂરતી સિંચાઈ શક્ય બનતી નથી. તેઓને તળાવની સિંચાઈનો લાભ પણ મળતો નથી એટલે ધાર્યા પાક થતા નથી, ક્યારેક નિષ્ફળ જાય છે.

૪. <u>મજૂરી</u> :-

જે કુટુંબો પાસે ઓછી જમીન છે તેવા બધા કુટુંબોને મજૂરી કરવી પડે છે. તેઓને ખેતમજૂરી આખુ વર્ષ મળતી નથી એટલે તેઓ સિમેન્ટ ફેકટરી, બાંધકામ મજૂરી, આરસની ખાણ મજૂરી વગેરે કરે છે. પરંતુ તેમાં કાયમી મજૂરી હોતી નથી. સાથે સાથે મજૂરીના દર ઓછા હોય છે તેથી જીવન નિર્વાહ ગોઠવવામાં ખેંચાવું પડે છે જેને કારણે પણ દેવું કરે છે. મજૂરીના દર ૬ થી ૭ રૂપિયા મળે છે જે પૂરતા નથી પરંતુ બીજે મજૂરી ન હોઈ કરે પણ શું ?

૫. <u>વિજળી</u> :-

રીંછડીમાં આગળની બે તપાસમાં વિજળી નહોતી, અત્યારની તપાસ વખતે ગામમાં વિજળીના થાંભલા છે જેમાંથી ગામના મંદિરે અને એક કૂવા ઉપર ઈલેક્ટ્રીક મોટર છે ત્યાં વિજળી છે. બાકી ગામના કુટુંબોમાં વિજળી નથી જે તપાસના કુટુંબોમાં પણ જોવા મળે છે. આમ પણ જોકે ગામમાંથી માંડ થોડા કુટુંબો સ્વખર્ચે વિજળી લઈ શકે તેમ છે. બાકીનાની એ સ્થિતિ નથી કે તેઓ તેનો લાભ લઈ શકે.

૬. <u>શિક્ષણ</u> :-

ગામમાં વર્ષોથી પ્રાથમિક શાળા અને આશ્રમશાળા ચાલે છે. શાળામાં વિદ્યાર્થીની નોંધણી સંખ્યા સારી છે પરંતુ હાજર સંખ્યા ચાલુ શાળાએ ખૂબ જ ઓછી જોવા મળે છે. શિક્ષક, માબાપ વગેરેની બેકાળજી સાથે સાથે આ ગરાસિયા લોકોની શિક્ષણ પ્રત્યેની સૂગ પણ એટલો જ

ભાગ આવે છે. તેમ છતાં આગળની તપાસ કરતાં અભ્યાસ કરનારાની સંખ્યા માત્ર ચારની જ વધી છે જે આમ જોઈએ તો શિક્ષણ બાબતમાં આ વિસ્તાર અને ગામમાં શું પરિસ્થિતિ પ્રવર્તતી હશે તેનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી.

<u>તારણો</u> :-

(૧) ગામના ધારના ફળિયાઓના કુટુંબોને પીવાના પાણીની આજે પણ મુશ્કેલી પડે છે. ઉનાળે તો ખાસ હોય છે.

(૨) ગામના લગભગ બધા જ આદિવાસી કુટુંબો પાસે કાચા મકાનો છે, કેટલાક મકાનો ખૂબ જ અગવડવાળા, હવાઉજાસ વિનાના, નીચા અને મરામતના અભાવે પડે તેવી દશામાં છે, છતાં તેમાં વસવાટ તેઓ કરે છે.

(૩) મનોરંજનના કોઈ જ સાધન ગામમાં નથી. આખા ગામમાં જોઈએ તો બે પાંચ રેડિયા હશે, બીજા કોઈ સાધન નથી.

(૪) ગામમાં વિજળી છે, પરંતુ ઘરોમાં વિજળી જોડાણો નથી. વિજળી આવી તેનો લાભ મંદિર અને એક કૂવા ઉપર મોટર છે તેને માત્ર મળ્યો છે.

(૫) શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું છે. નિશાળ, આશ્રમશાળા હોવા છતાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઘણું છે. લોકોમાં શિક્ષણની જાગૃતતાનો અભાવ જોવા મળે છે.

(૬) મિલકત (જમીન, ઘર, ઝાડ, પશુઓ, ખેતીના સાધન, ઘરવખરી, ઘરેણાં) :

૧૯૭૯માં કુટુંબદીઠ સરેરાશ ૫૭૦૩.૨ રૂપિયાની મિલકત હતી જે ૧૯૮૯માં ૫૪૩૮૭ રૂપિયાની મિલકત થવા પામી હતી. છેલ્લા વર્ષોની મોંઘવારી જોઈએ તો આ ૨૨ કુટુંબોની કુલ મિલકત કેટલી ઓછી ગણાય તે કલ્પી શકાય તેમ છે. કારણ કે આ મિલકત કેટલીક દેવું કરીને કરેલી અથવા બિન ઉપજાવવાળી પણ હતી. એટલે જ તો ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં મિલકતમાં વધારો થવા થતાં તેમને જીવનનિર્વાહ ગોઠવવા માટે મુશ્કેલી પડતી હશે.

(૭) તપાસના બધા કુટુંબો ખેતી કરે છે તેમ છતાં ખેતીના સાધનો ખૂબ ઓછા હતા, જેમ કે વાવણિયા, ગાડા, બળદ અને બીજા ઓજારો ઓછા જણાયા હતા. તેઓ એકબીજા સાધનોથી ક્યારેક ચલાવે છે.

(૮) ગામના અમુક કુટુંબોને કોઈને કોઈ મજૂરી કરવી પડે છે. તેમને આખુ વર્ષ કાયમ મજૂરી મળતી નથી. મજૂરીના દર પણ ૬થી૭ રૂપિયા જેટલા જ મળે છે.

(૯) ગામના ઘણા કુટુંબોની આવક તેમની કુટુંબ સંખ્યા જોઈએ તો ગરીબી રેખા નીચે આવે તેટલી છે. આવા કુટુંબોને ખેતમજૂરી કે બાંધકામ કે અન્ય મજૂરી સતત મળતી નથી.

(૧૦) આરોગ્ય અંગેનું ચિત્ર બહુ સારુ દેખાતું નથી. આ વિસ્તારમાં પૂરતા ખોરાકને અભાવે અને મેલેરીયાગ્રસ્ત પણ હોઈ આરોગ્ય સારુ રહેતું નથી ઉપરાંત આરોગ્ય સુવિધાઓનો અભાવ પણ ગામને છે.

(૧૧) સિંચાઈમાં કૂવા, તળાવ છે છતાં તળાવનું પાણી ધાર સિવાયના કેટલાક કુટુંબોને મળે છે. ધારમાં કૂવા છે પણ સિંચાઈના કામના નથી તેથી સિંચાઈની મુશ્કેલી પડે છે.

સૂચનો :-

૧૯૬૯માં રીંછડી ગામનો અભ્યાસ કરાયો હતો પરંતુ ૧૯૬૯ અને ૧૯૭૯નો અભ્યાસ અહેવાલ પુસ્તક સ્વરૂપે ૧૯૭૯માં કરાયો હતો તે પછી ૧૯૮૯માં આ ગામ અને તેમાં વસતા કુટુંબોમાં ક્યા ક્યા પાસાઓમાં કેટલું પરિવર્તન થયું તેને ખ્યાલમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અહેવાલના પ્રકરણ-૫માં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં ગામ અને તેમાં રહેતા કુટુંબોમાં કેવું પરિવર્તન આવ્યું છે તે બતાવ્યું છે જેનાથી ખ્યાલ આવશે કે પરિવર્તન ક્યાં કેવું શકય બન્યું છે. ગામની પાયાની સુવિધાઓમાં ઘણાભાગે ક્યાંક જ ફેરફારો નોંધાયા છે. લોકોના પહેરવેશ, ખોરાક, કામ કરવાની પધ્ધતિમાં ફેરફારો ક્યાંક જોવા મળે છે. શહેરીકરણ અને ઔધોગિકરણની અસરો દૂર ગામ હોવા છતાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારને કારણે જોઈ શકાય છે. તેમ છતાં અહીં વસતા આદિવાસી કુટુંબોની આર્થિક સ્થિતિમાં ઝાઝો ફેરફાર દેખાયો નથી. આ ગરીબોની ખેતીની સ્થિતિ સુધારવા યોજનાઓ હોવા છતાં તેમની ગરીબી ઘટવાને બદલે વધવા પામી છે. શિક્ષણ યથાસ્થાને છે અને સાથે અપવ્યય અને સ્થગિતતાની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. હજુ કેટલાય સામાજિક કુરિવાજો સાથે દારુ, બીડી જેવા વ્યસનો તેમનામાં છે. આ સાથે સરકારશ્રીની કેટલીક વિકાસની યોજનાઓ છતાં યોજનાકીય લાભ હજુ મળતા નથી, એવા દાખલા જોવા મળે છે. જેમને મળ્યા છે તેમને તેની પાછળ કંઈક ખર્ચ કે બીજું કરવું પડે છે. આ સંદર્ભમાં આ બધી બાબતોને નજરમાં રાખી વિકાસનો લાભ સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગોઠવાય તો ઘણા પ્રશ્નો ઉકેલવાની દિશામાં આગળ વધી શકાય તેમ છે.

તેમની સાથેની ચર્ચાઓ પરથી અભ્યાસના આધારે કેટલાક સૂચનો કર્યા છે.

(૧) જે કુટુંબો પાસે ખેતીની ટૂંકી જમીન છે, તેમને ખેતીમાં સીધી મદદ કરવી જોઈએ. તેમને કિટ્સ, દવાઓ, સાધનો (ઓઈલ એન્જિન, દવાના પંપ) અને જરૂર પડે પશુઓ માટેની મદદ સીધી જ થવી જોઈએ. ઘણાની જમીન ઢોળાવવાળી હોઈ તેમને પાળા બાંધવા માટે પણ સહાય કરવી જોઈએ કારણ કે તેમની આર્થિક સ્થિતિ જમીન સરખી કરવા માટેની નથી. સારું ઉત્પાદન લઈ શકે માટે રાયડા, ઘઉં જેવા અનુકૂળ પાકો માટે જરૂરી સહાય અને માર્ગદર્શન આપવા જોઈએ. કારણ કે અત્યારે ઘઉં, રાયડાની ખેતી કરવા તરફનું તેમનું વલણ વધ્યું છે.

(૨) જે કુટુંબો પાસે ટૂંકી જમીન છે, તેમને ઘણાને સિંચાઈની સુવિધા નથી. તેમને સિંચાઈના અભાવે માત્ર ચોમાસુ પાક ઉપર જ આધાર રાખવો પડે છે તેવા કુટુંબોને નજીકમાં તળાવ બને તેમ હોઈ ત્યાં બનાવી કે નવા કૂવા બનાવવાની સુવિધા ઉભી કરી આપવી જોઈએ.

(૩) ખેતી માટે ઓજારોની જરૂરિયાત ખૂબ રહે છે. આગળ જોયું તેમ કેટલાય કુટુંબો પાસે ખેતીવાડીના પૂરતા સાધન નથી. આવા કુટુંબો જેમની પાસે ખેતીના પૂરતા સાધનો નથી તેવા માટે અગ્રતાક્રમે જરૂરી સાધનો માટે લોન-સબસીડી પણ પૂરા પાડવા જોઈએ.

...ા ઘણા વર્ષોથી ખેતી સાથેના પૂરક વ્યવસાય તરીકે પશુપાલન (દૂધાળા ઢોર) રાખવા તરફનું વલણ દૂધમંડળીઓ દ્વારાથી વધ્યું છે. જેને કારણે ઘણા કુટુંબોને ખેતીની ઓછી આવક હોય ત્યારે ખૂબ સહારો પશુપાલનથી થયો છે. જો આવા ટૂંકી ખેતી ધરાવતા કુટુંબોને તેમને જરૂરી દૂધાળા પશુઓ આપી તેની માવજત અંગેની સમજ આપવામાં આવે તો આર્થિક રીતે તેમને કંઈક રાહત થાય સાથે દૂધ મંડળી ઊભી કરી તેમના માલનું યોગ્ય વળતર મળે તેમ કરાય તો તેમાં તેમનું શોષણ થતું અટકે.

(૫) ગામમાં કેટલાય કુટુંબોમાંથી આજે ખેતી સાથે ખેતમજૂરી, છૂટક મજૂરી ઘણા કરે છે. તેમને મજૂરી આખાય વર્ષ પૂરતી મળતી નથી. તો કાયમી મજૂરી મળી રહે તે માટેની વ્યવસ્થા કરાય તો તેમને ટેકો મળી રહે, આ વિસ્તારમાં કેટલીક જગ્યાએ અંબર ચરખા, સ્વેટર ભરવા વગેરે જેવા ગૃહઉદ્યોગો ચાલે છે જો અહીં કોઈ સંસ્થા દ્વારા આવી વસ્તુઓ અપાય તો ઘેર બેઠા રોજી તેમને મળી રહે.

(૬) ગામના જૂજ કુટુંબોમાંથી સીમેન્ટ ફેક્ટરી, આરસ ફેક્ટરી, ખાણમાં કામે જાય છે. તેવી જ રીતે અહીં કોઈ તાલીમ આપીને ગામ યુવકોને તૈયાર કરવામાં આવે તો સુથારી, દરજીકામ, હીરા ઘસવા, લુહારીકામ, લાઈટ ફીટીંગ, વેલ્ડીંગ કામ જેવા કામો કરી શકે તેમ છે.

(૭) શિક્ષણ લેવાના [illegible] ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં ખાસ કંઈ ફેરફાર થઈ નથી. બાળકોની સંખ્યા શાળાએ, આશ્રમ-શાળાએ નોંધાય છે પરંતુ હાજરી હોતી નથી. અપવ્યય-સ્થગિતતા જોવા મળે છે. જો કાળજી રાખી શિક્ષકો-વાલીઓ કામ લે તો સુધરી શકે તેમ છે. આ શિક્ષણ પાછળની બેદરકારી લાગતા-વળગતા અધિકારીઓએ ધ્યાન લઈને દૂર કરવી જોઈએ. તેને માટે કડક પગલાં લેવા પડે તો લેવા જોઈએ. તોજ કંઈક સુધારો થશે.

(૮) ગામમાં હજુ આરોગ્ય માટેની કોઈ સુવિધા નથી. આ વિસ્તારમાં ફરતુ આરોગ્ય કેન્દ્ર બનાવી સેવાઓ અપાય તો આ લોકોને પણ તેનો લાભ મળી શકે.

(૯) ગામમાં ઉનાળામાં ખાસ કરીને ઢોરોને પાણી પાવા માટે દૂર સુધી જવું પડે છે. ગામના વચ્ચેના ફળિયામાં એકાદ બે હોજ થોડી સહાયો કરી બનાવાય તો આ મુશ્કેલી કાયમને માટે દૂર થાય તેમ છે.

(૧૦) ગામમાં મકાનોની અનેક સમસ્યાઓ છે પરંતુ જે મકાનો છે તેની સમારકામની સગવડો ~~જો~~ કરાય તો કરવી જોઈએ. કારણ કે જંગલ સાફ થઈ જવાથી લાકડુ મળતું નથી. બજારમાંથી તેઓ લાવી શકે તેમ નથી. શકય હોય તો મકાન માટેની મળતી સહાયઓને ધોરણે તેમને મદદ કરવી જોઈએ.

(૧૧) ૧૯૬૯માં રસ્તો કાચો હતો. [illegible] મેટલ થયા છે જે આજ સુધી છે. તેમાં ગામથી મંદિર સુધી પાકો ડામર રોડ છે. જો ગામથી અંબાની કે કુંભા[illegible]નો રસ્તો ડામર રોડ બનાવી દેવાય તો ત્યાંથી રા[illegible] જ ભાગમાં જવાય તેમ છે જેથી બહારના સમાજના સંપર્ક વધારવા માટે આટલો રસ્તો બનાવી અપાય તો બહારની દુનિયાના સંપર્કથી જરૂર ફેરફારો થશે. તેનાથી નવા પરિવર્તનની દિશાઓ ખુલ્લી થશે એમાં શંકા નથી.

-o-o-o